શ્રાવકના

# પાક્ષિકાદિ અતિચાર

અર્થ સહિત

: પ્રકાશક :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા - ભાવનગર

શ્રાવકના

# પાક્ષિકાદિ અતિચાર

અર્થ સહિત

ઘણા પ્રયાસપૂર્વક અનુભવીઓને પૂછીને
તૈયાર કરનાર

શા. કુંવરજી આણંદજી

: પ્રકાશક :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

વીર સંવત ૨૫૩૮ • વિક્રમ સંવત ૨૦૬૮

શ્રાવકના પાક્ષિકાદિ અતિચાર
(અર્થ સહિત)

સંકલનકાર : પં. કુંવરજી આણંદજી

નકલ : ૧૦૦૦

કિંમત : ૩૦-૦૦

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

જૈન ધર્મ પ્રસારક સભા, ઊંડી વખાર,
ભાવનગર - ૩૬૪૦૦૧

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ.
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧

## પ્રથમ આવૃત્તિમાંથી ઉદ્ધૃત

## નિવેદન

ઘણા વખતથી અતિચારના અર્થથી અનભિજ્ઞ જૈન બંધુઓને જોઈને તેના અર્થ સમજાવવાની આવશ્યકતા જણાતી હતી, પરંતુ તેમાંના કેટલાક શબ્દોના અર્થો અનુભવીઓને પૂછવાની જરૂર હતી, તેથી બનતા પ્રયાસે આ અર્થ સહિત અતિચાર તૈયાર કરવામાં આવેલ છે. અતિચાર બોલવામાં પણ કેટલાંક વાક્યો ઓછાવત્તાં બોલાય છે ને કેટલાંક વાક્યો આઘાપાછાં-સંબંધ વિના બોલાય છે. તેમ ન થાય અને બધા એક સરખી રીતે જ બોલે તેટલા માટે આ પુસ્તકમાં મૂળ અતિચાર પણ, શબ્દરચનાનો બની શક્યો તેટલો નિર્ણય કરીને, આપવામાં આવ્યા છે. દરેક જૈનશાળામાં કે કન્યાશાળામાં અતિચાર આ પ્રમાણે જ કંઠે કરાવવામાં આવે અને યોગ્યતાને અનુસરીને અર્થ સમજાવવામાં આવે તો મારો આ અલ્પ પ્રયાસ સફળ થાય એમ હું માનું છું. ચોથા વ્રત સંબંધી અતિચાર શ્રાવક પ્રમાણે જ શ્રાવિકાઓ બોલે છે ને શીખે છે તે યોગ્ય લાગતું નહોતું, તેથી તેને માટે ખાસ અતિચાર નવા બનાવીને આ બુકમાં આપવામાં આવેલ છે. સ્ત્રીવર્ગે તે અતિચાર શીખવાની અને બોલવાની આવશ્યકતા છે.

આ અતિચારના અર્થ સંબંધી ખાસ હકીકત પ્રારંભની પ્રસ્તાવનામાં આપવામાં આવી છે તે અવશ્ય વાંચવી, તેમજ અનુક્રમણિકા જરા વિસ્તારથી લખી છે તે વાંચવી, જેથી અર્થની અંદર શું શું બાબતો સમાવેલી છે તે લક્ષમાં આવી શકશે. આ અર્થ લખવામાં કાંઈ સ્ખલના જણાય તો મને લખી મોકલવા તસ્દી લેવી. આટલું જણાવી આ નિવેદન સમાપ્ત કરવામાં આવે છે.

જ્યેષ્ઠ શુદિ-૨ — કુંવરજી આણંદજી

સં. ૧૯૯૧ — ભાવનગર

# અનુક્રમણિકા


❖ પ્રસ્તાવના ........................................ ૨૬
૧. પાંચે આચારનો ભેગો અતિચાર સાર્થ
અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર ................
૨. જ્ઞાનાચારના અતિચાર સાર્થ ........................ ૧૪
૩. દર્શનાચારના અતિચાર સાર્થ ........................ ૨૩
૪. ચારિત્રાચારના અતિચાર સાર્થ ........................ ૨૯
(સામાયિક-પૌષધ અવસરે લાગનારા)
૫. સમ્યક્ત્વ સંબંધી અતિચાર સાર્થ
મિથ્યાદષ્ટિનાં પર્વો-તિથિઓની ઓળખાણ ............ ૩૫
૬. પ્રથમ અણુવ્રતના અતિચાર સાર્થ ........................ ૪૨
૭. બીજા અણુવ્રતના અતિચાર સાર્થ
પાંચ મોટાં જૂઠ (અસત્ય)ની સમજણ ................ ૪૮
૮. ત્રીજા અણુવ્રતના અતિચાર સાર્થ ........................ ૫૨
૯. ચોથા અણુવ્રતના અતિચાર સાર્થ ........................ ૫૬
શ્રાવિકા યોગ્ય ચતુર્થ વ્રતાતિચાર સાર્થ ................ ૬૦
૧૦. પાંચમા અણુવ્રતના અતિચાર સાર્થ ........................ ૬૩
૧૧. પહેલા ગુણવ્રતના અતિચાર સાર્થ ........................ ૬૭
આને ગુણવ્રત કહેવાનું કારણ ........................ ૬૯
૧૨. બીજા ગુણવ્રતના અતિચાર સાર્થ ........................ ૭૦
ચૌદ નિયમ સંબંધી સમજણ ........................ ૭૩
બાવીશ અભક્ષ્યની સમજણ ........................ ૭૪
પંદર કર્માદાનોની સમજણ ........................ ૭૬

૧૩. ત્રીજા ગુણવ્રતના અતિચાર સાર્થ .................... ૭૯
ચાર પ્રકારના અનર્થદંડની સમજણ .................. ૮૦
આર્ત્તધ્યાન ને રૌદ્રધ્યાનના ૪-૪ પ્રકાર .............. ૮૨
અર્થદંડ ને અનર્થદંડની સમજણ ..................... ૮૪
સાતમા-આઠમા વ્રતને ગુણવ્રત કહેવાનું કારણ .......... ૮૫
૧૪. પહેલા શિક્ષાવ્રતના (૯મા વ્રતના) અતિચાર સાર્થ ....... ૮૬
૯માંથી ૧૨મા સુધી ચાર શિક્ષાવ્રત કહેવાનું કારણ ....... ૮૭
૧૫ બીજા શિક્ષાવ્રતના (૧૦મા વ્રતના) અતિચાર સાર્થ ...... ૮૯
૧૬. ત્રીજા શિક્ષાવ્રતના (૧૧મા વ્રતના) અતિચાર સાર્થ ...... ૯૧
ચાર પ્રકારના પૌષધની સમજણ ..................... ૯૪
૧૭. ચોથા શિક્ષાવ્રતના (૧૨મા વ્રતના) અતિચાર સાર્થ ....... ૯૫
૧૮. સંલેખણા સંબંધી અતિચાર સાર્થ ..................... ૯૮
સંલેખણાની સમજૂતી .............................. ૯૯
૧૯. તપાચાર પૈકી બાહ્ય તપાચારના છ ભેદના અતિચાર સાર્થ ૧૦૦
છ પ્રકારનાં બાહ્ય તપની સમજણ .................. ૧૦૨
૨૦. છ પ્રકારનાં અભ્યંતર તપના અતિચાર સાર્થ .......... ૧૦૩
છ પ્રકારનાં અભ્યંતર તપની સમજણ ............... ૧૦૫
ધર્મધ્યાનના ચાર પ્રકાર (પાયા) .................. ૧૦૬
૨૧. વીર્યાચાર સંબંધી ત્રણ અતિચાર સાર્થ ............... ૧૦૭
કુલ ૧૨૪ અતિચાર સંબંધી ગાથા ને અર્થ ............. ૧૦૯
૨૨. સર્વ સમાવેશ રૂપ ચાર પ્રકારના અતિચાર સાર્થ ....... ૧૧૦
પ્રાંતે કરેલ ઉપસંહાર. (એકંદર મિચ્છાદુક્કડં) ........ ૧૧૩
૨૩. પરિશિષ્ટ – અતિચારમાં આવતા અઘરા શબ્દોના અર્થ...૧૧૪

# શ્રાવકના પાક્ષિકાદિ અતિચાર

## અર્થ સહિત

## પ્રસ્તાવના

જેણે શ્રાવકયોગ્ય બાર વ્રત ગ્રહણ કર્યાં હોય તે જ ખરી રીતે શ્રાવક કહેવાય, બીજા સામાન્ય રીતે બાર વ્રત લેવાની ઈચ્છાવાળા જૈન બંધુઓને પણ શ્રાવક કહી શકાય. શ્રાવકને બાર વ્રતમાં જે કાંઈ અતિચાર એટલે દોષ લાગ્યા હોય તેના નિવારણ માટે ખાસ કરીને અતિચારને ઓળખવાની-સમજવાની જરૂર છે. તે સમજ્યા વિના આલોવી શકાય નહીં, તેથી તે વિસ્તારથી કહેવાની જરૂર છે, કે જે સાધન હાલના અતિચારે પૂરું પાડેલ છે. વ્રતોના અતિચાર જાણ્યા અગાઉ પાંચ આચાર જાણવાની અને તેના અતિચારો પણ સમજવાની જરૂર છે. વ્રતના અતિચારોનો ચારિત્રાચારના દેશવિરતિ વિભાગમાં સમાવેશ થતો હોવાથી પ્રથમ જ્ઞાનાચાર, દર્શનાચાર ને વિશિષ્ટ ચારિત્રાચારના અતિચારો કહી તે પછી શ્રાવકના બાર વ્રતના અતિચાર કહેવામાં આવ્યા છે. તેના પ્રારંભમાં મૂળ વિના વૃક્ષ ટકી શકે નહીં તેટલા માટે વ્રતોના

મૂળરૂપ સમ્યક્ત્વના પાંચ અતિચારો કહેવામાં આવ્યા છે. ત્યારપછી બાર વ્રતના અતિચારો સવિસ્તર કહેલા છે.

વ્રતોના અતિચાર પછી શ્રાવકોએ તેમજ સાધુઓએ અંત સમયે અવશ્ય કરવાની સંલેખણાના પાંચ અતિચારો કહીને ત્યારપછી બાકી રહેલા તપાચારના તથા વીર્યાચારના અતિચાર કહ્યા છે. તપાચારના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ હોવાથી તેના બે અતિચાર જુદા જુદા કહ્યા છે. છેવટે સર્વ અતિચારોનો સરવાળો કરવા રૂપ એક ગાથા કહીને पडिसिद्धाणं करणे० એ શ્રાવક-પ્રતિક્રમણસૂત્ર(વંદિત્તા)માં કહેલી ૪૮મી ગાથાના પ્રથમ પદ વડે શ્રાવકનાં વ્રત ન ગ્રહણ કર્યાં હોય તેને માટે પણ પ્રતિક્રમણની તેમજ અતિચાર આલોવવાની જરૂર છે એમ સૂચવીને ચાર પ્રકારની આલોચના કહી છે.

આ રીતે એકંદર પંચાચારસૂચક ૧, જ્ઞાનાચાર, દર્શનાચાર ને ચારિત્રાચારના ૩, સમ્યકત્વ સંબંધી ૧, બારવ્રત સંબંધી ૧૨, સંલેખણા સંબંધી ૧, તપાચારના ૨, વીર્યાચારનો ૧ અને વ્રત વિનાના શ્રાવકો માટે ૧ – કુલ ૨૨ અતિચાર જુદા જુદા વિભાગે કહ્યા છે. તેમાં ભાષા જૂની ગુજરાતી વાપરેલી હોવાથી તેમજ અમુક દેશમાં જ પ્રચલિત એવા કેટલાંક શબ્દો ને વાક્યો વાપરેલાં હોવાથી તેના અર્થ પ્રચલિત ગુજરાતી ભાષામાં સમજાવવાની જરૂર જાણીને મારા જેવા મંદમતિને માટે અર્થનો અર્થ લખવાનો આ સામાન્ય

પ્રયત્ન કર્યો છે; કારણ કે અતિચાર ગુજરાતી ભાષામાં હોવાથી તે ખરી રીતે અર્થસ્વરૂપ જ છે.

પ્રથમના પાંચ આચાર સંબંધી આચારના અતિચારમાં અને ત્યારપછી કહેલા ૩ આચારના અતિચારમાં તે સંબંધી આખી આખી ગાથા કહી છે અને પછી તપાચારના બે અને વીર્યાચારના ૧ અતિચારમાં તેની ગાથાઓનું એકેક પદ જ કહ્યું છે. આ ગાથાઓમાં તે તે આચારના ૮-૮-૮-૧૨(૬-૬) અને ૩ ભેદ છે તે નામ સાથે બતાવ્યા છે. ભણનારાઓ આ ગાથાઓને અતિચારની આઠ ગાથા કહે છે પણ તે ગાથાઓ અતિચારની નહી પણ આચારની છે. આચારથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી તે અતિચાર છે, એમ ઉપરથી સમજવાનું છે.

દર્શનાચાર ને સમ્યક્ત્વ એ બંને તાત્ત્વિક રીતે એક જ છે; પરંતુ દર્શનાચારના અતિચારમાં સમ્યક્ત્વને અંગે સમ્યક્ત્વીએ કરવી જોઈતી પ્રવૃત્તિથી વિરુદ્ધ પ્રવૃત્તિઓ અતિચાર રૂપે બતાવેલી છે અને સમ્યક્ત્વના અતિચારમાં તો ખાસ સમ્યકત્વમાં જ લાગે એવાં પાંચ દૂષણો બતાવ્યાં છે. આ કારણથી તે બે અતિચાર જુદા કહ્યા છે.

પાંચે આચારના અતિચાર તો શ્રાવક ને સાધુઓ માટે સરખા જ હોય છે, પરંતુ તેમાંથી ૩ આચારને લગતા અતિચાર સાધુ-અતિચારમાં પણ શ્રાવક પ્રમાણે જ

આપેલા છે. પાછલા બે આચારના અતિચાર શ્રાવકના અતિચારમાં જ આપેલા છે પરંતુ તે અતિચારો સાધુએ પણ સમજીને આલોવવા યોગ્ય છે.

પ્રાંતે ઉપસંહારમાં સાધુ હોય તો સાધુ, સાધુ-શ્રાવક બંનેને માટે કહે છે; અને માત્ર શ્રાવક જ પ્રતિક્રમણ કરતા હોય તો શ્રાવકના અંગનું વાક્ય શ્રાવક જ કહે છે. (એવંકારે૦ ઇત્યાદિ)

આ અતિચાર પાક્ષિક, ચૌમાસિક ને સાંવત્સરિક ત્રણે પ્રકારના પ્રતિક્રમણમાં કહેવાય છે પરંતુ તેમાં છેલ્લો શબ્દ બદલવામાં આવે છે. પાક્ષિકને બદલે ચૌમાસિક અથવા સાંવત્સરિક શબ્દ બોલે છે અને તેટલા કાળને લગતા અતિચારો લાગ્યા હોય તે આલોવીને મિચ્છા દુક્કડં આપે છે.

આટલી પ્રસ્તાવના કરીને હવે અતિચારની શરૂઆત કરવામાં આવે છે.

## પુનઃ પ્રકાશન વેળાએ

આશરે ૭૮ વર્ષો અગાઉ, વિ.સં. ૧૯૯૧માં, ભાવનગરના શ્રાવકરત્ન પંડિતવર્ય શ્રીકુંવરજી આણંદજીએ 'પાક્ષિક અતિચાર'નું આ સાર્થ પુસ્તક તૈયાર કર્યું હતું, જે જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને ઘણું ઉપકારક બન્યું હતું..

તે પુસ્તક વર્ષોથી અપ્રાપ્ય હતું. તેથી તેનું ફરીથી પ્રકાશન થાય તો તે આજે પણ ખૂબ ઉપયોગી અને ઉપકારક બને તેની ખાતરી છે. તેથી જ તેનું આ પુનઃ પ્રકાશન કરવામાં આવ્યું છે.

પ.પૂ. પરમગુરુદેવ મુનિરાજ શ્રીવૃદ્ધિવિજયજી (વૃદ્ધિચંદ્રજી) મહારાજની તેમજ તેમના શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસપ્રવર શ્રીગંભીરવિજયજી ગણિવરની પ્રેરણાથી સ્થપાયેલ 'શ્રીજૈન ધર્મ પ્રસારક સભા' દ્વારા સેંકડો ગ્રંથો, મૂળ રૂપમાં તેમજ ભાષાંતર આદિ રૂપે, પ્રકાશિત થયેલા છે. સભાનાં તેમજ ગ્રંથપ્રકાશનનાં સઘળાંય કાર્યોના પ્રાણ પંડિત કુંવરજીભાઈ હતા. પ્રસ્તુત પુસ્તક પણ સભા તરફથી જ પ્રગટ થયું હતું અને આજે પણ સભા દ્વારા જ પ્રગટ થાય છે, તે વાત અત્યંત આનંદવર્ધક છે.

સંવત ૨૦૬૮ના વર્ષે ભાવનગરમાં ચાતુર્માસાર્થે બિરાજમાન, બાલબ્રહ્મચારી પરમપૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ.પૂ. આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આ. શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી મ. ને અમોએ વિનંતિ કરી કે આવાં ઉપયોગી પુસ્તકો સૂચવો તો સભા તેનું પ્રકાશન કરશે. ત્યારે તેમણે સર્વપ્રથમ આ પુસ્તકનું સૂચન કર્યું. સાથે જ તેના પ્રકાશનને લગતી પ્રૂફવાચન વગેરેની જવાબદારી પણ સ્વીકારી. તેથી આ પુસ્તક આજે પુનઃ પ્રકાશિત થઈ રહ્યું છે. પાક્ષિક અતિચારમાં આવતા કેટલાક કઠિન શબ્દોના અર્થ, જૈન સાહિત્ય વિકાસ મંડળ - મુંબઈ તરફથી છપાયેલ પ્રતિક્રમણસૂત્ર - પ્રબોધટીકામાં હોવાથી તે તેમાંથી યથાવત્ અત્રે સાભાર ઉદ્ધૃત કરીને પરિશિષ્ટરૂપે મૂકવામાં આવેલ છે.

અતિચાર વિષે કેટલીક સમજવા યોગ્ય વાતો પંડિતશ્રીએ લખી છે, જે મનન કરવાલાયક છે. આમ છતાં, આજે દેશ અને કાળમાં કલ્પનાતીત પરિવર્તન આવ્યું છે. ઘણીબધી બાબતો એવી છે જે આ અતિચારમાં નોંધાઈ છે પરંતુ વર્તમાનમાં તે આપણા વ્યવહારમાં અથવા આચરણમાં જોવા મળતી નથી. તો અનેક અનેક બાબતો એવી છે કે જે વ્યવહારમાં વર્તમાન સમયમાં પ્રચલિત છે પરંતુ અતિચારમાં તે વિષયનો કોઈ નિર્દેશ નથી. આ બાબત પર ગીતાર્થ ભગવંતોએ ગંભીરતાથી વિચાર કરવા જેવો છે તેમ અમારી અલ્પ મતિથી વિચારતાં લાગે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે, કેટલાક શબ્દોના અર્થ પાછળ આપ્યા હોવા છતાં, અતિચારના આલાવાઓમાં પ્રયોજાયેલ મારવાડી-મિશ્રિત જૂની ગુજરાતી ભાષાના અનેક શબ્દો તથા વાક્યોના અર્થ વર્તમાનકાળના સંદર્ભમાં સ્પષ્ટ થાય તે જરૂરી છે. પ્રસ્તુત પુસ્તક તેવી સ્પષ્ટતા કરવામાં થોડુંક પણ ઉપયોગી થશે તો આ પ્રકાશનનો શ્રમ સાર્થક ઠરશે.

આ પ્રકાશનમાં અ.સૌ. શ્રીમધુકાન્તાબહેન નગીનદાસ ડાયાલાલ કનાડિયા (ભાવનગર)એ સંપૂર્ણ આર્થિક લાભ લીધો છે તે બદલ સભાવતી તેમનો આભાર માનીએ છીએ. કિરીટ ગ્રાફિક્સ - (અમદાવાદ) એ બહુ ઝડપથી આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

સં. ૨૦૬૮
દીવાળી પર્વ

લી.
**જૈન ધર્મ પ્રસારક સભા**
ભાવનગરના કાર્યવાહકો

આર્થિક સૌજન્ય

**શ્રીમતી મધુકાન્તાબેન નગીનદાસ**
**ડાયાલાલ કનાડિયા**
(ભાવનગર)

# ૧. પ્રથમ અતિચાર

નાણંમિ દંસણંમિ અ,
ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ;
આયરણં આયારો,
ઈય એસો પંચહા ભણિઓ. ૧

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિહું મને, વચને, કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## પ્રથમ અતિચારના અર્થ

ગાથાર્થ : 'જ્ઞાનને વિષે, દર્શન(સમ્યક્ત્વ)ને વિષે, ચારિત્રને વિષે, તપને વિષે અને વીર્યને વિષે જે આચરણા કરવી - પ્રવૃત્તિ કરવી તે આચાર કહીએ તે યથોક્ત રીતે પાંચ પ્રકારે કહેલ છે.'

(૧) જ્ઞાન સંબંધી આચરણ એટલે જ્ઞાનપ્રાપ્તિ થાય, તેમાં વિઘ્ન ન આવે, વિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય તેમ વર્તવું તે. (૨) દર્શન એટલે સમ્યક્ત્વ. તે સંબંધી આચરણ એટલે સમ્યક્ત્વમાં દૂષણ ન લાગે, તેની પુષ્ટિ થાય, સમ્યક્ત્વ ઉજ્જવળ થાય તેવી પ્રવૃત્તિ કરવી તે. (૩) ચારિત્ર બે પ્રકારે - દેશવિરતિ ને સર્વવિરતિ. તે બંને પ્રકારનાં ચારિત્રમાં દૂષણ ન લાગે, તેની પુષ્ટિ થાય, તેનું રક્ષણ થાય એવી આચરણા કરવી તે. (૪) તપાચારના બે ભેદ - બાહ્ય ને અભ્યંતર. એ બંનેના છ-છ ભેદ છે. તદ્રૂપ આચારમાં જે પ્રવૃત્તિ કરવી, તેને આચરવા, વર્તનમાં મૂકવા, ત્યાગભાવમાં-સમભાવમાં વૃદ્ધિ કરવી, યાવત્ શુભ ધ્યાન ધ્યાવું વિગેરે આચરણા તે. (૫) વીર્યાચારના મુખ્ય ત્રણ પ્રકાર છે. મન સંબંધી, વચન સંબંધી અને કાયા સંબંધી - એ ત્રણે પ્રકારના વીર્યમાંથી જે જે પ્રકારનું વીર્ય (વીર્યાંતરાયના ક્ષયોપશમ વડે) પ્રાપ્ત થયેલ હોય તેને આત્મહિતકારક શુભ કરણીમાં ફોરવવું-ગોપવવું નહીં તેમજ અશુભ કરણીમાં - પાપનો બંધ કરાવનારી કરણીમાં ન ફોરવવું તે.

આ પ્રમાણેના પાંચે આચારમાં (ઓઘે) તે તે પ્રમાણે પ્રવૃત્તિ ન કરવાથી અથવા વિપરીત પ્રવૃત્તિ કરવાથી જે કાંઈ અતિચાર સૂક્ષ્મ એટલે નાનો અને બાદર એટલે મોટો જાણતાં અથવા અજાણતાં લાગ્યો હોય તે સર્વેને માટે મન, વચન, કાયાએ કરીને મને લાગેલ દુક્કડ(દુષ્કૃત્ય-પાપ) મિથ્યા થાઓ - ફળ આપનાર ન થાઓ. નાશ પામી જાઓ.

અહીં અતિચાર શું ? તે સમજવા માટે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર ને અનાચાર એ ચાર પ્રકારો સમજવાની જરૂર છે, તે આ પ્રમાણે –

૧. **અતિક્રમ :** કોઈપણ ગ્રહણ કરેલાં વ્રત-નિયમમાં કે પચ્ચખ્ખાણમાં તેનો ભંગ કરવાની - દોષ લગાડવાની ઈચ્છા થવી તે અતિક્રમ.

૨. **વ્યતિક્રમ :** થયેલી ઈચ્છાનુસાર પ્રવૃત્તિ કરવાની શરૂઆત કરવી તે વ્યતિક્રમ.

૩. **અતિચાર :** લીધેલા નિયમાદિકનો અમુક અંશે કરેલ ભંગ, અથવા તો દ્રવ્યથી ભંગ અને ભાવથી અભંગ એવી સ્થિતિ તે અતિચાર.

૪. **અનાચાર :** લીધેલ વ્રત, નિયમ, પ્રતિજ્ઞા કે પ્રત્યાખ્યાનથી ઉલટું વર્તન કરવું - લીધેલ વ્રતાદિનો ઈરાદાપૂર્વક ભંગ કરવો તે અનાચાર.

## ૨. જ્ઞાનાચાર સંબંધી અતિચાર

તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર –
કાલે વિણએ બહુમાણે,
ઉવહાણે તહ અનિન્હવણે;
વંજણ અત્થ તદુભએ,
અટ્ઠવિહો નાણમાયારો. ૨

જ્ઞાન કાળવેળાએ ભણ્યો ગણ્યો નહીં, અકાળે ભણ્યો. વિનયહીન, બહુમાનહીન, યોગ-ઉપધાનહીન ભણ્યો. અનેરા કન્હે ભણી અનેરો ગુરુ કહ્યો. દેવ-ગુરુવાંદણે, પડિક્કમણે, સજ્ઝાય કરતાં ગણતાં ભણતાં કૂડો અક્ષર કાને માત્રાએ અધિકો ઓછો ભણ્યો. સૂત્ર કૂડું કહ્યું, અર્થ કૂડો કહ્યો, તદુભય કૂડાં કહ્યાં. ભણીને વિસાર્યાં. સાધુતણે ધર્મે કાજો અણઉદ્ધર્યે, ડાંડો અણપડિલેહ્યે, વસતિ અણશોધ્યે, અણપવેસે, અસજ્ઝાય અણોજ્ઝાયમાંહે શ્રીદશવૈકાલિક-સ્થવિરાવળી પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગુણ્યો. શ્રાવકતણે ધર્મે પડિક્કમણા-ઉપદેશમાળા પ્રમુખ ભણ્યો ગુણ્યો. કાળવેળાએ

કાજો અણઉદ્ધર્યે પઢ્યો. જ્ઞાનોપગરણ - પાટી, પોથી, ઠવણી, કવળી, નવકારવાળી, સાપડા-સાપડી, દસ્તરી, વહી, ઓળિયા પ્રત્યે પગ લાગ્યો, થૂંક લાગ્યું, થૂંકે કરી અક્ષર માંજ્યો. ઓશિસે ધર્યો, કન્હે છતાં આહાર-નિહાર કીધો. જ્ઞાનદ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી. પ્રજ્ઞાપરાધે વિણાશ્યો. વિણસતાં ઉવેખ્યો. છતી શક્તિએ સાર-સંભાળ ન કીધી. જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ-મત્સર ચિંતવ્યો, અવજ્ઞા-આશાતના કીધી. કોઈ પ્રત્યે ભણતાં ગણતાં અંતરાય કીધો. આપણા જાણપણાતણો ગર્વ ચિંતવ્યો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન એ પંચવિધ જ્ઞાનતણી અસદહણા કીધી, અન્યથા પ્રરૂપણા કીધી. કોઈ તોતડો બોબડો દેખી હસ્યો, વિતર્ક્યો. જ્ઞાનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષદિવસમાંહિ સૂક્ષ્મ-બાદર, જાણતાં-અજાણતાં હુઓ હોય તે સવિહું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. ૨

## જ્ઞાનાચાર સંબંધી અતિચારના અર્થ

**ગાથાર્થ :** જ્ઞાન યોગ્ય કાળે (સમયે) ભણવું ૧, વિનયપૂર્વક ભણવું ૨, બહુમાનપૂર્વક ભણવું ૩, ઉપધાન વહીને ભણવું ૪, ગુરુને ઓળવવા નહીં ૫, અને શુદ્ધ વ્યંજન, અર્થ ને

તદુભયપૂર્વક ભણવું ૬-૭-૮. આ આઠ જ્ઞાનાચાર સંબંધી આચાર (ભેદ) છે.

હવે ઉપર જણાવેલા આચારપૂર્વક ન ભણતાં તેથી વિરુદ્ધ વર્તન કર્યું હોય તે અતિચાર રૂપે દર્શાવે છે. ૧. જ્ઞાન યોગ્ય કાળે ન ભણ્યો, પણ અકાળે ભણ્યો તે પ્રથમ અતિચાર. ૨. ભણાવનાર - માસ્તર, પંડિત, ગુરુ વિગેરે જે હોય તેનો વિનય કર્યા વિના, મુનિ હોય તો ખમાસમણાદિવડે વંદના કર્યા વિના, શ્રાવક હોય તો પ્રણામાદિવડે વિનય કર્યા વિના ભણ્યો એ બીજો અતિચાર. ૩. ભણાવનાર પ્રત્યેના બહુમાન વિના ભણ્યો. હૃદયનો પ્રેમ તે બહુમાન કહેવાય છે. એવા બહુમાન સાથે ભણવું જોઈએ. તે વિના ભણ્યો એ ત્રીજો અતિચાર. ૪. મુનિ માટે યોગ વહ્યા વિના અને શ્રાવક માટે ઉપધાન વહ્યા વિના ભણ્યો (જે જે સૂત્રોના યોગ વહેવાનું વિધાન છે તે વહ્યા વિના તેમજ જે જે આવશ્યકનાં સૂત્રો નવકાર વિગેરેનાં[1] ઉપધાન શ્રાવકે વહેવાનું કહ્યું છે તે વહ્યાં વિના ભણવું) તે ચોથો અતિચાર. ૫. જેની પાસે પોતે ભણેલ હોય તેનું નામ ન લેતાં બીજા વિશેષ વિદ્વાનનું નામ લેવું કે જેથી પોતાનું મહત્ત્વ વધે તે ગુરુનો નિહ્નવ કર્યો કહેવાય, તેમ કરવું તે પાંચમો

---

૧. ઉપધાન વહ્યા અગાઉ તે તે સૂત્રો શીખાય છે, પણ પછી જેમ મંત્રનું આરાધન તેના કલ્પાનુસાર કરવું પડે છે તેમ ઉપધાન વહીને તે સૂત્ર ભણવા-ભણાવવાની યોગ્યતા મેળવવાની છે.

અતિચાર. ૬-૭-૮ સૂત્ર. અર્થ ને તદુભય એટલે તે બંને વાનાં અશુદ્ધ બોલવા તે છઠ્ઠો, સાતમો ને આઠમો અતિચાર.

આ પ્રમાણે આઠ અતિચાર કહ્યા પછી પ્રસંગોપાત્ત જ્ઞાનાચારને લગતા જ જે જે દોષો લગાડવામાં આવ્યા હોય તે કહે છે. ભણીને વિસાર્યા એટલે ભણીને ભૂલી જવું, તે પણ અતિચાર દોષ છે, તે ભણેલ વસ્તુ પ્રત્યેનો અનાદર સૂચવે છે, આદરવાળી વસ્તુ ભૂલાતી નથી. ત્યારપછી સાધુને ધર્મે કાજો અણઉદ્ધર્યે, ડાંડો અણપડિલેહ્યે, વસતિ અણશોધ્યે, અણપવેસે, અસજ્ઝાય અણોજ્ઝાયમાં દશવૈકાલિકાદિ ભણવું તે અતિચાર છે. યોગવહન કરીને સૂત્રાભ્યાસ કરનારે એ બધાં વાનાં કર્યાં પછી જ સૂત્ર ભણાય છે. કાજો કાઢી, વિધિપૂર્વક પરઠવી, ડાંડાની પડિલેહણા કરી, વસતિ - આજુબાજુની અમુક (૧૦૦) હસ્તપ્રમાણ ભૂમિ શોધી - તેમાં કાંઈ અપવિત્ર વસ્તુ - લોહી, અસ્થિ, **પંચેન્દ્રિયનું** મૃતક વિગેરે પડેલ નથી તેની તપાસ કરીને, અશુચિ હોય તો તેનું નિવારણ કરીને પછી ભણવું જોઈએ; તેમ ન કર્યું અર્થાત્ અસ્વાધ્યાય જેવી કે અનધ્યાય જેવી સ્થિતિમાં તેવે વખતે ભણ્યો તેથી અતિચાર લાગ્યો હોય તે.

શ્રાવકને ધર્મે ઉપધાન કહેતાં જે જે ક્રિયા કરવાની હોય તે કર્યા વિના વાચના લે તો દોષ લાગે, તેમજ અસ્વાધ્યાય કે અનધ્યાયવાળી સ્થિતિમાં કે તેવા કાળમાં ભણી શકાય નહીં,

છતાં ભણે તો અતિચાર લાગે. કાળવેળાએ કાજો લીધા પછી જ મુનિથી ભણાય, તેમ કર્યા વિના ભણે તો અતિચાર લાગે. ત્યારપછી જ્ઞાનનાં ઉપકરણો જણાવ્યા છે, તે ઉપકરણોને પગ લગાડાય નહીં, પુસ્તકાદિ ઉપર થૂંક ઊડે તેમ બોલાય નહીં, થૂંકવડે અક્ષર ભુંસાય નહીં. જો તેમ કરે તો દોષ લાગે. પુસ્તકને ઓશિકા નીચે મૂકે અથવા તેની ઉપર માથું રાખે, તેમજ જ્ઞાન (પુસ્તક, ચોપડી, છાપેલ કે લખેલ કાગળ વિગેરે) તથા જ્ઞાનનાં ઉપકરણ પાસે હોય છતાં આહાર કરે (જમે) અથવા નિહાર (લઘુનીતિ, વડીનીતિ) કરે તો પણ અતિચાર લાગે. જ્ઞાનનાં ઉપકરણોમાં ન સમજી શકાય તેવી કેટલીક વસ્તુઓ છે તેના અર્થ આ પ્રમાણે - પાટી - અક્ષર લખવાની. પોથી - વાંચવાની ચોપડી, પાનાં, પ્રત વિગેરે. ઠવણી - સાધુ સ્થાપનાચાર્ય મૂકે છે તે. કવળી - પોથી ફરતી વીંટવાની વાંસની સળીઓને કપડાથી મઢેલી હોય છે તે. નવકારવાળી પ્રસિદ્ધ છે. સાપડો મોટો, સાપડી નાની. દસ્તરી - કાગળોની ફાઈલ. વહી - ચોપડા. ઓળિયા - ઉઘરાણી વિગેરેના લાંબા કાગળો લખેલા હોય તે. તેની આશાતના ન કરવી.

હવે જ્ઞાનદ્રવ્યને અંગે અતિચાર કેવી રીતે લાગે તે કહે છે - જ્ઞાનદ્રવ્ય પોતે તો ન જ ખાય પણ કોઈ ખાતો હોય - બગાડતો હોય તેની છતી શક્તિએ ઉપેક્ષા કરે તો દોષ લાગે. પ્રજ્ઞાપરાધ એટલે બુદ્ધિની વિપર્યયતા થવાથી પોતે જ્ઞાનદ્રવ્યનો વિનાશ કર્યો, અથવા તેવા જ કારણે અન્યની ઉપેક્ષા કરી,

છતી શક્તિએ જ્ઞાનદ્રવ્યની સંભાળ ન કરી. કોઈ જ્ઞાનવંતની અવજ્ઞા-આશાતના-અપમાન-નિંદા કરી, તેની ઉપર દ્વેષ રાખ્યો, તેની અદેખાઈ(ઈર્ષા) કરી, અસહનશીલતા દાખવી. અન્ય કોઈને ભણવા - ગણવામાં સહાય કરવાને બદલે ઊલટો અંતરાય કર્યો. પોતે થોડો ઘણો અભ્યાસ કર્યો હોય તો તે સંબંધી અભિમાન કર્યું. પાંચ જ્ઞાન સંબંધી શાસ્ત્રમાં જે કાંઈ વર્ણન આવે છે તે સદહ્યું નહીં, તેમાં કહ્યા કરતાં વિપરીત પ્રરૂપણા કરી, તે એ રીતે કે "શાસ્ત્રમાં તો આમ કહ્યું છે પણ મને તે ઠીક લાગતું નથી, તે આ પ્રમાણે જોઈએ." આ પણ એક જાતનો જ્ઞાનીનો અનાદર-અવિશ્વાસ છે. કોઈને તોતડો કે બોબડો જોઈને તેની હાંસી કરી - મશ્કરી કરી, તેને માટે ખોટા ખોટા તર્કો કર્યા. ઈત્યાદિ અનેક પ્રકારે જ્ઞાનાચારને લગતા જે કોઈ દોષ લગાડ્યા હોય તે સંબંધી લાગેલ પાપ - થયેલ કર્મબંધને માટે મન - વચન - કાયાથી મિચ્છા દુક્કડં આપું છું.

**ઈતિ જ્ઞાનાચાર સંબંધી અતિચારાર્થ.**

## ૩. દર્શનાચાર સંબંધી અતિચાર

ત્રીજે દર્શનાચારે આઠ અતિચાર –

**નિસ્સંકિય, નિક્કંખિય,**
**નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ;**
**ઉવવૂહ થિરીકરણે,**
**વચ્છલ્લ પભાવણે અટ્ઠ. ૩**

દેવગુરુધર્મતણે વિષે નિઃશંકપણું ન કીધું, તથા એકાંત નિશ્ચય ન કીધો. ધર્મસંબંધી ફળતણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહી. સાધુસાધ્વીનાં મલમલિન ગાત્ર દેખી દુગંચ્છા નિપજાવી. કુચારિત્રીઆ દેખી ચારિત્રીઆ ઉપર અભાવ હુઓ. મિથ્યાત્વીતણી પૂજા-પ્રભાવના દેખી મૂઢદષ્ટિપણું કીધું. તથા સંઘમાંહે ગુણવંતતણી અનુપબૃંહણા કીધી. અસ્થિરીકરણ, અવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ નીપજાવી. અબહુમાન કીધું. સાધર્મિકશું કલહ-કર્મબંધ કીધો. તથા જૈન શાસનની યથાશક્તિ પ્રભાવના (ઉન્નતિ) ન

કરી[1]. તથા દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય ભક્ષિત, ઉપેક્ષિત, પ્રજ્ઞાપરાધે વિણાશ્યું, વિણસતાં ઉવેખ્યું. છતી શક્તિએ સારસંભાળ ન કીધી. તથા અધોતી, અષ્ટપડ મુખકોશ પાખે દેવપૂજા કીધી. બિંબપ્રત્યે વાસકુંપી, ધૂપધાણું, કળશતણો ઠબકો લાગ્યો. બિંબ હાથથકી પાડ્યું. ઊસાસનિસાસ લાગ્યો. દેહરે ઉપાશ્રયે મળ-શ્લેષ્માદિક લોહ્યું. દેહરામાંહે હાસ્ય, ખેલ, કેલિ, કુતૂહળ, આહાર-નિહાર કીધાં. પાન સોપારી નિવેદીઆં ખાધાં. ઠવણાયરિય હાથથકી પાડ્યા, પડિલેહવા વિસાર્યા. જિનભુવને ચોરાશી આશાતના, ગુરુ-ગુરુણી પ્રત્યે તેત્રીશ આશાતના કીધી. ગુરુ-વચન તહત્તિ કરી પડિવજ્યું નહીં. દર્શનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષદિવસમાંહિ૦ બાકી પૂર્વવત્.

ઈતિ દર્શનાચારાતિચાર.

## દર્શનાચારના અતિચારના અર્થ

### દર્શનાચાર સંબંધી આઠ અતિચાર છે.

ગાથાર્થ : ૧. જિનવચનમાં નિઃશંક રહેવું. ૨. અન્યદર્શનોની આકાંક્ષા(ઇચ્છા)રહિત થવું. ૩. ધર્મસંબંધી ફળ

૧. આ પ્રભાવના સંબંધી વાક્ય રહી ગયેલ જણાવાથી ઉમેર્યું છે.

માટે નિઃસંદેહ થવું. ૪. અન્યમતની પૂજા પ્રભાવના દેખી મૂઢ ન બનવું. ૫. સાધર્મી બંધુઓની પ્રશંસા કરવી. ૬. ધર્મબંધુઓને ધર્મમાં સ્થિર કરવા, ૭. સાધર્મિકનું વાત્સલ્ય કરવું અને ૮. ધર્મની પ્રભાવના કરવી.

હવે આ આઠ આચારને અંગે લાગેલા અતિચારો સમજાવે છે. દેવગુરુધર્મ સંબંધી સારી રીતે સમજણ મેળવીને નિઃશંક થવું જોઈએ, તેવા ન થયા. એકાંત નિશ્ચય ન કર્યો કે જૈનમત સિવાય અન્ય મતો રાગી-દ્વેષી દેવાદિકને માનનારા હોવાથી તે સ્વીકાર કરવા યોગ્ય નથી. ધર્મસંબંધી ફળ પ્રાપ્ત થશે કે નહીં? તેવી શંકા કરી. સાધુ-સાધ્વીનાં મળથી મલિન શરીર તથા વસ્ત્રાદિ જોઈને મનમાં દુગંચ્છા કરી કે 'આ સાધુ-સાધ્વીઓ આવા મલિન કેમ રહેતા હશે ? સ્નાનાદિવડે કેમ શુદ્ધ થતા નહીં હોય ?' પરંતુ સાધુ-સાધ્વીનાં મલમલિન ગાત્રાદિક શોભારૂપ છે, દુગંચ્છા કરવા લાયક નથી; કારણ કે જળસ્નાનાદિ તેમને સર્વથા વર્જ્ય છે. કુચારિત્રીઓને દેખીને શુદ્ધ ચારિત્રી ઉપર ભાવ લાવવો જોઈએ તેને બદલે મૂર્ખતાને લીધે અભાવ આવ્યો. એનો પણ ત્રીજા અતિચારમાં સમાવેશ છે. મિથ્યાત્વીની - તેના ધર્મગુરુ વિગેરેની પૂજા-પ્રભાવના-ઉન્નતિ થતી દેખી મનમાં મૂંઝાવું જોઈએ નહીં, કારણ કે એમાં કાંઈ આશ્ચર્ય નથી. પ્રાયે અનેક જીવો તો મિથ્યાત્વપ્રિય જ હોય છે. આમ જાણતાં છતાં મૂંઝાણા. સંઘમાં કોઈ ગુણવંત હોય તો તેને દેખીને રાજી થવું જોઈએ, તેની

પ્રશંસા કરવી જોઈએ, તેનું બહુમાન કરવું જોઈએ, તેમ ન કરતાં ઊલટી નિંદા કરી. અન્ય ધર્મબંધુઓને ધર્મમાં સ્થિર કરવા જોઈએ, તેને બદલે અસ્થિર થાય તેમ કર્યું. ધર્મબંધુનું વાત્સલ્ય - તેમના પ્રત્યે પ્રેમભાવ બતાવવાવડે તેમજ તેમને યોગ્ય સહાય આપવાવડે ન કર્યું. તેમની સાથે અપ્રીતિ કરી, તેમનું અબહુમાન કર્યું. (હલકા પાડ્યા), ભક્તિ કરવાને બદલે અભક્તિ કરી તેમજ સાધર્મિક સાથે કલહ (ક્લેશ) કરી કર્મબંધ કર્યો. જૈનશાસનની યથાશક્તિ પ્રભાવના (ઉન્નતિ) કરવી જોઈએ તે ન કરી. (આ આઠમા આચાર સંબંધી દોષનું વાક્ય જૂના અતિચારમાં રહી ગયેલ જણાવાથી ઉમેર્યું છે.)

હવે આઠ પ્રકારના આચાર સંબંધી અતિચાર ઉપરાંત બીજા પણ દર્શનાચારને લગતા જે જે દોષ લાગે છે, લાગવાનો સંભવ છે તે સમજાવે છે.

દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય(ગુરુની સારસંભાળ - ઔષધ-ભેષજાદિમાં વાપરવા લાયક દ્રવ્ય), જ્ઞાનદ્રવ્ય (જ્ઞાનના પુસ્તકાદિ સાધનો મેળવવા માટે તેમજ જ્ઞાનાભ્યાસ કરાવવા માટે એકત્ર કરેલ દ્રવ્ય), સાધારણ દ્રવ્ય (કોઈ પણ ધર્મના કાર્ય માટે - સાતે ક્ષેત્રમાં તેમજ જીવદયા વિગેરેમાં વાપરી શકાય તેવું દ્રવ્ય); આ ચારે પ્રકારના દ્રવ્ય પોતે ખાધાં, અન્ય ખાનારની ઉપેક્ષા કરી (તેનું નિવારણ ન કર્યું), બુદ્ધિના વિકળપણાથી પોતે તેનો વિનાશ કર્યો, કોઈ વિનાશ કરતું હોય

તેની ઉપેક્ષા કરી (અટકાવ્યો નહીં), છતી શક્તિએ તે દ્રવ્યોની સારસંભાળ અને યથાયોગ્ય વ્યય ન કર્યો.

વળી ધોતીઆ વિના કે આઠપડા મુખકોશ વિના જિનબિંબની અંગપૂજા કરી. જિનબિંબને વાસક્ષેપ રાખવાનાં ડાબલી જેવાં સાધનનો, ધૂપધાણાનો અથવા કળશનો ઠબકો લાગ્યો, એટલે તે વસ્તુ જિનબિંબ સાથે અથડાણી. આપણો ઊસાસ - નિસાસનો દુર્ગંધી વાયુ બરાબર મુખકોશ બાંધેલ ન હોવાથી જિનબિંબને સ્પર્શ્યો. જિનબિંબ હાથમાંથી પડી ગયા. દેહરા કે ઉપાશ્રયમાં પોતાના નાકનો શ્લેષ્મ કે બીજો શરીરનો મેલ લુહ્યો. દેરાસરમાં કોઈની હાંસી-મશ્કરી, કોઈ જાતનો ખેલ, ક્રીડા (રમત), કુતૂહલ ઉપજે તેવી વાણી કે શરીરની ચેષ્ટા કરી. આહાર કે નિહાર (વડીનીતિ, લઘુનીતિ) કીધાં, પાન-સોપારી અથવા દેરાસરમાં કોઈએ ધરેલું નૈવેદ્ય ખાધું. આ બધા જિનબિંબ અને જિનચૈત્યને લગતા અતિચાર દોષ છે.

સ્થાપનાચાર્ય આપણે રાખેલા હોય તે અથવા ગુરુના હોય તે હાથમાંથી પડી ગયા, પોતે રાખેલા સ્થાપનાચાર્યની દરરોજ પડિલેહણા કરવી જોઈએ તે ન કરી. જિનભુવન સંબંધી ૮૪ અને ગુરુસંબંધી ૩૩ આશાતનાને અન્યત્ર વિવરીને કહેલ છે, તેમાંની કોઈ પણ આશાતના કરી. ઉપલક્ષણથી દશ મોટી આશાતના — તંબોળ ખાવું, પાણી પીવું, ભોજન કરવું, ઉપાનહ પહેરીને જવું, શયન કરવું, નિષ્ઠીવન(થૂંકવું), મૈથુન સેવવું, લઘુનીતિ કે વડીનીતિ કરવી અને જુગટે રમવું; આ તો

જરૂર વર્જવી જ જોઈએ, છતાં તેમાંની કોઈ કોઈ આશાતના કરી. ગુરુમહારાજનું વચન તથેતિ(તેમજ) એમ કહીને અંગીકાર કરવું જોઈએ, તે પ્રમાણે વર્તવું જોઈએ, તેમ ન કર્યું.

આ પ્રમાણે દર્શનાચારને લગતા ઉપરોક્ત અતિચારોમાંથી જે કોઈ અતિચાર લાગ્યા હોય તે સર્વેને માટે મિચ્છા દુક્કડં આપું છું (તે અતિચારોથી લાગેલ પાપ મિથ્યા થાઓ એમ ઈચ્છું છું.)

**ઈતિ દર્શનાચાર સંબંધી અતિચારાર્થ.**

## ૪. ચારિત્રાચારના અતિચાર

ચારિત્રાચારે આઠ અતિચાર–
પણિહાણજોગજુત્તો,
પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં;
એસ ચરિત્તાયારો,
અટ્ઠવિહો હોઈ નાયવ્વો. ૪

ઈર્યાસિમિતિ તે અણજોયે હિંડ્યા, ભાષાસમિતિ તે સાવદ્ય વચન બોલ્યા, એષણાસમિતિ તે તૃણ - ડગલ, અન્ન-પાણી અસૂઝતું લીધું, આદાનભંડમત્તનિખ્ખેવણાસમિતિ તે આસન, શયન, ઉપગરણ, માત્રું પ્રમુખ અણપુંજી જીવાકુળ ભૂમિકાએ મૂક્યું લીધું, પારિષ્ઠાપનિકાસમિતિ તે મળ, મૂત્ર, શ્લેષ્માદિક અણપુંજી જીવાકુળ ભૂમિકાએ પરઠવ્યું. મનોગુપ્તિ તે મનમાં આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધ્યાયા, વચનગુપ્તિ તે સાવદ્ય વચન બોલ્યા, કાયગુપ્તિ તે શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપુંજે બેઠા. એ અષ્ટ પ્રવચનમાતા સાધુતણે ધર્મે

**સદૈવ અને શ્રાવકતણે ધર્મે સામાયિક - પોસહ લીધે રૂડી પરે પાળ્યા નહીં, ખંડના - વિરાધના હુઈ, ચારિત્રાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦ ઈત્યાદિ પૂર્વવત્.**

**ઈતિ ચારિત્રાચારાતિચાર.**

## વિશેષ સમજણ

આ ચારિત્રાચાર સંબંધી આઠ અતિચાર જાણવા સાથે તે પણ જાણવાની જરૂર છે કે શ્રાવકનાં બાર વ્રત તે ચારિત્રાચારનો જ વિભાગ છે. ચારિત્રના બે ભેદ છે – દેશવિરતિ ને સર્વવિરતિ. તેમાં દેશવિરતિ શ્રાવકનાં બાર વ્રતરૂપ છે, ને સર્વવિરતિ પાંચ મહાવ્રતરૂપ છે. ઉપર જણાવેલ અતિચારમાં એ બંને પ્રકારનાં વ્રતોનો સમાવેશ નથી; તેને અંગે લાગેલા અતિચાર તો શ્રાવકે અને સાધુએ જુદા જ આલોવવાના છે. ઉપરના અતિચારમાં તો મુનિરાજના ચારિત્રનું રક્ષણ કરનાર જે આઠ પ્રવચનમાતા કહેવાય છે, તેમજ શ્રાવક જ્યારે સામાયિક કે પૌષધાદિ ક્રિયામાં વિશિષ્ટ શ્રાવકપણે વર્તતો હોય ત્યારે, તેમાં જે અતિચારો લાગવાનો સંભવ છે તે જ બતાવેલ છે. આ હકીકત મુનિરાજે નિરંતર ધ્યાનમાં રાખવાની છે, શ્રાવકને અમુક અવસ્થાએ આ આઠે આચાર સંબંધી અતિચાર ઉપર ધ્યાન આપવાનું છે.

**૪ ચારિત્રાચારને લગતા આઠ અતિચારનો અર્થ.**

**પ્રથમ, પ્રારંભમાં આપેલ ગાથાનો અર્થ :**

"પ્રણિધાનયોગ એટલે એકાગ્રપણે - સાવધાનપણે મન-વચન-કાયાના યોગ સહિત ચારિત્ર પાળવાને ઉદ્યુક્ત જીવોને માટે ચારિત્રાચાર પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિવડે આઠ પ્રકારનો કહ્યો છે તે જાણવો."

આ ચારિત્રાચારના આઠ પ્રકારો સમિતિ-ગુપ્તિરૂપ છે, તેમાં જે જે અતિચાર દોષ લાગ્યા હોય તે વિવરીને બતાવે છે :

**૧. ઈર્યાસમિતિ** - આગળના ભાગમાં ચાર હાથપ્રમાણ ભૂમિ જોઈને જીવજંતુની વિરાધના ન થાય તે રીતે ચાલવારૂપ છે, તેમ ન ચાલતાં આગળની જમીન જોયા વિના - જીવયતનાનો ખ્યાલ રાખ્યા વિના - ઉપયોગ વિના ચાલ્યા તે અતિચાર.

**૨. ભાષાસમિતિ** - જે વચન બોલવાથી કિંચિત્ પણ અવદ્ય એટલે પાપ લાગે તેવું વચન ન બોલવારૂપ છે, છતાં તેવો ઉપયોગ રાખ્યા વિના જે બોલવાથી પાપ લાગે એવી વાણી બોલ્યા તે બીજો અતિચાર.

**૩. એષણાસમિતિ** - તૃણ - ઘાસની સળી અને ડગલ - માટીનું ઢેફું પણ મુનિ માગ્યા વિના લઈ શકે નહીં, તેમજ અન્નપાણી પણ દેનારથી, લેનારથી અને ઉભયથી લાગતા ૪૨ દોષ રહિત જ લેવાય. તે પ્રમાણે ન વર્તતાં તૃણાદિ

વગર માગ્યે લીધું અને અન્નપાણી દોષવાળું લીધું તે અતિચાર.

૪. **આદાનભંડમત્તનિખ્ખેવણા સમિતિ** - ભંડ એટલે ઉપકરણ - આસન, શયન, પાટ, પાટલા વિગેરે અને મત્ત એટલે માત્રું અથવા શરીરના કોઈ પણ જાતના મેલનું પાત્ર, કોઈ પણ જગ્યાએ ભૂમિ પ્રમાર્જીને તેમજ પડિલેહીને જ મૂકવું જોઈએ. તે પ્રમાણે ન કરતાં ઉપકરણો અને માત્રાની કુંડી વિગેરે અણપુંજી - પ્રમાર્જ્યા વિનાની તેમજ જીવાકુલ - જ્યાં ઝીણા જીવ-જંતુ કીડી વિગેરે હોય તેવી જગ્યાએ મૂક્યાં અથવા ઉપાડ્યાં તે ચોથો અતિચાર.

૫. **પારિષ્ઠાપનિકા સમિતિ** - શરીરના મળ, મૂત્ર, શ્લેષ્મ વિગેરે પરઠવવા યોગ્ય વસ્તુઓ ભૂમિ જોઈને જીવ વિરાધના ન થાય તે રીતે પરઠવવાં, તદ્રૂપ છે. તે પ્રમાણે ન કરતાં ઉપયોગ વિના જ્યાં ત્યાં - જેમ તેમ જીવાકુલ જમીન ઉપર મળમૂત્રાદિક પરઠવવાં તે પાંચમો અતિચાર.

૬. **મનોગુપ્તિ** - ચારિત્રધારી મુનિએ અથવા સામાયિક પૌષધમાં રહેલા શ્રાવકે કોઈ પણ જાતનાં આર્ત્ત-રૌદ્રધ્યાનને લગતા સંકલ્પ-વિકલ્પ - ન કરવા, તદ્રૂપ છે. આ પ્રમાણે મનને કબજામાં ન રાખતાં તેની અંદર આર્ત્ત-રૌદ્રધ્યાનને લગતા સંકલ્પ-વિકલ્પો કરવા તે અતિચાર.

૭. **વચનગુપ્તિ** - નો અતિચાર ભાષાસમિતિ પ્રમાણે જ સાવદ્ય વચન બોલવારૂપ કહેલ છે, પરંતુ એ બેમાં તફાવત એ છે કે - વચનગુપ્તિ તે બનતાં સુધી ન બોલવું - મૌન ધારણ કરવું, તદ્રૂપ છે, છતાં કાર્યપ્રસંગે - ઉપદેશાદિ હેતુએ બોલવું પડે તો સાવદ્ય કે જેનું લક્ષણ ઉપર બતાવેલ છે, તેવું ન બોલવું. ભાષાસમિતિ કરતાં વચનગુપ્તિમાં વિશિષ્ટતા છે તે ન જળવાય તો જે દોષ લાગે તેને અતિચાર સમજવો.

૮. **કાયગુપ્તિ** - મુનિએ નિરંતર અને શ્રાવકે સામાયિક પૌષધમાં હોય ત્યારે શરીર હલાવવું હોય, ચાલવું હોય, પડખું ફેરવવું હોય, બેસવું હોય તો તે બધી ક્રિયા શરીર પડિલેહીને તેમજ જમીન જોવાની હોય ત્યાં જમીન જોઈને જ કરી શકાય, તેમ ન કરતાં, અનુપયોગે - પડિલેહ્યા વિના શરીરની કોઈપણ ચેષ્ટા કરવી તે, અથવા પુંજ્યા - પ્રમાર્જ્યા વિના બેસવું તે આઠમો અતિચાર.

આ પ્રમાણે ચારિત્રાચારના આઠ આચારને અંગે આઠ અતિચાર લાગે છે, તે જો લગાડ્યા હોય તો તે યાદ કરીને પાક્ષિક પ્રતિક્રમણાદિ અવસરે આલોવવાના છે કે જેથી લાગેલ અતિચારથી બંધાયેલ પાપ - થયેલ અશુભ કર્મબંધ - છૂટી જાય અને તેનું અશુભ ફળ ભોગવવું ન પડે.

**ઈતિ ચારિત્રાચાર સંબંધી અતિચારાર્થ.**

અહીં પ્રસંગોપાત્ત લખવાનું ઉપસ્થિત થાય છે કે – ઉપર જણાવેલી સમિતિ-ગુપ્તિને પાળીને ચાલતા ને બોલતા મુનિરાજ તેમજ તદવસ્થ શ્રાવકો વારંવાર સ્થાને સ્થાને દેખાય છે, પરંતુ જેના આદર્શાનુસાર અન્યને પ્રવૃત્તિ કરવાની હોય છે તેવા કેટલાક મુનિને કે શ્રાવકને તે સમિતિ-ગુપ્તિ નહીં જાળવતા જોઈને અન્ય પણ તે જાળવવામાં શિથિલ થાય છે. કેટલાંક તો આઠ પ્રવચનમાતાને યથાર્થ ઓળખતા પણ નથી, તેથી તેઓ પાળવાનો ઉપયોગ શી રીતે કરે ?

આશા છે કે આ નમ્રતાપૂર્વક કરેલી સૂચના ઉપર લક્ષ પૂજ્ય મુનિરાજો અને સામાયિક-પૌષધ કરનારા શ્રાવક ભાઈઓ અવશ્ય લક્ષ આપશે.

# ૫. સમ્યક્ત્વ સંબંધી અતિચાર

વિશેષતઃ શ્રાવકતણે ધર્મે સમ્યક્ત્વ મૂળ બાર વ્રત, સમ્યક્ત્વતણા પાંચ અતિચાર

## સંકા કંખ વિગિચ્છા૦

શંકા - શ્રીઅરિહંતતણા બળ, અતિશય, જ્ઞાન, લક્ષ્મી, ગાંભીર્યાદિ ગુણ, શાશ્વતી પ્રતિમા, ચારિત્રીયાનાં ચારિત્ર અને શ્રીજિનવચનતણો સંદેહ કીધો.

આકાંક્ષા - બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ક્ષેત્રપાળ, ગોગો, આસપાળ, પાદરદેવતા, ગોત્રદેવતા, ગ્રહ-નક્ષત્રે[1], વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલીનાહ - ઈત્યેવમાદિક દેશ, નગર, ગામ, ગોત્ર, નગરે જુજુઆં દેવદેહરાંના પ્રભાવ દેખી રોગ, આતંક, કષ્ટ આવ્યે ઈહલોક-પરલોકાર્થે પૂજ્યા-માન્યા. સિદ્ધ, વિનાયક, જીરાઉલાને માન્યું, ઈચ્છ્યું. બૌદ્ધ, સાંખ્યાદિક સંન્યાસી, ભરડા, ભગત, લિંગીયા, જોગીયા, જોગી, દરવેશ

---

૧. અહીં ગ્રહપૂજા શબ્દ હતો તે યોગ્ય ન લાગવાથી ફેરવ્યો છે.

અનેરા દર્શનીયાતણો કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા, વ્યામોહ્યા. કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યાં. શ્રાદ્ધ, સંવત્સરી, હોળી, બળેવ, માહીપુનમ, અજાપડવો, પ્રેતબીજ, ગૌરીત્રીજ, વિનાયકચોથ, નાગપંચમી, ઝીલણાછઠ્ઠી, શીલસાતમી, ધ્રુવઅષ્ટમી, નૌલી નવમી અહવા દશમી, વ્રત અગ્યારશી, વત્સબારશી, ધનતેરશી, અનંતચૌદશી, અમાવાસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણ વિગેરે પર્વો માન્યાં. નૈવેદ્ય કીધાં. નવોદક, યાગ, ભોગ, ઉતારણાં કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં. પીપળે પાણી ઘાલ્યાં, ઘલાવ્યાં. ઘરબાહિર ક્ષેત્રે, ખળે, કૂવે, તળાવે, નદીએ, દ્રહે, વાવે, સમુદ્રે, કુંડે પુણ્યહેતુ સ્નાન કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં. ગ્રહણ-શનિશ્ચરે દાન દીધાં. માહ માસે - નવરાત્રીએ નાહ્યા. અજાણના થાપ્યાં અનેરાં વ્રત-વ્રતોલાં કીધાં કરાવ્યાં.

વિતિગિચ્છા - ધર્મ સંબંધી ફળતણે વિષે સંદેહ કીધો. જિન અરિહંત, ધર્મના આગાર, વિશ્વોપકારસાગર, મોક્ષમાર્ગના દાતાર, ઈશ્યા ગુણ ભણી ન માન્યા, ન પૂજ્યા. મહાસતી, મહાત્માની ઈહલોક - પરલોક સંબંધી ભોગવાંચ્છિત પૂજા કીધી. રોગ, આતંક, કષ્ટ આવે ખીણ વચન ભોગ માન્યાં. મહાત્માનાં ભાતપાણી, મળશોભાતણી નિંદા કીધી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર કુભાવ

હુઓ. મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી પ્રશંસા કીધી, પ્રીતિ માંડી, દાક્ષિણ્યલગે તેનો ધર્મ માન્યો, કીધો. શ્રી સમ્યક્ત્વ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦ ઈત્યાદિ.

ઈતિ સમ્યક્ત્વ અતિચાર.

## ૫. સમ્યક્ત્વ સંબંધી અતિચારના અર્થ

સમ્યક્ત્વના પાંચ અતિચાર છે. તે અતિચારસૂચક વંદિત્તા સૂત્રમાં આવતી **'સંકા કંખ વિગિચ્છા૦'** એ ગાથાનું એક પદ જ પ્રતીક તરીકે મૂકેલ છે. તે આખી ગાથાનો અર્થ આ પ્રમાણે - '૧ શંકા, ૨ કાંક્ષા, ૩ વિચિકિત્સા, ૪ પ્રશંસા અને ૫ સંસ્તવ એટલે પરિચય કોનો ? કુલિંગી - મિથ્યાદષ્ટિનો. સમ્યક્ત્વના એ પાંચ અતિચારમાંથી જે કોઈ અતિચાર પ્રસ્તુત દિવસ સંબંધી લાગ્યા હોય તેને હું પડિક્કમું છું.'

આ પાંચે અતિચારનું વર્ણન આ અતિચારમાં સારી રીતે આપેલું છે. પ્રથમ **શંકા** કરવી તે અતિચાર. **શંકા** શેમાં કરવી અથવા કરી ? તે કહે છે. અરિહંતના બળનું, અતિશયનું, તેમના અપરિમિત જ્ઞાનનું, ગાંભીર્ય-ધૈર્ય-ઔદાર્યાદિક ગુણોનું શાસ્ત્રમાં જે વર્ણન કર્યું છે તેમાં શંકા કરી, શાશ્વતી પ્રતિમાઓની હકીકતમાં શંકા કરી, મહાપુરુષોનાં ચારિત્રનાં

વર્ણનમાં - તેમણે સહન કરેલા પરિષહ-ઉપસર્ગાદિની હકીકતમાં શંકા કરી, અનેક પ્રકારનાં શાસ્ત્રોક્ત જિનવચનમાં સંદેહ કર્યો, તે પ્રથમ અતિચાર.

૨. **આકાંક્ષા** - અથવા કાંક્ષા એટલે પરમતની ઈચ્છા. અન્યમતમાં માનેલા જુદા જુદા દેવોને દેવ તરીકે માન્યા, પૂજ્યા. અહીં જુદા જુદા દેવોના નામો કહ્યા છે, તેમાં બ્રહ્મા વિગેરે અનેક દેવોના નામો છે. તેમાંના અપ્રસિદ્ધ નામોના અર્થ આ પ્રમાણે છે — ગોગો - એ નામના એક વ્યંતર દેવ પૂજાય છે. આસપાળ - આશા - દિશા તેના પાળક દિગ્પાળ. પાદરદેવતા - ગામ અથવા શહેરના રક્ષક. ગોત્રદેવતા-ગોત્રના - કુળના રક્ષક. વિનાયક - ગણેશ, હનુમંત - હનુમાન. વાલીનાહ - એ નામના એક યક્ષદેવ છે. ઈત્યેવમાદિક - ઈતિ, એવં, આદિક એટલે આ બતાવેલા તથા બીજા દેવો કે જે જુદા જુદા દેશોમાં, ગામોમાં, નગરોમાં પૂજાતા હોય તેમના જુજુઆં - જુદાં જુદાં દેરાંઓ, મંદિરો, ભુવનો, પ્રાસાદોના પ્રભાવની હકીકત સાંભળીને કોઈપણ પ્રકારનાં રોગ, ઉપદ્રવ, કષ્ટ પ્રાપ્ત થયે આ લોકના તેમજ પરલોકના સુખપ્રાપ્તિરૂપ લાભને માટે - રોગાદિકનાં નિવારણ માટે તેમને માન્યા-પૂજ્યા, માનતા-પૂજા કરી. અનેક સિદ્ધ તરીકે, વિનાયક તરીકે, જીરાઉલા તરીકે ઓળખાતા મનુષ્યોને માન્યા, તેમનાથી સુખ, ભોગ, લાભની ઈચ્છા કરી. બૌદ્ધ ધર્મના ધર્મગુરુ, તેમજ સાંખ્યાદિ દર્શનના સંન્યાસી, ભરડા,

ભગત, જોગીયા (સામાન્ય જોગટા), જોગી (કાંઈક ઠીક જણાતા જોગી), લિંગીયા (કોઈપણ ધર્મના વેષધારી), દરવેશ (મુસલમાન ધર્મગુરુ) ઈત્યાદિ અન્યદર્શની ગુરુઓથી સહેવાતાં કષ્ટો, મંત્ર-સાધનાઓ તથા ચમત્કાર દેખીને તેના પરમાર્થનો વિચાર કર્યા વિના તેમને માનવારૂપ ભૂલ કરી, ભોળવાણા, મોહાણા - મોહ પામ્યા. કુશાસ્ત્રો - પાપશાસ્ત્રો ભણ્યાં, સાંભળ્યાં. (લૌકિક દેવગત ને લૌકિક ગુરુગત મિથ્યાત્વ કહ્યું).

હવે મિથ્યાદષ્ટિનાં પર્વો કરવાથી લાગતા લૌકિક પર્વગત મિથ્યાત્વ માટે કહે છે - મિથ્યાત્વીઓથી કરાતાં (ભાદ્રપદ વદિમાં) માતા-પિતા વિગેરેનાં શ્રાદ્ધ (સરાદ), સંવત્સરી (વાર્ષિક તિથિ)એ કરાતી બ્રાહ્મણ જમાડવા વિગેરેની ક્રિયા, હોળીની પૂજા કરવી, તેની ફરતા ફેરા ફરવા, બળેવે સમુદ્ર પૂજન કરવા જવું. તે સિવાય દરેક મહિનાની પૂનમ, અજા પડવો (આસો શુદિ ૧ મે કરાતું શ્રાદ્ધ), પ્રેત બીજ (મૃતક બીજ), ગૌરી ત્રીજ (પાર્વતી ત્રીજ), વિનાયક ચોથ (ગણેશ ચોથ), નાગ પાંચમ, ઝીલણા છઠ્ઠ (ન્હાવાની છઠ્ઠ) અથવા રાંધણ છઠ્ઠ, શીળ સાતમી (ટાઢું ને વાસી અન્ન ખાવાનો દિવસ), ધ્રુવ આઠમ તે ધ્રો અષ્ટમી (અથવા ગોકળ આઠમ), નૌળી - નૌળીયા સંબંધી નોમ અથવા દશમ, વ્રત-અગ્યારશ - વૈષ્ણવો એકાદશી દર મહિનાની કરે છે તે, વત્સ બારશી - ગાયના વાછડા સંબંધી બારશ પર્વ ગણાય છે તે, ધનતેરશ - તે આસો વદિ ૧૩ - લક્ષ્મીપૂજનનો દિવસ, અનંત ચૌદશ -

વૈષ્ણવનું પર્વ છે તે અથવા કાળીચૌદશ તે આસો વદિ-૧૪ - મંત્ર સાધના માટે સ્મશાનમાં જઈને આરાધન કરવાનો દિવસ, અમાવાસ્યા તે દરેક મહિનાની અમાસ, આદિત્યવાર - દરેક મહિનાનો રવિવાર (તે દિવસે આયંબિલ કરવું તે પણ લોકોત્તર મિથ્યાત્વનું અંગ છે), ઉત્તરાયણનો દિવસ (મકરસંક્રાંતિ) ઈત્યાદિ પર્વો માન્યાં, તે દિવસે અન્યમતિ કરે છે તેવી ક્રિયાઓ કરી એટલે નૈવેદ્ય, નવોદક, યાગ, ભોગ, ઉતારણાં વિગેરે તેઓ કરે છે તેમ કર્યું, કરાવ્યું અથવા અનુમોદના કરી.

પીપળાના ઝાડને પાણી, ધર્મબુદ્ધિએ - તેના પર દેવોનો નિવાસ માનીને પાયું, પિવરાવ્યું. ઘરની બહાર કોઈપણ જળાશયે જઈને પુણ્યહેતુએ સ્નાન કર્યું, કરાવ્યું, અનુમોદ્યું. ગ્રહણને દિવસે અથવા શનિવારે બ્રાહ્મણ - ભંગી વિગેરેને દાન દીધું. માહ મહિને, નવરાત્રીએ અથવા પુરૂષોત્તમમાસે દરરોજ કોઈપણ જળાશયે જઈને પુણ્યહેતુએ નાહ્યા. બીજા અજ્ઞાન મનુષ્યોનાં - મિથ્યાત્વીઓનાં સ્થાપેલાં - ઠરાવેલા વ્રત - વ્રતોલાં - સામાન્ય વ્રતો કર્યાં - કરાવ્યાં, અનુમોદ્યાં. આ બધાનો બીજા અતિચારમાં સમાવેશ થાય છે.

૩. **વિતિગિચ્છા** - વિચિકિત્સા. તેના બે પ્રકાર છે. ૧. ધર્મના ફળનો સંદેહ અથવા ૨. સાધુ-સાધ્વીનાં મલમલિન ગાત્ર ને વસ્ત્રાદિની દુગંચ્છા કરવી તે. અરિહંત અનંત ગુણના ગૃહ છે, પરોપકારના સમુદ્ર છે, મોક્ષમાર્ગના દાતાર -

દેખાડનાર છે તેમને તેવા ગુણવાળા માનીને પૂજ્યા નહીં - માન્યા નહીં. મહાસતી તે સાધ્વી અને મહાત્મા તે સાધુ - તેમની સાંસારિક સુખભોગની વાંચ્છાએ સેવા-ભક્તિ કરી. રોગ, ઉપદ્રવ કે કષ્ટ આવે ત્યારે શ્રદ્ધાહીન થઈને અન્ય દેવ-દેવીને ભોગ આપવાની માનતા કરી. મુનિરાજનાં ભાતપાણીની તથા મળશોભાની નિંદા કરી, કુચારિત્રિયા દેખીને ચારિત્રિયા ઉપર પણ અભાવ ઉત્પન્ન થયો.

૪-૫. ચોથો અતિચાર મિથ્યાત્વીની પૂજા પ્રભાવના દેખી તેની પ્રશંસા કરવી તે, અને પાંચમો અતિચાર મિથ્યાત્વીના અતિપરિચયથી તેની સાથે પ્રીતિ કરવી, દાક્ષિણ્યતાએ તેનો ધર્મ માનવો તે છે. એ બંને વર્જવા યોગ્ય છે. આ પ્રમાણે પાંચે અતિચારનું વિવરણ સમજવું.

**ઈતિ સમ્યક્ત્વ સંબંધી અતિચારના અર્થ.**

# બાર વ્રત સંબંધી અતિચારનો પ્રારંભ

## પ્રથમ અણુવ્રતના અતિચાર

૧. પહેલે સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રતે પાંચ અતિચાર –

**વહ બંધ છવિચ્છેએ૦**

દ્વિપદ ચતુષ્પદ પ્રત્યે રીસવશે ગાઢો ઘાવ ઘાલ્યો. ગાઢે બંધને બાંધ્યો. અધિક ભાર ઘાલ્યો. નિર્લાંછન કર્મ કીધાં. ચારા-પાણીતણી વેળાએ સંભાળ ન કીધી. લેણે-દેણે કિણહી પ્રત્યે લંઘાવ્યો, તેણે ભૂખે આપણે જમ્યા, કન્હે રહી મરાવ્યો, બંદીખાને ઘલાવ્યો. સળ્યાં ધાન્ય તાવડે નાખ્યાં, દળાવ્યાં, ભરડાવ્યાં, શોધી ન વાવર્યાં. ઈંધણ-છાણાં અણશોધ્યાં બાળ્યાં. તે માંહિ સાપ, વીંછી, ખજૂરા, સરવલા, માંકડ, જુઆ, ગીંગોડા સાહતા મુઆં, દુહવ્યાં, રૂડે સ્થાનકે ન મૂક્યાં. કીડી મંકોડીનાં ઈંડાં વિછોહ્યાં. લીખ ફોડી. ઉદ્દેહી, કીડી, મંકોડી, ઘીમેલ, કાતરા, ચુડેલ, પતંગિયા, દેડકા, અળસીયા, ઈયળ, કુંતા, ડાંસ, મચ્છર, બગતરા, માખી, તીડ પ્રમુખ જીવ વિણઠ્ઠા. માળા હલાવતાં ચલાવતાં પંખી-ચકલા-કાગતણાં ઈંડાં ફોડ્યાં. અનેરા એકેન્દ્રિયાદિક જીવ વિણાશ્યા,

ચાંપ્યા, દુહવ્યા. કાંઈ હલાવતાં, ચલાવતાં, પાણી છાંટતાં, અનેરૂં કાંઈ કામકાજ કરતાં નિર્ધ્વંસપણું કીધું, જીવરક્ષા રૂડી ન કીધી. સંખારો સૂકવ્યો, રૂડું ગલણું ન કીધું, અણગળ પાણી વાપર્યું, રૂડી જયણા ન કીધી. અણગળ પાણીએ ઝીલ્યા, લુગડાં ધોયાં. ખાટલા તાવડે નાખ્યા, ઝાટક્યા. જીવાકુળ ભૂમિ લીંપી. વાસી ગાર રાખી. દળણે, ખાંડણે, લીંપણે રૂડી જયણા ન કીધી. આઠમ ચૌદશના નિયમ ભાંગ્યા. ધૂણી કરાવી. પહેલે સ્થૂલ પ્રાણાતિપાતવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦

ઈતિ પ્રથમ વ્રત સંબંધી અતિચાર.

## પ્રથમ વ્રત સંબંધી અતિચારના અર્થ.

પહેલે સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રતે પાંચ અતિચાર. આમાં સ્થૂલ એટલે સૂક્ષ્મ નહીં, સર્વથા નહીં. સર્વથા તો મુનિને જ હોય, તે મહાવ્રત કહેવાય છે. મુનિનાં મહાવ્રતની અપેક્ષાએ શ્રાવકનાં અણુવ્રત કહેવાય છે. અણુવ્રત કહેવાનું બીજું કારણ એ છે કે - સાધુ વીશ વસા એટલે પૂર્ણ દયાના પાળનાર છે. શ્રાવક સવા વસો એટલે ૧૬મા ભાગે જીવદયા પાળનાર છે તે આ પ્રમાણે :

મુનિ ત્રસ-સ્થાવર બંને પ્રકારના જીવોની દયા પાળે છે, શ્રાવક સ્થાવરની દયા પાળી શકતા નથી, તેથી વીશમાંથી દશ

વસા ગયા. ત્રસમાં પણ નિરપરાધીને હણતા નથી, સાપરાધી માટે શ્રાવક ત્યાગ કરી શકતા નથી, તેથી પાંચ વસા ગયા. નિરપરાધીને પણ સંકલ્પથી હણતા નથી, આરંભ કાર્યમાં હણાઈ જાય તેનો નિયમ કરી શકતા નથી તેથી અઢી વસા ગયા. સંકલ્પથી ન હણવામાં પણ સાપેક્ષપણે - અપેક્ષાપૂર્વક અશ્વાદિકને મારવા-કૂટવા પડે છે, નિષ્કારણ - નિરપેક્ષપણે હણતા નથી એટલે સવા વસો રહ્યો.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે શ્રાવકે સવા વસો જ જીવદયા પાળવી, પણ એટલી તો જરૂર પાળવી ને વધારે પાળવાનો ખપ કરવો; કારણ કે શ્રાવક નિરંતર મુનિપણાનો ઈચ્છુક હોય છે.

**પ્રાણ** એટલે જીવ, જેને દશ પ્રાણમાંથી ઓછાવત્તા પ્રાણ હોય તે, તેનો **અતિપાત** એટલે વિનાશ, તેનું **વિરમણ** એટલે છોડવું, તે પહેલું વ્રત. તેના મુખ્ય પાંચ અતિચાર કહેલા છે. આ પ્રમાણે કહીને વંદિત્તા સૂત્રમાં આપેલી ગાથામાંથી **વહ બંધ છવિચ્છેએ૦** એવું એક જ પદ પ્રતીક તરીકે મૂકેલું છે. તે આખી ગાથાનો અર્થ આ પ્રમાણે –

"વધ, બંધ, છવિચ્છેદ, અતિભાર, ભાતપાણીનો વિચ્છેદ - આ પાંચ પ્રથમ વ્રતના અતિચાર છે. તેમાંથી જે કોઈ અતિચાર આજના દિવસને અંગે લાગ્યા હોય તે પડિક્કમું છું."

આ પાંચે અતિચાર આગળ વિવરીને કહેલા છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે –

દ્વિપદ તે મનુષ્યો અને ચતુષ્પદ એટલે ચાર પગવાળા તિર્યંચો. તેના પર રીસ ચડવાથી, તેને આકરો - સહન ન કરી શકે તેવો ઘાવ એટલે પ્રહાર - ઘાલ્યો એટલે કર્યો કે જેથી કદાચ તે મરી પણ જાય, એ પ્રથમ અતિચાર. ગાઢ - આકરાં દોરડાં વિગેરેનાં બંધનવડે દ્વિપદ કે ચતુષ્પદને બાંધ્યા કે જેથી તે હાથ-પગ હલાવી પણ ન શકે, શ્વાસ પણ લઈ ન શકે, તેથી વખતે તેનું મરણ પણ થાય એ બીજો અતિચાર. અધિક - ઉપાડી શકે તે કરતાં વધારે, તેની ઉપર અથવા ગાડા વિગેરેમાં ભાર ઘાલ્યો એટલે નાખ્યો - ભર્યો - ઉપડાવ્યો - ખેંચાવ્યો એ ત્રીજો અતિચાર. તેમજ નિર્લાંછન કર્મ તે તેના નાક-કાન વીંધાવવા, વૃષણ કપાવવા, નપુંસક કરવા, પુંછડા કપાવવા - ઈત્યાદિ અનેક જાતિના પશુઓ પ્રત્યે વર્તન કર્યું એ ચોથો અતિચાર. વેળાએ - યોગ્ય વખતે જનાવરને - ગાય, ભેંશ, બળદ, ઘોડા વિગેરેને ચારો નાખવો જોઈએ, પાણી પાવું જોઈએ, તેમ ન કરવાથી કેટલીક વખત તે જીવો ક્ષુધા-તૃષાથી પીડિત થઈને મરણ પણ પામી જાય છે. કોઈની પાસે લેણું હોય અથવા કોઈનું દેવું હોય ત્યારે તે લેણદાર તેમજ દેવાદાર માણસ પોતાનો નિકાલ લાવવા માટે ઘરે આવીને લાંઘે છે - ઉપવાસ કરે છે તે વખતે તેને લાંઘવા દીધો અને તેને જમાડ્યા સિવાય પોતે જમ્યા. લેણદાર અથવા દેવાદારને પાસે રહીને બીજા પાસે માર મરાવ્યો અથવા કોર્ટમાં દાવો - ફરિયાદ કરી તેને પ્રથમ કાચી કેદમાં ને પછી પાકી કેદમાં નખાવ્યો. આનો સમાવેશ પાંચમા અતિચારમાં થાય છે.

હવે આ પાંચ અતિચારને અંગે અન્ય — બીજી રીતે દોષ લાગ્યા હોય તે જણાવે છે. સડી ગયેલાં ધાન્ય તાવડે એટલે તડકે નાખ્યા કે જેથી તેમાં પડેલાં ધનેડાં વિગેરે મરી જાય. વળી તેવા સળેલાં ધાન્ય દળાવ્યાં, ભરડાવ્યાં, શોધીને - જીવજંતુ દૂર કરીને ન વાપર્યા. ઈંધણ અને છાણાં વિગેરે શોધ્યાં વિના - ખંખેર્યા વિના બાળ્યાં, તેમાં સાપ વિગેરે અનેક જાતિના જીવો બળી ગયા, અથવા સાહતા એટલે પકડતા જ દબાવાથી મરી ગયા. તેની વિરાધના ન થાય એવે સ્થાનકે ન મૂક્યા. કીડી-મંકોડીનાં ઇંડાંને તેનાથી જુદા પાડ્યાં. લીખને દબાવી કે જેથી તે ફૂટીને મરી જાય. ઉદ્દેહી (ઉધઈ) વિગેરે જીવોનો વિનાશ કર્યો. પક્ષીઓના માળા હલાવતાં ચલાવતાં ચકલા, કાગડા વિગેરે પક્ષીઓનાં ઇંડાં ફૂટી ગયાં.

આ સિવાય - એટલે ઉપર તો બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય ને પંચેન્દ્રિય જીવોની જ વાત કરી છે તે ઉપરાંત એકેન્દ્રિય જીવો - પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિ વિગેરેનો પણ નિષ્કારણ વિનાશ કર્યો, જરૂરિઆત ઉપરાંત વિનાશ કર્યો, તેને ચાંપ્યા - દુહવ્યા. કાંઈ હલાવતાં, ચલાવતાં, પાણી છાંટતાં સ્થાવર જીવોની વિરાધનાનો ખ્યાલ જ ન કર્યો.

પાણી ગળવાના સંબંધમાં સારૂં - છિદ્ર વિનાનું ગરણું ન વાપર્યું, સંખારો - જે ગરણામાં પાણી ગાળ્યું હોય તે ગરણામાં પાણીમાં રહેલ દૃશ્ય-અદૃશ્ય અનેક ત્રસજીવો આવી જાય. તેથી તે ગરણું ફરી બીજા અણગળ પાણીમાં જયણાપૂર્વક નીતારી દેવું જોઈએ. તેમ કર્યા વિના જ સૂકવી દઈએ તો તે ત્રસજીવો

પાણી વિના મરી જાય. સંખારો બીજા વિશેષ પાણીમાં નાંખવો જોઈએ તે ન નાખતાં સૂકવી દીધો, ગળ્યા વિનાનું પાણી વાપર્યું, ગળ્યા વિનાના પાણીએ ઝીલ્યા એટલે નાહ્યા, તેમજ જળાશયમાં કપડાં ધોયાં. ખાટલા તાવડે એટલે તડકે મૂક્યા તેમજ ખંખેર્યા કે જેથી તેમાં રહેલા માંકડ વિગેરે જીવો મરણ પામે. જીવાકુળ ભૂમિ સાફ કર્યા વિના લીંપી. ગારીયું કરેલું રાતવાશી રાખી મૂક્યું જેથી તેમાં પુષ્કળ ત્રસ જીવ ઉપજ્યા તે જ ગારીયું બીજે દિવસ વાપર્યું જેથી તેમાં પડેલા બધા જીવો મરી ગયા. એ જ રીતે દળવામાં, ખાંડવામાં, ભરડવામાં, જમીન લીંપવામાં સારી રીતે જયણા પાળવી જોઈએ, જયણાપૂર્વક ત્રસ જીવની વિરાધના ન થાય તેમ તે સર્વ ક્રિયા કરવી જોઈએ તેમ ન કરી. આઠમ-ચૌદશ વિગેરે તિથિઓએ દળવા-ખાંડવા વિગેરેના નિયમ કરેલા તે ભાંગ્યા. ધૂણી કરાવી કે જેથી મચ્છર વિગેરે જીવોનો વિનાશ થાય.

ઈત્યાદિક અનેક પ્રકારે પ્રથમ વ્રતને અંગે દોષ લગાડ્યા હોય તેને માટે મન-વચન-કાયાથી મિચ્છા દુક્કડં આપું છું.

આમાં અનેક જીવોના નામો આવેલા છે તેમાંથી કેટલાકના અર્થ આ પ્રમાણે : ખજુરા - કાનખજુરા. સરવલા - જીવવિશેષ. ગીંગોડા - કુતરાના કાનમાં પડે છે તે. કાતરા - જીવવિશેષ. ચુડેલ - બેઈન્દ્રિય જીવ છે. બગતરા - ઝીણા મચ્છર. અળસીયા - બેઈન્દ્રિય જીવો ચોમાસામાં ઉપજે છે તે. કુંતા - જીવવિશેષ.

**ઈતિ પ્રથમ વ્રતાતિચારાર્થ.**

# બીજા અણુવ્રતના અતિચાર

બીજે સ્થૂલમૃષાવાદવિરમણ વ્રતે પાંચ અતિચાર –

## સહસા રહસ્સદારે૦

સહસાત્કારે કુણહી પ્રત્યે અજુગતું આળ-અભ્યાખ્યાન દીધું. અનેરા કુણહીનો મંત્ર, આલોચ્ય મર્મ પ્રકાશ્યો. સ્વદારા મંત્ર ભેદ કીધો. કુણહીને અનર્થમાં પાડવા કૂડી બુદ્ધિ દીધી. કૂડો લેખ લખ્યો. કૂડી સાખ ભરી. થાપણમોસો કીધો. કન્યા, ગૌ-ઢોર, ભૂમિ સંબંધી લેહણે-દેહણે વ્યવસાયે વાદ-વઢવાડ કરતાં મોટકું જૂઠું બોલ્યા. હાથ-પગતણી ગાળ દીધી. કરકડા મોડ્યા. મર્મ વચન બોલ્યાં. બીજે સ્થૂલમૃષાવાદવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦

## બીજા વ્રતના અતિચારના અર્થ

બીજું વ્રત સ્થૂલ અસત્ય બોલવાના ત્યાગરૂપ છે. તેમાં સ્થૂલ અસત્ય એટલે મોટાં જૂઠ પાંચ પ્રકારે કહ્યાં છે તે ન

બોલવાં. ૧. કન્યા સંબંધી, ૨. ગાય વિગેરે પશુ સંબંધી, ૩. જમીન સંબંધી, ૪. થાપણ ઓળવવી ને ૫. ખોટી સાક્ષી પૂરવી. આ પાંચ બાબતોનો તો શ્રાવકે અવશ્ય ત્યાગ કરવો જ જોઈએ.

આ વ્રતના પાંચ અતિચાર - **સહસા રહસ્સદારે૦** એ ગાથાના એક પદથી સૂચવેલ છે. તે આખી ગાથાનો અર્થ આ પ્રમાણે – "૧. સહસાત્કારે કોઈને ખોટું આળ આપવું, ૨. કોઈની છાની વાત પ્રગટ કરવી, ૩. પોતાની સ્ત્રી સંબંધી ગુપ્ત વાત (મંત્ર) પ્રગટ કરવી, ૪. મૃષા (ખોટો) ઉપદેશ આપવો અને ૫. કૂડો (ખોટો) દસ્તાવેજ લખવો. આ બીજા વ્રતના અતિચાર પ્રસ્તુત દિવસ સંબંધી લાગ્યા હોય તેને હું પડિક્કમું છું."

**આ અતિચારનો વિશેષાર્થ આ પ્રમાણે –**

સહસાત્કારે - વિચાર કર્યા વિના - અકસ્માત કોઈને અયુક્ત - ન ઘટે એવું આળ અથવા અભ્યાખ્યાન એટલે કલંક દીધું, એ પહેલો અતિચાર. કોઈની છાની હકીકત, કોઈએ કરેલી વિચારણા, મર્મની વાત કે જે પ્રકાશમાં આવવાથી તેને નુકશાન થાય તેમ હોય તે પ્રકાશિત કરી, એ બીજો અતિચાર. સ્વદારા મંત્રભેદ કીધો - પોતાની સ્ત્રી સંબંધી ગુપ્ત વાત પ્રગટ કરી, એ ત્રીજો અતિચાર. કોઈને અનર્થમાં પાડવા માટે ખોટી

સલાહ આપી, તે ચોથો અતિચાર. અને કૂડો લેખ લખ્યો - ખોટો દસ્તાવેજ, હુંડી, કાગળ વિગેરે જે બીજાને છેતરવા માટે લખવા તે પાંચમો અતિચાર.

**હવે વધારામાં પાંચ મોટાં જૂઠ પણ અતિચાર રૂપે જ કહે છે :**

૧. કન્યા સંબંધી - સ્વપરની કન્યા માટે નાની-મોટી વયની અથવા સુરૂપ-કુરૂપ વિગેરે અસત્ય કહેવું તે પ્રથમ સ્થૂળ અસત્ય. ૨. ગૌ - ગાય, ભેંશ વિગેરે જનાવરો સંબંધી જે ખોટું બોલવું, ઓછાવત્તા દૂધવાળી - ઓછાવત્તા વેતરવાળી ગાય ભેંશ કહેવી, ઓછાવત્તા વર્ષવાળા ઘોડા વિગેરેને કહેવા તે બીજું પશુ સંબંધી અસત્ય. ૩. ભૂમિ - જમીન-હાટ-ઘર-ખેતર વિગેરેના સંબંધમાં, માલિકીના અથવા હદના ફેરફાર વિગેરેના સંબંધમાં જે અસત્ય બોલવું તે ત્રીજું ભૂમિ સંબંધી સ્થૂળ અસત્ય. ૪. કોઈની થાપણ ઓળવવી - 'મૂકી જ ગયો નથી' એમ કહેવું તે ચોથું સ્થૂળ અસત્ય. અને ૫. કોઈને હાનિ થાય તેવી ખોટી સાક્ષી પૂરવી તે પાંચમું સ્થૂળ અસત્ય.

આ પાંચ અસત્ય બોલવાથી તો પ્રાયે વ્રતનો ભંગ પણ થાય છે, પરંતુ લેવા-દેવામાં, વાદ-વઢવાડ કરતાં તેમજ વ્યવસાયને અંગે ઉપર જણાવેલા પાંચ અસત્યોમાંથી કોઈ પણ અસત્ય બોલ્યા તે અતિચાર ગણાય છે. હાથ ભાંગો,પગ ભાંગો, આંધળા થાઓ એવી ગાળો દીધી. સ્ત્રીઓની જેમ

કરકડા મોડી - તારૂં સત્યાનાશ જાઓ એમ કહ્યું. મર્મનો ઘાત કરે તેવાં વચનો બોલ્યાં. એ બધા બીજા વ્રતના અતિચાર છે.

આ વ્રત સંબંધી ઉપર જણાવેલામાંથી અન્ય કોઈ પણ અતિચાર પક્ષ દિવસમાં જાણતા અજાણતા લાગ્યા હોય તેને માટે મિચ્છા દુક્કડં આપું છું.

**ઈતિ દ્વિતીય વ્રતના અતિચારના અર્થ.**

❖ ❖ ❖

# શ્રાવકના ત્રીજા અણુવ્રતના અતિચાર

ત્રીજે સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રતે પાંચ અતિચાર

તેનાહડપ્પઓગે૦

ઘર બાહિર ક્ષેત્રે - ખળે પરાઈ વસ્તુ અણમોકલી લીધી, વાપરી. ચોરાઈ વસ્તુ વહોરી, ચોર ધાડ પ્રત્યે સંકેત કીધો, તેહને સંબળ દીધું. તેની વસ્તુ લીધી. વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો. નવા-પુરાણા, સરસ-વિરસ, સજીવ-નિર્જીવ વસ્તુનાં ભેળ-સંભેળ કીધાં. કૂડે કાટલે, તોલે, માને, માપે વહોર્યાં. દાણચોરી કીધી, કુણહીને લેખે વરાંસ્યો. સાટે લાંચ લીધી. કૂડો કલહ કાઢ્યો, વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી. પાસંગ કૂડાં કીધાં. ડાંડી ચડાવી. લહકે ત્રહકે કૂડાં કાટલાં માન માપાં કીધાં. માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર વંચી કુણહીને દીધું. જુદી ગાંઠ કીધી. થાપણ ઓળવી. કુણહીને લેખે-પલેખે ભૂલવ્યો. પડી વસ્તુ ઓળવી લીધી.

ત્રીજે સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રત વિષઈયો અનેરો જે કોઈ અતિચાર પક્ષદિવસમાંહિ૦

ઈતિ તૃતીય અણુવ્રત અતિચાર.

## ત્રીજા અણુવ્રતના અતિચારના અર્થ

ત્રીજે સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રતે પાંચ અતિચાર. અહીં શ્રાવકને સ્થૂલ એટલે મોટા અદત્તનો ત્યાગ છે. અદત્તના ચાર પ્રકાર છે. મુનિને તીર્થંકરઅદત્ત, ગુરુઅદત્ત, જીવઅદત્ત ને સ્વામીઅદત્ત - એ ચારે પ્રકારનાં અદત્તનો ત્યાગ હોય છે. શ્રાવકને એકલા સ્વામીઅદત્તનો જ ત્યાગ હોય છે. ગૃહસ્થ બીજાં અદત્તનો પ્રાયે ત્યાગ કરી શકતો નથી. બીજો પ્રકાર રાજદંડ ઉપજે તેવી ચોરીના ત્યાગરૂપ સ્થૂળપણાનો છે. એવા અદત્તના ત્યાગરૂપ જે ત્રીજું અણુવ્રત તેના પાંચ અતિચાર છે.

અહીં **તેનાહડપ્પઓગે૦** એ એક પદ લખીને ત્રીજા વ્રતના પાંચ અતિચાર સૂચવ્યા છે. તે આખી ગાથાનો અર્થ આ પ્રમાણે – **સ્તેનાહૃત** - ચોરની લાવેલી વસ્તુ (ઓછી કિંમતે) લેવી તે પ્રથમ અતિચાર. **પ્રાયોગ્ય** - ચોરને કોઈ પણ પ્રકારની સહાય આપવી તે બીજો અતિચાર. **તત્પ્રતિરૂપ** - એક સરખી દેખાતી વસ્તુનો ભેળસંભેળ કરવો તે ત્રીજો અતિચાર. **વિરુદ્ધગમન** - રાજ્યવિરુદ્ધ વ્યાપારાદિકની પ્રવૃત્તિ કરવી તે ચોથો અતિચાર. ખોટા તોલ ને ખોટાં માન-માપાં કરવાં તે **કૂડતોલમાનરૂપ** પાંચમો અતિચાર.

હવે એનું વિવરણ જે કરવામાં આવ્યું છે તેનો અર્થ આ પ્રમાણે : ઘર, બહાર, ક્ષેત્રે, ખળે અથવા અન્ય સ્થાને કોઈની માલિકીની વસ્તુ તેની રજા વિના લીધી ને વાપરી. ચોરાઉ

વસ્તુ ઓછી કિંમતે મળવાથી ખરીદ કરી. એક ચોરને કે તેના સમૂહને સંબળ એટલે ભાતું આપ્યું - દ્રવ્ય વિગેરેની મદદ કરી. તેને માટે અમુક જગ્યાએ મળવાનો - ત્યાં ચોરાઉ વસ્તુ લાવવાનો સંકેત કર્યો અને તેની વસ્તુ પોતે આપેલા સંબળના બદલામાં ઓછી કિંમતે લીધી. રાજ્યવિરુદ્ધ વ્યાપારાદિ કર્યા. રાજ્યે મનાઈ કરેલ વસ્તુઓ (રૂપું, ખાંડ, કાપડ વિગેરે) છાની રીતે દાણચોરી કરીને લાવ્યાં ને વેચાણ કર્યું અથવા વાપર્યું. નવી ને જૂની, સરસ ને વિરસ, સજીવ ને નિર્જીવ - જીવ વિનાની વસ્તુનો ભેળ-સંભેળ કરી નવી ને સરસ વસ્તુના ભાવમાં વેચી. ખોટાં કાટલાં, તોલાં, માપાં, માન લેવા-દેવાનાં જુદાં રાખીને વધારે તોલ-માપથી વસ્તુ લીધી ને ઓછા તોલ-માપથી વેચી. અહીં તોલાં તે શેર, બશેર, કિલો વિગેરે, માપ તે માણું, પાલી, પવાલા વિગેરે અને માન તે હાથ, ગજ, ફૂટ વિગેરે સમજવું. કોઈને લેખામાં (હિસાબમાં) ઠગ્યો. કોઈ વસ્તુના - મકાન વિગેરેના સાટામાં વચ્ચે લાંચ લીધી. ખોટો ક્લેશ ઊભો કર્યો - વિશ્વાસી મનુષ્યનો વિશ્વાસઘાત કર્યો. પરને - અન્યને અનેક રીતે વંચ્યા - ઠગ્યા. કાંટા વિગેરેનાં બે પાસાં ખોટાં બનાવ્યા, ડાંડી ચડાવી, લહેકો કરીને તોલ-માપમાં ઓછું દીધું. સાચાં તોલ-માપને પણ ખોટાં કર્યા. માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર તે સ્ત્રી વિગેરેને ઠગીને કોઈકને કાંઈ વસ્તુ આપી દીધી. પોતે જ જુદી ગાંઠ કરી. કોઈની થાપણ ઓળવી. (આવો બીજા વ્રતમાં અતિચાર છે,

પણ ત્યાં બોલવારૂપ છે, અહીં કરવારૂપ છે.) કોઈને લેખે-પલેખે હિસાબમાં ભૂલ ખવરાવી. કોઈની પડી ગયેલી વસ્તુ ઓળવી લીધી, પોતાની કરી દીધી. આ પ્રમાણેના ત્રીજા સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રતના અતિચારો છે તેમાંથી જે કોઈ અતિચાર પંદર દિવસમાં લાગ્યા હોય તેને માટે મિથ્યા દુષ્કૃત આપું છું.

આમાં ઉપર જણાવેલા પાંચે અતિચારનો સમાવેશ થઈ જાય છે. તેની ગાથાનો અર્થ ઉપર લખેલો છે તેની સાથે અતિચારમાં આવેલાં વાક્યોને ક્રમોત્ક્રમે મેળવશો તો સમજાઈ જશે.

**ઈતિ તૃતીય અણુવ્રતના અતિચારના અર્થ.**

# શ્રાવકના ચોથા અણુવ્રતના અતિચાર

ચોથે સ્વદારાસંતોષ-પરસ્ત્રીગમનવિરમણવ્રતે પાંચ અતિચાર –

## અપરિગ્ગહિયા ઇત્તર૦

અપરિગૃહીતાગમન, ઇત્વરપરિગૃહીતાગમન કીધું. વિધવા, વેશ્યા, કુમારિકા[1], પરસ્ત્રી સાથે સંબંધ કીધો. સ્વદારા[2] તણે વિષે દૃષ્ટિવિપર્યાસ કીધો - સરાગ વચન બોલ્યા. આઠમ, ચૌદશ અનેરી પર્વતિથિના નિયમ લઈને ભાંગ્યા. ઘરઘરણા કીધાં-કરાવ્યાં[3], વરવહુ વખાણ્યા. કુવિકલ્પ ચિંતવ્યો. અનંગક્રીડા કીધી. સ્ત્રીનાં અંગોપાંગ નિરખ્યાં. પરાયા વિવાહ જોડ્યા. ઢીંગલા-ઢીંગલી પરણાવ્યાં[4]. કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો.

---

૧. કુલાંગના શબ્દ પ્રથમ હતો તે કુમારિકાવાચક સમજી ફેરવ્યો છે.

૨. સ્વદારા સાથે શોક્ય શબ્દ હતો તે સ્ત્રી માટે હોવાથી અને તેને માટે અતિચાર જ જુદો ગોઠવેલો હોવાથી તે શબ્દ અહીં લીધો નથી.

૩. આ વાક્ય જૈન ધર્મ પાળનારી જે જ્ઞાતિમાં ઘરઘરણાનો રિવાજ પ્રચલિત હોય તેને માટે અતિચાર રૂપ સમજવો નહીં.

૪. આ વાક્ય લઘુવયના પુત્ર-પુત્રીના લગ્નનો નિષેધ કરનાર સમજવું.

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર સુહણે-સ્વપ્નાંતરે હુઆ, કુસ્વપ્ન લાધ્યા. નટ, વિટ, સ્ત્રીશું હાંસું કીધું.

ચોથે સ્વદારાસંતોષ[1] - પરસ્ત્રીગમનવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦ બાકી પૂર્વવત્-

ઈતિ ચતુર્થ વ્રતાવિચાર.

## ચોથા અણુવ્રતના અતિચારનો અર્થ.

**ચોથે સ્વદારાસંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રતે પાંચ અતિચાર –**

આ વ્રતના બે પેટા વિભાગ છે. ૧. સ્વદારાસંતોષરૂપ અને બીજો માત્ર પરસ્ત્રીગમનના ત્યાગરૂપ. (સ્વદારાસંતોષવાળાને તો પરસ્ત્રીગમનનો ત્યાગ આવી જ જાય છે)

અપરિગ્ગહિયા ઈત્તર૦ આ આખી ગાથાનો અર્થ આ પ્રમાણે –

૧ અપરિગૃહીતાગમન કીધું. ૨ ઈત્વરપરિગૃહીતાગમન કીધું. ૩. અનંગક્રીડા કીધી. ૪. પરાયા વિવાહ જોડ્યા અને ૫. કામભોગને વિષે તીવ્ર અભિલાષ કર્યો. ચોથા વ્રતના આ પાંચ અતિચાર છે, તેમાંથી જે આ દિવસ સંબંધી લાગ્યા હોય તેને પડિક્કમું છું.

---

૧. સ્ત્રીજાતિ માટે સ્વપતિસંતોષ-પરપુરૂષગમનવિરમણ નામનો અતિચાર આ સાથે જુદો જ લખ્યો છે. શ્રાવિકાઓએ તે શીખવાનો છે.

આ પાંચ અતિચારમાં, માત્ર પરસ્ત્રીગમનના ત્યાગવાળાને માટે પાછલા ત્રણ અતિચાર છે. સ્વદારાસંતોષી માટે પાંચે અતિચાર છે. વિવરણવાળા અતિચારના અર્થ -

અપરિગૃહીતા એટલે વેશ્યા અને ઇત્વરપરિગૃહીતા એટલે થોડા વખત માટે કોઈએ રાખેલી સ્ત્રી - વેશ્યા. તેની સાથે ગમન કરવું, તે સ્વદારાસંતોષી ન કરે. માત્ર પરસ્ત્રીગમનના ત્યાગવાળો તેને પરસ્ત્રી નહીં માનીને તેના ગમનનો ત્યાગ ન સમજે. આની પછીના ત્રણ અતિચાર છૂટા છૂટા આવી જાય છે.

વિધવા, વેશ્યા ને કુમારિકા તેમજ પરસ્ત્રી સાથે સ્વદારાસંતોષી ગમન ન કરે, માત્ર પરદારાગમનના ત્યાગવાળો પ્રથમની ત્રણ જાતિની સ્ત્રીને પરસ્ત્રી નહીં માનીને તેનો ત્યાગ ન સમજે.

પોતાની જેટલી સ્ત્રી હોય તે બધીની સાથે સરખો ભાવ રાખવો જોઈએ, તેમાં દૃષ્ટિવિપર્યાસ એટલે માન્યતાનો ફેરફાર કરે, માનીતી-અણમાનીતી કરે તો અતિચાર લાગે. પરસ્ત્રી સાથે રાગની વૃદ્ધિ થાય તેવાં વચનો બોલવાં તે અતિચાર. આઠમ, ચૌદશ વિગેરે પર્વતિથિના નિયમ લઈને ભાંગવા તે અતિચાર. ઘરઘરણા કીધાં કરાવ્યાં – તે જે જ્ઞાતિમાં પુનર્લગ્નનો રિવાજ નથી તેને માટે અતિચારરૂપ છે. કોઈ પણ વર-વહુનાં વખાણ કરવાં, પારકા વિવાહ મેળવી દેવા,

અનંગક્રીડા કરવી તે અતિચાર છે. કુવિકલ્પ તે વિષય સંબંધી માઠા વિચારો કરવા. પરસ્ત્રીનાં અંગોપાંગ નીરખીને જોવાં તે પણ અતિચાર છે. નાના પુત્ર-પુત્રીને પરણાવી દેવા તે દોષરૂપ છે. કામભોગ સંબંધી તીવ્ર ઈચ્છા કરવી તે પણ દોષરૂપ છે. અતિક્રમાદિ જેનું સ્વરૂપ પૂર્વે કહેલું છે તે આ વ્રતને અંગે સ્વપ્નમાં થાય તો અતિચાર છે. માઠાં સ્વપ્ન સ્ત્રીસંયોગને અંગે આવે તે અતિચાર છે. નટ પુરુષ, વિટ-લંપટ પુરુષ અથવા તેવી સ્ત્રી સાથે હાંસી કરવી તે પણ અતિચાર છે. જો અતિચારથી ચેતે નહીં તો લાંબે વખતે તે અનાચારરૂપે પરિણમે છે.

**ઈતિ ચતુર્થ વ્રતાતિચારના અર્થ.**

# શ્રાવિકા યોગ્ય ચતુર્થ વ્રતાતિચાર

ચોથે સ્વપતિસંતોષ-પરપુરુષગમનવિરમણવ્રતે પાંચ અતિચાર – અપરિગ્ગહિયા ઈત્તર૦ પાણિગ્રહણ કરેલા પતિ સિવાયના અન્ય પુરુષ સાથે સંબંધ જોડવાનો સંકલ્પ કર્યો. સ્વપતિના અભાવે પુનર્વિવાહ કરવાનો સંકલ્પ કર્યો. પોતાની શોક્યને વિષે ઈર્ષાભાવ કર્યો. અન્ય પુરુષો સાથે સરાગ વચન બોલ્યાં. આઠમ-ચૌદશ અનેરી પર્વતિથિએ શિયળ પાળવાના નિયમ લઈને ભાંગ્યા. વર-વહુ વખાણ્યાં. કુવિકલ્પ ચિંતવ્યો. પરપુરુષના અંગોપાંગ નીરખ્યા. પરાયા વિવાહ જોડ્યા. કામભોગને વિષે તીવ્ર અભિલાષ કર્યો. નાની વયનાં પુત્ર-પુત્રીનાં લગ્ન કર્યાં. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર સુહણે સ્વપ્નાંતરે હુવા. કુસ્વપ્ન લાધ્યાં. નટ, વિટ પુરુષ સાથે હાંસું કીધું. પુનર્વિવાહ કરાવ્યા. કામવશ થઈને અનેક પ્રકારની કુચેષ્ટાઓ કરી.

ચોથે સ્વપતિસંતોષ-પરપુરુષગમનવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦ બાકી પૂર્વવત્-

ઈતિ ચતુર્થ વ્રતાતિચાર

## શ્રાવિકાયોગ્ય ચતુર્થ વ્રતાતિચારના અર્થ

આમાં ગાથાનો અર્થ લખવાની જરૂર નથી, કારણ કે તે પ્રથમ લખેલ છે. વળી તેમાંના પ્રથમના બે અતિચાર પુરુષ માટે જ છે, બાકીના ૩ અતિચાર સ્ત્રી-પુરુષને સામાન્ય છે. આ અતિચારમાં પરપુરુષ શબ્દથી પતિ સિવાયના અન્ય સર્વ પુરુષ સમજી, કામબુદ્ધિએ તેની સામું પણ ન જોવું, તો પછી બીજા સંકલ્પ તો કરાય જ કેમ ? (સ્વપતિના અભાવે કુળવાન સ્ત્રી પુનર્વિવાહના વિચારો ન કરતાં ધર્મકાર્યમાં જ ચિત્ત જોડી દઈ બાકીની વય શિયળ પાળવામાં જ વ્યતીત કરે). પોતાની શોક્યનો પણ પતિ સામે સમાન હક્ક હોવાથી તેના પ્રત્યે કે તેનાં બાળકો પ્રત્યે ઈર્ષા ન કરવી. પતિના વિરહે - પતિ પરદેશ ગયે કોઈ જાતના ખોટા સંકલ્પ-વિકલ્પ ન કરવા. વર-વહુનાં વખાણ ન કરવાં. પારકા વિવાહ જોડી આપવામાં તત્પર ન રહેવું. પરપુરુષનાં અંગોપાંગો નીરખીને ન જોવાં. કામભોગની તીવ્ર અભિલાષા ન કરવી. વ્રતને દોષ લાગે તેવું સ્વપ્ન આવે તો ગુરુણી પાસે આલોવવું ને શુદ્ધ થવું. પરપુરુષ

સાથે હાંસી-મશ્કરી કરવાની ટેવ ન રાખવી. કોઈના પુનર્લગ્નમાં સામેલ ન થવું. યોગ્ય ઉંમર થયા વિના પોતાનાં પુત્ર-પુત્રીને પરણાવવાં નહીં. નટ અથવા સ્વચ્છંદી ગણાતા વિટ પુરુષ સાથે હસવું નહીં. હલકી જાતની કે હલકા આચરણની સ્ત્રીઓની સંગત કરવી નહીં. કુળવાન સ્ત્રીને ન છાજે તેવી કોઈ જાતની કુચેષ્ટાઓ કરવી નહીં.

ઉપર પ્રમાણે વર્તન રાખવાથી શ્રાવિકાને પોતાના ચતુર્થ વ્રતમાં દૂષણ લાગતું નથી. આ અર્થ બહોળે ભાગે મંડનશૈલીએ જ સ્ત્રીજાતિને ઉદ્દેશીને લખ્યો છે.

**ઇતિ ચતુર્થ વ્રતાતિચારાર્થ.**

❖ ❖ ❖

# શ્રાવકના પાંચમા વ્રતના અતિચાર

પાંચમે પરિગ્રહપરિમાણવ્રતે પાંચ અતિચાર –

ધણધન્નખિત્તવત્થૂ૦

ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપું, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ ને ચતુષ્પદ - એ નવવિધ પરિગ્રહતણા નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મૂર્ચ્છા લગે સંક્ષેપ ન કીધો. માતા, પિતા, પુત્ર, સ્ત્રીતણે લેખે કીધો. પરિગ્રહ પરિમાણ લીધું નહીં, લઈને પઢિયું નહીં. પઢવું વિસાર્યું, અલીધું મેલ્યું. નિયમ વિસાર્યા. પાંચમે પરિગ્રહપરિમણવ્રત વિષઈઓ૦ બાકી પૂર્વવત્-

## પાંચમા વ્રતના અતિચારના અર્થ

આ વ્રતના પાંચ અતિચાર છે પરંતુ પરિગ્રહ નવ પ્રકારનો હોવાથી તેની પાંચ ભાગે વહેંચણી કરી છે. **ધણધનખિત્તવત્થૂ૦** આ પદવાળી આખી ગાથાનો અર્થ આ પ્રમાણે છે - ૧. ધન-ધાન્યપ્રમાણાતિક્રમાતિચાર, ૨. ક્ષેત્ર-વાસ્તુપ્રમાણાતિક્રમાતિચાર,

૩. રૂપ્ય-સુવર્ણપ્રમાણાતિક્રમાતિચાર, ૪. કુપ્યપ્રમાણાતિક્રમાતિચાર, ૫. દ્વિપદ-ચતુષ્પદપ્રમાણાતિક્રમાતિચાર.

ધન-ધાન્ય નક્કી કરેલા પ્રમાણથી વધારે રાખવું તે પ્રથમ અતિચાર. ક્ષેત્ર-વાસ્તુ તે ઘર, હાટ(દુકાન) અથવા ખેતર અને ઘરવખરીની અનેક વસ્તુઓ નક્કી કરેલા પ્રમાણથી વધારે રાખવી તે બીજો અતિચાર. રૂપું, સોનું અથવા રૂપા, સોનાના દાગીના નક્કી કરેલા પ્રમાણથી વધારે કિંમતના રાખવા તે ત્રીજો અતિચાર. ૪. રૂપા-સોના સિવાયની બાકીની ધાતુનાં વાસણો વિગેરે નક્કી કરેલા પ્રમાણથી વધારે સંખ્યામાં કે કિંમતમાં રાખવા તે ચોથો અતિચાર અને ૫. દ્વિપદ તે દાસ-દાસી અને ચતુષ્પદ તે ગાય, ભેંશ, ઘોડા વિગેરે નક્કી કરેલા પ્રમાણથી વધારે સંખ્યાવાળા રાખવા તે પાંચમો અતિચાર.

ઉપર પ્રમાણેના પાંચ અતિચારમાં દ્વિપદ શબ્દે દાસ-દાસી રાખવા સંબંધી ઉલ્લેખ છે તે રાજા-મહારાજા માટે સમજવો. એમાં પગારથી નોકર રાખવાનો સમાવેશ સમજવો નહીં. વળી આ અતિચાર લખાયાના સમયે દાસ-દાસી વેચાણ રાખવાની પ્રવૃત્તિ પણ હશે એમ સંભવે છે.

આ નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કર્યા પછી તેમાં વૃદ્ધિ થાય કે તરત જ તે દ્રવ્યનો સારા માર્ગે વ્યય કરી નાખવો જોઈએ, તેમ ન કરતાં તેનો મોહ થવાથી માતા, પિતા, સ્ત્રી કે

પુત્રાદિને નામે ચડાવી દીધા. આમ કરવાથી વ્રતમાં દૂષણ લાગે છે તેનો વિચાર ન કર્યો. પરિગ્રહનું પરિમાણ કર્યું જ નહીં, કદી કર્યું તો પછી તેની નોંધ દર છ-છ મહિને વાંચીને સંભારવું જોઈએ, તેમ કર્યું નહીં. વધારાની રકમ વ્યાપારમાં ન રાખતાં અલાયદી મૂકી રાખીને વ્રતની શુદ્ધિ માની. તેને અંગે કરેલા નિયમો સંભાર્યા નહીં.

ઉપરની હકીકત મુખ્યત્વે ધન ને રૂપા-સોના માટે લખેલ છે. ધાન્યના મુડા વિગેરેની સંખ્યાનું પરિમાણ કરેલ હોય તો નાના ભાંગી મોટા બંધાવ્યા, બે ઘરનું એક ઘર કર્યું, બે ખેતર વચ્ચેની વાડ કાઢી નાખી એક ખેતર કર્યું - એમ સંખ્યા સરખી કરી. ઠામની સંખ્યા સરખી કરવા માટે મોટાં ઠામ કરાવ્યાં. આ રીતે સંખ્યાની સરખાઈ કરીને દોષ લગાડ્યા તે અતિચાર સમજવા. દ્વિપદમાં દાસ-દાસીની ફરજનું કામ કરનાર વધ્યા તે ન ગણ્યા. ઢોરમાં વાછડા-વાછડી વિગેરે પરિવાર વધ્યો તે ન ગણ્યો ને દૂષણ લગાડ્યું.

આ પ્રમાણે પાંચમા પરિગ્રહપરિમાણવ્રત સંબંધી પાંચ અતિચારમાંથી જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. આ વ્રતમાં સ્થૂલ શબ્દ વાપરવાની જરૂર નથી કારણ કે મુનિને સર્વથા ત્યાગ હોય છે અને શ્રાવક પોતાની ઈચ્છા અથવા સ્થિતિ પ્રમાણે પરિમાણ બાંધી નિયમ લે છે તેથી તેમાં સ્થૂલપણું આવી જ જાય છે.

આ વ્રતના બે પ્રકાર છે. ૧. જે વખતે પરિગ્રહનું પરિમાણ કરવાની ઈચ્છા થાય તે વખતે નવે પ્રકારમાંથી જેટલું પોતાની પાસે હોય તેટલાની સંખ્યા વિગેરે નિશ્ચિત કરીને તેટલું જ રાખી તેથી વધારેનો ત્યાગ કરવો, એ એક પ્રકાર. ૨. બીજો પોતાની પાસે હોય થોડું, છતાં જેટલી ઈચ્છા હોય તેટલી મુકરર કરી તે પ્રમાણે નિયમ લઈ, તેથી વધે તે શુભ માર્ગે વાપરવાનો નિયમ કરવો આ ઈચ્છાપરિમાણરૂપ બીજો પ્રકાર. આ બંને પ્રકારમાં વધેલી રકમ એક વરસમાં અથવા છ માસમાં વાપરી નાખવી જોઈએ.

**ઈતિ પંચમ વ્રતાતિચારાર્થ.**

❖ ❖ ❖

ઉપર પ્રમાણે પાંચ અણુવ્રતના અતિચાર કહ્યા હવે ત્રણ ગુણવ્રતના અતિચાર કહે છે.

એ ત્રણનું ગુણવ્રત નામ એટલા માટે છે કે એ ઉપરના પાંચે અણુવ્રતને ગુણ-લાભ કરનાર છે. શી રીતે લાભ કે ગુણ કરે છે ? તે હવે પછીના તેના અતિચારમાં સમજાવશું.

❖ ❖ ❖

## ત્રણ ગુણવ્રતો પૈકી
## પ્રથમ ગુણવ્રતના અતિચાર

છટ્ઠે દિક્પરિમાણવ્રતે પાંચ અતિચાર –

ગમણસ્સ ઉ પરિમાણે૦

ઊર્ધ્વદિશિ, અધોદિશિ, તિર્યગ્દિશિએ જાવા આવવા તણા નિયમ લઈને ભાંગ્યા. અનાભોગે - વિસ્મૃતિ લગે અધિક ભૂમિ ગયા. પાઠવણી આઘી-પાછી મોકલી. વહાણ વ્યવસાય કીધો. વર્ષાકાળે ગામતરું કીધું. ભૂમિકા એક ગમા સંક્ષેપી, બીજી ગમા વધારી. નિયમ વિસાર્યા. છટ્ઠે દિક્પરિમાણવ્રત વિષઈઓ૦

### છટ્ઠા દિશાપરિમાણવ્રતના અતિચારના અર્થ

આ વ્રતના પણ પાંચ અતિચાર છે. તે સંબંધી ગાથામાં તે આ પ્રમાણે કહેલા છે. ચાર દિશામાં, ઊર્ધ્વ અને અધો જવા-

આવવાનું પરિમાણ કરી તેનો અતિક્રમ કરવો તે ત્રણ અતિચાર. વુઢ્ઢિ એટલે વૃદ્ધિ. એક બાજુ વૃદ્ધિ કરી, બીજી બાજુ હાનિ કરવી તે ચતુર્થ અતિચાર. અને સ્મૃતિ ભૂલી જવી કે મેં ચારે દિશાએ અથવા અમુક દિશાએ જવાનું કેટલું રાખેલ છે ? તે પાંચમો અતિચાર. આ પાંચ અતિચારમાંથી જે અતિચાર પહેલા ગુણવ્રતને અંગે લાગેલ હોય તેને હું નિંદું છું - મિચ્છા દુક્કડં આપું છું.

વિશેષ વિસ્તારમાં પ્રથમ ત્રણ અતિચારમાં નિયમ લઈને ભાંગ્યાનું કહ્યું છે, પરંતુ તે ઈરાદાપૂર્વક નહીં. અનાભોગે એટલે અણજાણપણે અથવા વિસ્મૃતિ થવાથી - નિયમ ભૂલી જવાથી તેમ થયું હોય તો જ તે અતિચાર ગણાય છે. પછી એક બાજુ વધારે જવાયાથી તે બાજુ જેટલું વધારે જવાયું હોય તેટલું તે બાજુમાં વધારી તેની સામેની દિશાના નિયમમાં સંક્ષેપ્યું - ઘટાડ્યું. આ વાત ત્યાર પછીના ચોથા અતિચારમાં સ્પષ્ટ કરેલ છે. જેણે પોતે જવાનો જ નહીં પણ માણસ મોકલવાનું કે જળમાર્ગે વહાણ કે સ્ટીમરવડે વ્યવસાય કરવાનું પણ તજેલ હોય તે જો વહાણ વ્યવસાય કરે તો દોષ લાગે. પત્ર લખવા માટે છૂટ રાખવી જોઈએ, નહીં તો પત્ર લખવાથી પણ દોષ લાગે. વર્ષાકાળે બહારગામ જવાનો જેણે ત્યાગ કર્યો હોય તેને વર્ષાકાળે ગામતરું કર્યાનો દોષ લાગે. ત્યાગ ન કરનારને ન લાગે. આવો ત્યાગ કુમારપાળ રાજાએ તેમજ શ્રીકૃષ્ણે પણ કર્યો હતો. આ વ્રત સંબંધી જે કોઈ અતિચાર લાગેલ હોય તે સંબંધી દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

**ગુણવ્રત શા કારણે કહેવાય છે ?**

પ્રથમ વ્રતમાં અમુક પ્રકારની હિંસાનો, બીજા વ્રતમાં અમુક પ્રકારના અસત્યનો, ત્રીજા વ્રતમાં અમુક પ્રકારના અદત્તનો, ચોથા વ્રતમાં પરસ્ત્રીનો અને પાંચમા વ્રતમાં નિયમ ઉપરાંતના પરિગ્રહનો ત્યાગ કરેલો છે.

આ છઠ્ઠું વ્રત લેવાથી તેમાં પરિમાણ કરેલી દિશાની બહાર રહેલા તમામ જીવોની દયા પળાઈ, ત્યાંની કન્યા વિગેરે સંબંધી અસત્ય ટળ્યું, ત્યાં રહેલા દ્રવ્યાદિક માટેનું અદત્તપણું ટળ્યું, ત્યાં રહેલી સ્ત્રીઓનો સહેજે ત્યાગ થઈ ગયો અને ત્યાં રહેલા દ્રવ્ય માટે પરિગ્રહબુદ્ધિ નાશ પામી. આ પ્રમાણે પાંચે અણુવ્રતને ગુણ કરવાથી આ પહેલું ગુણવ્રત કહેવાય છે.

બીજા બે ગુણવ્રતોથી થતો ગુણ તેના અતિચારના અર્થ લખ્યા પછી લખશું એટલે સહેજે સમજી શકાશે.

# સાતમા ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર

સાતમે ભોગોપભોગપરિમાણવ્રતે ભોજન આશ્રયી પાંચ અતિચાર અને કર્મહુંતી પંદર અતિચાર, એવં વીશ અતિચાર –

## સચ્ચિત્તે પડિબદ્ધે૦

સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધું. અપક્વાહાર, દુઃપક્વાહાર, તુચ્છ ઔષધિતણું ભક્ષણ કીધું. ઓળા, ઊંબી, પોંક, પાપડી ખાધાં.

સચ્ચિત્ત-દવ્વ-વિગઈ, વાણહ-તંબોળ-વત્થ-કુસુમેસુ;
વાહણ-સયણ-વિલેવણ, બંભ-દિસિ-ન્હાણ-ભત્તેસુ. ૧

એ ચૌદ નિયમ દિનગત રાત્રિગત લીધા નહીં. લઈને ભાંગ્યા, અથવા સંખેપ્યા નહીં. બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાયમાંહિ આદુ, મૂળા, ગાજર, પિંડ, પિંડાળુ, કચૂરો, સૂરણ, કુમળી આંબલી, ગળો, વાઘરડાં ખાધાં. વાસી કઠોળ, પોળી, રોટલી, ત્રણ દિવસનું દહીં[૧] લીધું. મધ, મહુડા, માખણ, માટી, વેંગણ,

---

૧. મૂળ છાપેલ અતિચારમાં ઓદન શબ્દ છે, પણ તે ભૂલ જણાય છે.

પીલુ, પીચુ, પંપોટા, વિષ, હિમ, કરા, ઘોલવડાં, અજાણ્યાં ફળ, ટીંબરૂં, ગુંદા, મહોર, બોળ અથાણું, આંબલબોર, કાચું મીઠું, તિલ, ખસખસ, કોઠીંબડા ખાધાં. રાત્રિભોજન કીધાં. લગભગ વેળાએ વાળુ કીધું. દિવસ વિણ ઉગ્યે શીરાવ્યા.

તથા કર્મતઃ પંદર કર્માદાન - ઈંગાલકમ્મે, વણકમ્મે, સાડીકમ્મે, ભાડીકમ્મે, ફોડીકમ્મે - આ પાંચ કર્મ. દંતવાણિજ્ય, લખ્ખવાણિજ્ય, રસવાણિજ્ય, કેસવાણિજ્ય, વિસવાણિજ્ય - એ પાંચ વાણિજ્ય. જંતપીલણકમ્મે, નિલંચ્છણકમ્મે, દવગ્ગીદાવણયા, સરદહતલાયસોસણયા, અસઈપોસણયા - એ પાંચ સામાન્ય - એવં પંદર કર્માદાન બહુસાવદ્ય, મહારંભવાળાં કીધાં. રાંગણ લીહાલાં કરાવ્યાં. ઈંટ નીભાડા પકાવ્યા, ધાણી ચણા પકવાન્ન કરી વેચ્યાં. વાસી માખણ તવાવ્યાં, તિલ વહોર્યા, ફાગણ માસ ઉપરાંત રાખ્યા, દલીદો કીધો. અંગીઠા કરાવ્યા. શ્વાન, બીલાડા, સુડા, સાલહી પોષ્યાં. અનેરાં જે કાંઈ બહુસાવદ્ય ખરકર્માદિક સમાચર્યાં. વાશી ગાર રાખી. લીંપણે-ગુંપણે મહારંભ કીધો. અણશોધ્યા ચૂલા સંધ્રુક્યા. ઘી, તેલ, ગોળ, છાશતણાં ભાજન ઉઘાડાં મૂક્યાં, તે માંહિ માખી, કુંતી, ઉંદર, ગરોળી પડી, કીડી ચડી, તેની જયણા ન કીધી.

સાતમે ભોગોપભોગપરિમાણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦

# સાતમા વ્રતના અતિચારના અર્થ

સાતમા વ્રતના બે પ્રકાર છે. ૧. ભોજનઆશ્રયી અને ૨. કર્માદાનઆશ્રયી. શ્રાવક પ્રાયે કર્માદાનનો ત્યાગ કરનારો જ હોય છતાં બધાં કર્માદાનનો ત્યાગ ન કરી શકે તો બની શકે તેટલાંનો ત્યાગ કરી, બાકીનામાં સંકોચ કરે.

પ્રથમ ભોજનઆશ્રયી પાંચ અતિચાર કહેવા માટે જે ગાથાનું પહેલું પદ **'સચ્ચિત્તે પડિબદ્ધે૦'** મૂકેલ છે તે આખી ગાથાનો અર્થ આ પ્રમાણે છે - ૧. સચિત્ત આહાર, ૨. સચિત્ત પ્રતિબદ્ધ આહાર, ૩. અપક્વાહાર, ૪. દુઃપક્વાહાર અને ૫. તુચ્છૌષધિનું ભક્ષણ. એ પાંચ અતિચાર આ દિવસ સંબંધી લાગ્યા હોય તેને પડિક્કમું છું.

૧. શ્રાવક પ્રાયે સચિત્તનો ત્યાગી હોય, છતાં ત્યાગ ન કરી શકે ને સચિત્ત વાપરે તો પહેલો અતિચાર. ૨. સચિત્ત પ્રતિબદ્ધ તે વૃક્ષાદિ સાથે ચોંટેલ ગુંદર વિગેરે ઉખેડીને ખાવાં તે સચિત્ત પ્રતિબદ્ધ આહાર નામનો બીજો અતિચાર. ૩. સચિત્ત વસ્તુ પાક્યા વિના ખાવી તે અપક્વાહાર નામનો ત્રીજો અતિચાર. ૪. કાંઈક પાકી, કાંઈક કાચી સચિત્ત વસ્તુ ખાવી તે દુઃપક્વાહાર નામનો ચોથો અતિચાર, અને ૫. તુચ્છૌષધિ એટલે જે વનસ્પતિ ખાતાં ખવાય થોડું ને કાઢી નખાય ઝાઝું તેવી વસ્તુ ખાવી તે તુચ્છૌષધિભક્ષણ નામનો પાંચમો અતિચાર. આ પાંચે અતિચાર પ્રાયે સચિત્તત્યાગના અંગના છે.

આ વ્રત ઘણું વિશાળ છે. તેમાં ભોગ ને ઉપભોગની અનેક વસ્તુઓનું પરિમાણ કરવાનું છે. એક વાર વાપરી શકાય એવા પુષ્પ, અન્નાદિ તે ભોગ અને એક વસ્તુ વારંવાર વપરાય તે વસ્ત્ર, મકાન વિગેરે ઉપભોગ. આનું પરિમાણ કરવા માટે શ્રાવકે દિવસ અને રાત્રિ સંબંધી ૧૪ નિયમ દરરોજ ધારવા જોઈએ. એને માટે અતિચારમાં **સચ્ચિત્ત દવ્વ વિગઈ૦** એ ગાથા આપેલ છે. તેનો ટૂંકો અર્થ આ પ્રમાણે છે - ૧. આજે સચિત્ત વસ્તુ કેટલી સંખ્યામાં વાપરવી ? ૨. આજે ખાવાના તમામ પદાર્થ સંખ્યામાં કેટલા વાપરવા ? ૩. છ વિગઇ પૈકી આજે કેટલી વાપરવી ? ૪. પાદરક્ષક (પગરખાં-ચંપલ-બૂટ) આજે કેટલી જોડ વાપરવાં ? ૫. તંબોળમાં વપરાતી વસ્તુ આજે કેટલા પ્રમાણ(તોલ)માં ખાવી ? ૬. આજે વસ્ત્ર કેટલા વાપરવા ? ૭. આજે સૂંઘવાના પદાર્થો કેટલા પ્રમાણ(તોલ)માં વાપરવાં ? ૮. આજે કેટલાં વાહનમાં બેસવું ? ૯. આજે કેટલી શય્યામાં સૂવું ? ૧૦. આજે વિલેપનમાં કેટલા તોલની વસ્તુ વાપરવી ? ૧૧. આજે બ્રહ્મચર્ય પાળવું કે કેમ ? ન પાળવું હોય તો પરિમાણ કરવું. ૧૨. આજે ચારે દિશાએ કેટલા ગાઉ-કિ.મી. જવું ? ૧૩. આજે કેટલી વાર આખા શરીરે સ્નાન કરવું ? ૧૪. આજે ભાતપાણી કેટલા તોલપ્રમાણ લેવા ? આ ચૌદ નિયમ ધારવાથી પારાવાર લાભ છે. તેમાં ધારેલ ઉપરાંતનો ત્યાગ સ્વતઃ થઈ જવાથી તેની વિરતિનો લાભ મળે છે. એ ધારવાની ઈચ્છાવાળાએ ખાસ ૧૪ નિયમોની વિગત ગુરુભગવંત અથવા નિયમધારક શ્રાવક પાસે વિસ્તારપૂર્વક સમજી શીખી લેવી.

આમાં બતાવેલ ૧૪ પ્રકાર સિવાય બીજા પણ છ-કાય સંબંધી તેમજ અસી-મસી-કૃષિ સંબંધી નિયમ ધારવામાં આવે છે. તે પણ સમજી લેવા.

આ ૧૪ નિયમો સવારે ધારવા ને સાંજે સંક્ષેપવા એટલે ધાર્યા કરતાં ઓછો ઉપયોગ કર્યો હોય તે લાભમાં સમજવો ને ભૂલથી વધારે ઉપયોગ થઈ ગયેલ હોય તો તેનું મિચ્છાદુક્કડં દેવું. એ જ પ્રમાણે રાત્રિને માટે સાંજે નિયમ ધારી બીજી સવારે સંક્ષેપવા.

આ પ્રમાણે નિયમો શ્રાવક ધારે નહીં કે ધારીને સંક્ષેપે નહીં તો તેને અતિચાર લાગે.

અતિચારમાં પ્રથમ ઓળા(ચણાના), ઉંબી(ઘઉં ને જવની), પોંખ - ઘઉં કે બાજરાનો અને પાપડી - વાલ, ચોળી વિગેરેની - ખાવાથી અતિચાર લાગવાનું કહ્યું છે તે પણ સચિત્ત ત્યાગના અંગનું જ છે.

હવે બાવીશ અભક્ષ્યનો ત્યાગ કરવાનું કહે છે.[1] તેનો યથાશક્તિ જરૂર ત્યાગ કરવો. અતિચારમાં તેમાંનાં કેટલાંક

---

૧. **બાવીશ અભક્ષ્યના નામો આ પ્રમાણે :** ૧. ઉંબરાનાં ફળ, ૨. વડનાં ટેટાં, ૩. કોઠીંબડાં, ૪. પીપળાની પેપડી, ૫. પીપરનાં ટેટાં (આ પાંચે વસ્તુ ત્રસજીવાકુળ હોય છે.) ૬. સ્વાભાવિક ને કૃત્રિમ બરફ, ૭. મધ, ૮. માખણ, ૯. મદિરા, ૧૦. માંસ, ૧૧. સર્વ જાતિનાં ઝેર (અફીણ, સોમલ, વછનાગ વિગેરે), ૧૨. વરસાદના કરા, ૧૩. કાચી માટી ને કાચું મીઠું, ૧૪. રાત્રિભોજન, ૧૫. બહુબીજવાળી વસ્તુઓ, ૧૬. બોળ અથાણું, ૧૭. વિદળ (કાચા દૂધ, દહીં, છાશ સાથે કઠોળ ખાવું તે), ૧૮. વેંગણ (રીંગણા), ૧૯. અજાણ્યાં ફળ, ૨૦. તુચ્છ ફળ, ૨૧. ચલિત રસ (વાસી પદાર્થો વિગેરે), ૨૨. અનંતકાય (કંદમૂળ વિગેરે).

અભક્ષ્યોની થોડી થોડી હકીકત લીધી છે. અનંતકાય (સાધારણ) વનસ્પતિ કે જેમાં એક શરીરમાં અનંતા જીવો હોય છે તેનો સમાવેશ તો ૨૨ અભક્ષ્યમાં થાય છે, પરંતુ આ તો શ્રાવકે ખાસ તજવા લાયક હોવાથી તેને જુદું કહેલ છે અને અનંતકાય તરીકે ઓળખાતી કેટલીક વસ્તુઓના નામો પણ આપ્યા છે. તેમાં મૂળા શબ્દે તેના કંદને અનંતકાય સમજવા. કુમળી આંબલી જેની અંદર બીજ બાઝેલ ન હોય તે સમજવી. વાઘરડા[૧] દેશવિશેષમાં વપરાતી કોઈ વસ્તુ જણાય છે. તે સર્વનો ત્યાગ કરવો. એમાંના ઘણા પદાર્થો તો જાણીતા હોવાથી તેના અર્થ લખ્યા નથી. જમીનમાં થતાં તમામ કંદમૂળનો એમાં સમાવેશ થાય છે. એને સમજીને તેનો ત્યાગ જરૂર કરવો.

ત્યારપછી વાસી - રાતવાસી રાખેલ કઠોળ, પોળી – પૂરણપોળી, ભાખરી, પોચી પૂરી ને રોટલી, ભાત-દાળ વિગેરે ખાવાનો ત્યાગ સૂચવ્યો છે. ત્યારપછી ત્રણ દિવસનું એટલે ૧૬ [૨]પહોર વ્યતીત થયેલું દહીં ત્યાગ કરવાનું સૂચવ્યું છે. ત્યારપછી અભક્ષ્ય ગણાતા બીજા કેટલાક પદાર્થો મધ, મહુડા, માખણ વિગેરે ગણાવ્યા છે તે પ્રગટાર્થ હોવાથી તેનો ઉલ્લેખ અહીં કરીને કરેલ નથી. તે બધી વસ્તુઓ ત્યાગ કરવા લાયક છે એમ સમજવાનું છે.

---

૧. તદન કૂણાં ચીભડાં. ૨. સવારે મેળવેલ હોય તે બીજા દિવસની રાત્રિ સુધી (૧૬) પ્રહર ખપે સાંજે મેળવેલ પણ બીજા દિવસની રાત્રી સુધી ૧૨ પ્રહર ખપે. ત્રીજા દિવસની સવારે તો ભાંગીને છાશ કરવી જ પડે; દહીં ન ખપે.

ત્યારપછી રાત્રિભોજનના ત્યાગ સંબંધી કહેલ છે. તેનો સમાવેશ પણ બાવીશ અભક્ષ્યમાં છે. રાત્રિભોજનનો ત્યાગ કર્યા છતાં લગભગ વેળાએ જમવું કે દિવસ ઉગ્યા અગાઉ શીરાવવું - નાસ્તો કરવો તે ખાસ અતિચાર છે. રાત્રિભોજનનો ત્યાગ જ ન કરે તે મોટા દોષને પાત્ર છે. શ્રાવકપણાને તે ન છાજે તેવું છે.

ત્યારપછી પંદર કર્માદાનના ત્યાગની હકીકત આવે છે. એનો અર્થ વિસ્તારથી સમજવા યોગ્ય છે. અહીં તો માત્ર ટૂંકામાં જ તેનો અર્થ સમજાવ્યો છે. ૧. જેમાં અગ્નિનો પુષ્કળ આરંભ હોય તે ઈંગાલકર્મ, ૨. જેમાં વનનાં ઝાડ કપાવવાનાં હોય તે વનકર્મ, ૩. જેમાં ગાડાં, ગાડી, ખટારા વિગેરે વાહનો વેચવા-સાટવાનાં હોય તે સાડીકર્મ, ૪. જેમાં ગાડાં - ગાડી વિગેરે વાહનો ભાડે આપવામાં આવે, પોતાની તરફથી ભાડું ઉપજાવવા માટે ફેરવવામાં આવે તે ભાટકકર્મ, ૫. જેમાં પથ્થર વિગેરે કાઢવા માટે સુરંગો ફોડવાની હોય, બીજી રીતે પણ જમીન ફોડવાની હોય તે ફોડીકર્મ, ૬. જેમાં દાંત, નખ વિગેરે પશુઓનાં અંગોપાંગો વેચવાનાં હોય તે દંતવાણિજ્ય, ૭. જેમાં લાખ, રાળ, ધાવડી વિગેરે હિંસક પદાર્થો વેચવાના હોય તે લાખવાણિજ્ય, ૮. જેમાં ઘી, તેલ, ઢીલો ગોળ, મદિરા વિગેરે પ્રવાહી પદાર્થો વેચવાના હોય તે રસવાણિજ્ય, ૯. જેમાં અફીણ, સોમલ, વચ્છનાગ વિગેરે પ્રાણનાશક ઝેરી પદાર્થો વેચવાના હોય તે વિષવાણિજ્ય, ૧૦. જેમાં કેશ -

ચમરી ગાયના વાળ વિગેરે પદાર્થો વેચવાના હોય તે કેશવાણિજ્ય, ૧૧. જેમાં યંત્રોવડે વસ્તુ પીલવાનું કાર્ય થાય તે યંત્રપીલણ કર્મ - આઢ, વાઢ, જિન, મિલ, પ્રેસ વિગેરે, ૧૨. જેમાં જનાવરોનાં અંગોપાંગ છેદવામાં આવે તે નિર્લાંછન કર્મ, ૧૩. વનમાં દાવાનળ દેવો - અગ્નિ સળગાવવો તે દવદાન કર્મ, ૧૪. સરોવર, કૂપ, દ્રહ, કુંડ વિગેરે જળાશયોનાં પાણી શોષવવા તે સરદહતલાવશોષણ કર્મ અને ૧૫. હિંસક પશુઓ તેમજ પક્ષીઓ વાઘ, સિંહ, દીપડા, વરૂ, રીંછ, ચિત્તા તેમજ બાજ વિગેરે પક્ષીઓને પાળવામાં આવે, તેના વડે હિંસક કામ લેવામાં આવે તે અસતીપોષણ કર્મ. આ પ્રમાણેનાં કર્માદાનો મહાઆરંભવાળાં અને અતિશય પાપકર્મ બંધાવનારાં છે, તે શ્રાવકે જરૂર તજવાં જોઈએ. ન તજે તો અતિચાર દોષ લાગે અર્થાત્ આ સાતમું વ્રત જ એક પ્રકારે અધૂરું લીધું ગણાય.

ઉપર પ્રમાણેનાં કર્માદાનો કહ્યા પછી તેના અંગની જ કેટલીક બાબતો કહી છે. વસ્ત્ર રંગવાનું કામ, લીહાલા - કોલસા કરાવવાનું કામ, ઇંટના નીભાડા કે ચુનાની ભઠ્ઠી કરાવવાનું કામ, ધાણી - ચણા ભુંજાવવાનું કામ (ભાડભુંજાપણું), પકવાન્ન કરવાનું કામ (સુખડીઆનો ધંધો), વાસી માખણ કે જેમાં બેઇંદ્રિય જીવો પડી ગયેલ હોય તે તવાવવાનું કામ, તલ ખરીદવા ને ફાગણ માસ ઉપરાંત રાખવા કે જેથી તેમાં તેમ જ સીંગ વિગેરેમાં પુષ્કળ જીવોત્પત્તિ

થઈ જાય છે તે કામ. દલીદો[1] કરાવવાનું કામ. અંગીઠા એક જાતના (સોનીના) ચૂલા કરાવવાનું કામ. શ્વાન, બિલાડાં વિગેરે હિંસક પશુ-પક્ષીને પોષવાનું કામ. આ સિવાય બીજા પણ જે બહુ સાવદ્ય - ઘણાં પાપવાળાં કાર્ય - ખરકર્મ - કર્કશ કર્મ કરવાં, તે બધાનો પ્રાયે ઉપર જણાવેલાં કર્માદાનોમાં જ સમાવેશ થઈ જાય છે. (કર્માદાનો અન્યસ્થાનેથી સારી રીતે સમજવાં.)

ત્યારપછી વાસી ગાર રાખી વિગેરે વાક્યો પણ ત્રસ જીવોની વિરાધનાના અંગનાં જ કહ્યા છે તે તજવા લાયક છે. ઘી, તેલ વિગેરેનાં ભાજન ઉઘાડાં ન મૂકવાં જોઈએ. ચૂલો પ્રમાર્જીને જ સળગાવવો જોઈએ. આ બધી બાબતો શ્રાવકધર્મ જ જયણાપ્રધાન હોવાથી તેને અંગે કહેવામાં આવી છે. શ્રાવકે જરૂર તે બધી બાબતોની જયણા પાળવી જોઈએ, નહીં તો જરૂર જીવવિરાધના લાગે અને સાતમું વ્રત દૂષિત થાય.

આ વ્રતના અતિચાર કહેતાં પાર આવે તેમ નથી.

આ વ્રત સંબંધી જે કાંઈ દોષ-અતિચાર લાગેલ હોય તેને માટે મિચ્છા દુક્કડં દેવામાં આવે છે.

**ઈતિ સપ્તમ વ્રતાતિચારાર્થ.**

• • •

---

૧. તલ-ગોળ-ધાણી ભેગાં કૂટી તેની સાની બનાવવી તે.

## શ્રાવકના આઠમા વ્રતના અતિચાર

આઠમે અનર્થદંડ વિરમણ વ્રતે પાંચ અતિચાર –

કંદપ્પે કુક્કુઈએ૦

કંદર્પ લગે વિટચેષ્ટા, હાસ્ય, ખેલ, કુતૂહલ કીધાં. પુરુષ-સ્ત્રીનાં હાવભાવ, રૂપ, શૃંગાર, વિષયરસ વખાણ્યાં. રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા કીધી. પરાઈ તાંત કીધી તથા પૈશુન્યપણું કીધું. આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધ્યાયાં. ખાંડાં, કટાર, કોશ, કુહાડા, રથ, ઉખળ, મૂશળ, અગ્નિ, ઘંટી, નિસાહ, દાતરડાં પ્રમુખ અધિકરણ મેલી દાક્ષિણ્યલગે માગ્યાં આપ્યાં. પાપોપદેશ કીધો. અષ્ટમી-ચતુર્દશીએ ખાંડવા દળવાતણા નિયમ ભાંગ્યા. મુખરપણાલગે અસંબદ્ધ વાક્ય બોલ્યાં. પ્રમાદાચરણ સેવ્યાં. અંઘોહળે, નાહણે, દાતણે, પગ ધોઅણે ખેલ, પાણી, તેલ છાંટ્યાં. ઝીલણે ઝીલ્યા, જુગટે રમ્યા, હિંચોળે હિંચ્યા. નાટક-પ્રેક્ષણક જોયાં. કણ, કુવસ્તુ, ઢોર લેવરાવ્યાં. કર્કશ વચન બોલ્યાં. આક્રોશ કીધા, અબોલાં લીધાં, કરકડા મોડ્યા, મત્સર ધર્યો, સંભેડા

લગાડ્યા, શ્રાપ દીધા. ભેંસા, સાંઢ, હુડુ, કુકડા, શ્વાનાદિક ઝુઝાડ્યાં, ઝુઝતાં જોયાં. ખાદીલગે અદેખાઈ ચિંતવી. માટી, મીઠું કણ, કપાસીયાં કાજ વિણ ચાંપ્યાં - તે ઉપર બેઠા. આલી વનસ્પતિ ખૂંદી. સૂઈ, શસ્ત્રાદિક નિપજાવ્યાં. ઘણી નિદ્રા કીધી. રાગ-દ્વેષ લગે એકને ઋદ્ધિ-પરિવાર વાંછી; એકને મૃત્યુ-હાનિ વાંછી.

**આઠમે અનર્થદંડ વિરમણ વ્રત વિષઈઓ૦**

## આઠમા વ્રતના અતિચારના અર્થ

આ આઠમા વ્રતનું નામ અનર્થદંડવિરમણ એટલે અનર્થદંડનો ત્યાગ કરવો તે છે. અનર્થદંડના મુખ્ય ચાર પ્રકાર છે –

૧ અપધ્યાન - આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધ્યાવાં તે.

૨ પાપોપદેશ - જે ક્રિયા કરવાથી પાપ થાય તે કરવાનો ઉપદેશ કરવો તે.

૩ હિંસ્રપ્રદાન - જે અધિકરણાદિથી હિંસા થાય તેવી વસ્તુ આપવી તે.

૪ પ્રમાદાચરિત - અજયણાએ પ્રવૃત્તિ કરવી, હાસ્ય-વિકથાદિ કરવું, ભોગનાં સાધનો વધારે પડતાં રાખવાં તે.

આ ચાર પ્રકારનો ઘણો વિસ્તાર થઈ શકે તેમ છે, પરંતુ અહીં તો માત્ર મૂળ વસ્તુ જ સમજાવી છે. વધારે જાણવાની ઈચ્છાવાળાએ જૈનકથારત્નકોષ, ભાગ ચોથામાં અર્થદીપિકાનું ભાષાંતર વાંચવું.

આ વ્રતના પાંચ અતિચાર તજવાના છે તેને માટે **કંદપ્પે કુક્કુઈએ૦** આ પ્રથમ પદવાળી ગાથામાં પાંચ અતિચાર સૂચવ્યા છે. તેનો અર્થ આ પ્રમાણે -

**૧. કંદર્પ** - બીજાને જે વચનો સાંભળવાથી કામ જાગે એવાં વચનો બોલવાં તે.

**૨. કુક્કુઈએ** - બીજાને હાસ્ય ઉપજે - કામવાસના જાગે એવી કુત્સિત ચેષ્ટાઓ કરવી તે.

**૩. મુખરી** - વાચાળપણે જેમ તેમ - યદ્વા તદ્વા બોલવું તે.

**૪. અધિકરણ** - શસ્ત્રાદિ હિંસક પદાર્થો - અધિકરણો સજ્જ રાખવા તે.

**૫. ભોગાતિરિક્ત** - પોતાના ઉપયોગમાં આવે તે કરતાં વધારે ભોગસામગ્રી તૈયાર રાખવી જેથી બીજાને તે વાપરવાની ઈચ્છા થાય તે.

હવે આ પાંચે અતિચારનું વિવરણ ઉપર કહેલ છે તેનો અર્થ -

કંદર્પ - કામ ઉત્પન્ન થાય તેવી વિટ (જાર) પુરૂષની જેવી ચેષ્ટા કરી, હાસ્ય કર્યું, તેવા ખેલ કર્યા. કુતૂહલ ઉપજાવ્યું.

પુરૂષ ને સ્ત્રીનાં હાસ્યનાં, રૂપનાં, શૃંગારનાં, વિષયરસનાં વખાણ કર્યાં. રાજકથા - રાજ્ય સંબંધી કથા, દેશકથા - દેશ સંબંધી કથા, ભક્તકથા - ભોજન સંબંધી કથા અને સ્ત્રીકથા - સ્ત્રી સંબંધી કથા, આ ચાર વિકથાઓ કર્મબંધ કરાવે તેવી ગણાય છે, તે કરી. પારકી તાંત એટલે હલકી વાત કરી તેમજ પૈશુન્યપણું એટલે ચાડિયાપણું કર્યું. આર્ત્ત ને રૌદ્રધ્યાન ધ્યાયાં તે દરેક ધ્યાનના ચાર ચાર પ્રકાર છે. **૧. ઈષ્ટવિયોગ, ૨. અનિષ્ટ સંયોગ, ૩. રોગચિંતા** અને **૪. નિદાનકરણ** - આગામી ભવે સુખપ્રાપ્તિ માટે નિયાણું કરવું તે, — આ ચાર પ્રકાર આર્ત્તધ્યાનના છે. ૧. હિંસાનુબંધી, ૨. અસત્યાનુબંધી, ૩. સ્તેયાનુબંધી અને ૪. સંરક્ષણાનુબંધી - આ ચાર પ્રકાર રૌદ્રધ્યાનના છે. આ બંને દુર્ધ્યાન છે અને તિર્યંચ તથા નરકગતિમાં લઈ જનારાં છે તેથી તે વર્જ્ય છે. આનો વિસ્તાર પણ અર્થદીપિકા વિગેરેથી જાણવો. ખાંડાં - તલવાર, કટાર - નાની હોય છે, કોશ - જમીન ખોદનાર, કુહાડા - કાષ્ટાદિ ફાડનાર, રથ - વાહનો, ઉખળ - ખાંડણીઓ, મુશળ - સાંબેલું, અગ્નિ, ઘંટી, નિશાહ - દાળ વિગેરે વાટવાનું પથ્થરનું સાધન (છીપર) અને દાતરડાં વિગેરે અધિકરણો તૈયાર રાખી દાક્ષિણ્યતાથી માગ્યાં આપ્યાં. પાપોપદેશ - પાપકાર્ય કરવાનો - ખેતર ખેડવાનો, મકાન બંધાવવાનો, ફરી પરણવાનો, મુસાફરી કરવાનો — વિગેરે ઉપદેશ આપ્યો. આઠમ-ચૌદશ વિગેરે તિથિઓએ આરંભ કરવાના નિયમ

લઈને ભાંગ્યા. મુખર(વાચાળ)પણાથી કાંઈપણ સંબંધ વિનાનાં - કોઈને હાનિ થાય તેવાં વાક્યો બોલ્યાં. પ્રમાદાચરણ એટલે પ્રમાદ ઉપજે - શરીર પર મોહ વધે તેવાં આચરણો અનેક પ્રકારનાં છે, તે કર્યાં. શ્રાવકોએ સર્વ કાર્ય જયણાપૂર્વક કરવા જોઈએ છતાં જયણા ન પાળી. અંઘોળ કરવો, ન્હાવું, દાતણ કરવું, પગ ધોવા એ બધા કાર્યમાં જયણાનો ખપ કરવો જોઈએ, તે કરતાં કે કર્યા પછી સૂક્ષ્મ ત્રસ જીવોની વિરાધના ન થવી જોઈએ તેનો ઉપયોગ ન રાખ્યો. જળક્રીડા કરવા જળાશયે ગયા. અનેક પ્રકારની જળક્રીડા કરી. જૂગટું રમ્યા. હિંચકે હિંચ્યા. નાટકો, સિનેમા-ટી.વી. અને અન્ય અનેક જાતના ખેલો જોવા ગયા. બીજાની પાસે ધાન્ય, હલકી વસ્તુ, ઢોર વિગેરેની ખરીદી કરાવી. કોઈને સાંભળતાં દુઃખ ઉપજે તેવાં કર્કશ વચનો બોલ્યાં. કોઈની ઉપર આક્રોશ કર્યો, તાડના-તર્જના કરી. કોઈની સાથે રીસાઈને અબોલાં લીધાં. સ્ત્રીની જેમ કરકડાં મોડ્યાં. કોઈપણ પ્રકારનું અભિમાન કર્યું. એક-બીજાની પરસ્પર સાચી-ખોટી વાતો કરી લડાવ્યા. કોઈને તેનું ભૂંડું થાય તેવા શ્રાપ દીધા. ભેંસા તે પાડા, સાંઢ, હુડુ(બોકડા), કૂકડા, કૂતરા વિગેરેની લડાઈ કરાવી. તે જોઈને આનંદિત થયા. પોતાની તરફવાળાની તેમાં હાર થતી જોઈ સામાની અદેખાઈ કરી. માટી, મીઠું વિગેરે સચિત્ત પદાર્થો વગર કામે ચાંપ્યા, તેની ઉપર બેઠા. લીલી

વનસ્પતિ કામ વિના તોડી - ખૂંદી - તેની ઉપર ચાલ્યા. સોય, છરી, કાતર, સૂડી યાવત્ મોટાં શસ્ત્રો બનાવ્યાં. બહુ ઊંઘ્યા. રાગ-દ્વેષને લઈને પોતાના રાગીનું હિત ઈચ્છ્યું ને દ્વેષીનું અહિત ઈચ્છ્યું. આ પ્રમાણે અનેક પ્રકાર એવા છે કે જેથી પ્રાણી નકામાં કર્મ બાંધે છે. તે ન વર્જતાં જે કાંઈ તેવાં કાર્ય કર્યાં - એટલે આ આઠમા વ્રતમાં અતિચાર લગાડ્યા તેનું મિચ્છા દુક્કડં આપું છું.

આ વ્રત ઘણું વિશાળ છે તેના ચારે પ્રકારનો સર્વથા ત્યાગ થવો મુશ્કેલ છે, પરંતુ યથાશક્તિ ત્યાગ કરવાની જરૂર છે.

આને માટે કહે છે કે -

"સ્વજન શરીરને કારણે, પાપે પેટ ભરાય;<br>
તે નવિ અનર્થદંડ છે, એમ ભાખે જિનરાય." ૧

આ દુહાનું તાત્પર્ય એ છે કે - સંસારી જીવ જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી પોતાને માટે અને પોતાના પરિવારને માટે પાપવ્યાપારાદિક કરવા પડે તો તે અનર્થદંડ ગણાતા નથી; વિના કારણ કરે તે અનર્થદંડ કહેવાય છે.

**ઈતિ અષ્ટમવ્રતાતિચારાર્થ.**

'અનર્થદંડનો ત્યાગ કરવો ને અર્થદંડનો ન કરવો' તેનો અર્થ એવો નથી કે તેમાં પાપ નથી, પરંતુ શ્રાવકથી તે તજી શકાય તેમ નથી, અશક્યપરિહાર છે; છતાં તેમાં પણ પાપ તો

લાગે જ છે તેથી બની શકે તેટલો તેમાં સંકોચ કરવો અને સર્વથા ત્યાગની ભાવના રાખવી.

આ સાતમું ને આઠમું જે ગુણવ્રત કહેવાય છે તે પહેલા પાંચ અણુવ્રતને અનેક પ્રકારે ગુણ-લાભ કરે છે તેથી ગુણવ્રત કહેવાય છે. સાતમા વ્રતમાં અનેક પ્રકારનો - સચિત્તાદિકનો તેમ જ કર્માદાનના; વ્યાપારનો ત્યાગ છે તેથી ઘણી હિંસાથી બચી જવાય છે તેમ જ ચોથા ને પાંચમા વ્રતમાં પણ સ્પષ્ટપણે લાભ થાય છે. બીજા-ત્રીજા વ્રત માટે પ્રાસંગિક લાભ સમજી લેવાનો છે.

આઠમા વ્રતમાં અનર્થદંડનો ત્યાગ કરવાથી પાંચે અણુવ્રતમાં ગુણ થાય છે તે પણ વધારે વિચાર કરતાં સમજી શકાય તેમ છે. અનર્થદંડનો ત્યાગ નહીં કરનાર હિંસા વિગેરે પાંચે અવ્રતને વધારે પડતાં સેવે છે તેનો અનર્થદંડ તજવાથી ત્યાગ થાય છે.

# નવમા સામાયિકવ્રતના અતિચાર

નવમે સામાયિકવ્રતે પાંચ અતિચાર –

"તિવિહે દુપ્પણિહાણે૦"

સામાયિક લીધે મને આહટ્ટ દોહટ્ટ ચિંતવ્યું. સાવદ્ય વચન બોલ્યાં. શરીર અણપડિલેહ્યું હલાવ્યું. છતી વેળાએ સામાયિક ન લીધું. સામાયિક લઈ ઉઘાડે મુખે બોલ્યા. ઊંઘ આવી. વાત-વિકથા ઘરતણી ચિંતા કીધી. વીજ-દીવાતણી ઉજ્જેહી હુઈ. કણ, કપાસિયાં, માટી, મીઠું, ખડી, ધાવડી, અરણેટો પાષાણ પ્રમુખ ચાંપ્યાં. પાણી, નીલ, ફૂલ, સેવાલ, હરિયકાય, બીયકાય ઇત્યાદિક આભડ્યાં. સ્ત્રી-તિર્યંચતણા નિરંતર-પરંપર સંઘટ્ટ હુઆ. મહુપત્તિ ઓસંઘટ્ટી. સામાયિક અણપૂગ્યું પાર્યું, પારવું વિસાર્યું. નવમે સામાયિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦

# નવમા વ્રતના અતિચારના અર્થ

નવમાથી માંડીને બારમા સુધીનાં ચાર વ્રતો શિક્ષાવ્રત કહેવાય છે. જે વારંવાર કરવામાં આવે તે શિક્ષા કહેવાય છે. સામાયિકાદિક શ્રાવકે દરરોજ કરવાનાં છે અને પર્વ દિવસે પૌષધાદિક કરવાનાં છે. એ વ્રતોના આરાધનથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે અને દેશવિરતિ ધર્મનું ચારિત્રસ્વરૂપે આરાધન થાય છે. એ ચારમાં પ્રથમ સામાયિક વ્રત છે. તેનું પ્રમાણ (ઓછામાં ઓછું) બે ઘડી અથવા ૪૮ મિનિટનું છે. એ પ્રમાણેના સામાયિક દરરોજ સમયાનુસાર એકથી વધારે થઈ શકે છે. સવાર-સાંજ દેશવિરતિ અંગીકાર કરનાર શ્રાવકે પ્રાયે પ્રતિક્રમણ કરવું જ જોઈએ તેનો સમાવેશ પણ આ વ્રતમાં જ થાય છે, કારણ કે પ્રતિક્રમણ સામાયિક લઈને જ કરી શકાય છે, તેમ જ પ્રતિક્રમણ છ આવશ્યકરૂપ છે. તેમાં પ્રથમ આવશ્યક પણ સામાયિક છે.

આ વ્રતના પાંચ અતિચાર **તિવિહે દુપ્પણિહાણે૦** એ પદવાળી ગાથામાં બતાવ્યા છે. તે ગાથાનો અર્થ એ છે કે - ત્રણે પ્રકારનું (મન-વચન-કાયાનું) દુઃપ્રણિધાન એટલે અશુભ ચિંતવન કરવું, અયોગ્ય બોલવું અને અશુભ ચેષ્ટા કરવી તે ત્રણ અતિચાર. અનવસ્થા - વ્યવસ્થાપૂર્વક સામાયિક ન કરવું તે ચોથો અતિચાર અને સ્મૃતિવિહીન - ક્રિયામાં ભૂલ કરવી અથવા પારવાનું ભૂલી જવું એ પાંચમો અતિચાર. આ પ્રમાણેના અતિચારોવડે સામાયિકને વિતથ - અસત્ય કરવું,

તદ્રૂપ પહેલા શિક્ષાવ્રતમાં લાગેલા દોષને હું નિંદુ છું. ત્યારપછી તે અતિચારનું વિવરણ છે, તેનો અર્થ આ પ્રમાણે -

સામાયિક લઈને મનમાં ન કરવા યોગ્ય અનેક પ્રકારના વિચારો કર્યા. પાપકારી વચનો બોલ્યાં. શરીર પડિલેહ્યા વિના ફેરવ્યું, ઊભા થયા, ચાલ્યા. સમય - ફુરસત છતાં સામાયિક લીધું નહીં. સામાયિક લઈને મુહપત્તિ મુખ-આડી રાખ્યા સિવાય બોલ્યા. નિદ્રા લીધી. સંસારી વાતો કરી, વિકથા કરી, ઘર સંબંધી ચિંતા કરી. વીજળીની કે દીવાની શરીર પર ઉજ્જેહી (પ્રકાશ) પડી. ધાન્યાદિક સચિત્ત વસ્તુ પગવડે ચાંપી - દબાવી કે જેથી તેની વિરાધના થાય. પાણી વિગેરે સચિત્ત વસ્તુને આભડ્યા એટલે તેનો સ્પર્શ કર્યો. સ્ત્રી અથવા તિર્યંચને સંસ્પર્શ અનંતર (નિરંતર) કે પરંપર ન થવો જોઈએ તે કર્યો. મુહપત્તિને જેમ તેમ વાળી-ચૂંથી-જ્યાં ત્યાં લગાડી[1], મુહપત્તિથી ત્રણ હાથ કરતાં વધારે દૂર ગયા, તે મુહપત્તિ ઓસંઘટ્ટી=ઉત્સંઘટ્ટી. સામાયિક ૪૮ મિનિટ થયા વિના પાર્યું અથવા પાર્યા વિના જ ઊભા થઈ ગયા. આ બધો ચોથા - પાંચમા અતિચારનો વિસ્તાર છે. આ પાંચ અતિચારમાંથી જે કોઈ અતિચાર લાગ્યો હોય તેને માટે મન-વચન-કાયાથી મિચ્છા દુક્કડં આપું છું.

**ઈતિ નવમ-સામાયિકવ્રતાતિચારાર્થ.**

• • •

૧. મુહપત્તિ કેડ નીચે અને ચરવળો કેડ ઉપર લગાડવો ન જોઈએ.

## દશમા દેશાવગાસિક વ્રતના અતિચાર

દશમે દેશાવગાસિકવ્રતે પાંચ અતિચાર –

"આણવણે પેસવણે૦"

આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદ્દાણુવાઈ, રૂવાણુવાઈ, બહિયાપુગ્ગલપક્ખેવે - નિયમિત ભૂમિકામાંહે બહારથી કાંઈ અણાવ્યું. આપણ કન્હે થકી બહાર કાંઈ મોકલ્યું. અથવા રૂપ દેખાડી, કાંકરો નાખી, સાદ કરી, આપણપણું છતું જણાવ્યું. દશમે દેશાવગાસિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦

### દશમા વ્રતના અતિચારના અર્થ

આ વ્રતમાં પ્રથમ, સાતમા વ્રતમાં આખી જિંદગી માટે કરેલા નિયમમાં - ચૌદ નિયમને અંગે કરેલી ધારણામાં - એક દિવસ માટે સંક્ષેપ કરવાનો છે. ખાસ કરીને તો દિશામાં ચોક્કસ સંક્ષેપ કરી ઉપાશ્રય કે પોસહશાળાની બહાર ન જવાનો નિયમ કરવાનો છે. (ધર્મકાર્ય માટે જવાની છૂટ હોય છે.) આ વ્રતના પાંચ અતિચાર છે તે **આણવણે પેસવણે૦** એ

પ્રથમ પદવાળી ગાથામાં બતાવ્યા છે. વિશેષ અતિચારમાં પણ તે પાંચ શબ્દો વડે બતાવ્યા છે તે આ પ્રમાણે -

૧. આણવણપ્પઓગ - મુકરર કરેલી હદની બહારથી કોઈ વસ્તુ મંગાવવી તે.

૨. પેસવણપ્પઓગ - મુકરર કરેલી ભૂમિથી બહાર કોઈ વસ્તુ મોકલવી તે.

૩-૪-૫. નિયમિત ભૂમિકાથી બહાર રહેલાને બોલાવવા માટે વ્રતનું ઉલ્લંઘન ન થવાના વિચારથી શબ્દ વડે ન બોલાવતાં કાંઈક મૂંગો શબ્દ કરવો કે જેથી તે, અહીં કોઈ છે ને મને બોલાવે છે એમ જાણી જાય, અથવા પોતાનું શરીર દેખાડી કે કાંકરો નાખી તેમ કરવું. આ ત્રણે જુદા જુદા અતિચાર છે અને તે વર્જ્ય છે.

વિશિષ્ટ અતિચારમાં આ વાત જ કરી છે, તેમાં કાંઈ વિશેષ કહેલ નથી. આ વ્રતના પાંચ અતિચારમાંથી કોઈ પણ અતિચાર લાગ્યો હોય તો તેને માટે મિચ્છા દુક્કડં આપું છું.

આ વ્રતની અંદર છઠ્ઠા વ્રતમાં કરેલ દિશિપરિમાણવ્રતનો પણ સંક્ષેપ કરવામાં આવે છે.

હાલમાં તો દિશિનું પરિમાણ કર્યા ઉપરાંત સવાર-સાંજના પ્રતિક્રમણ સહિત દશ સામાયિક કરવા તેને દેશાવગાસિક કહેવામાં આવે છે અને તેવાં દેશાવગાસિક આખા વર્ષમાં અમુક સંખ્યામાં કરવાં એવો નિયમ લેવામાં આવે છે.

**ઈતિ દશમ વ્રતાતિચારાર્થ.**

# અગ્યારમા પૌષધોપવાસવ્રતના અતિચાર

અગ્યારમે પૌષધોપવાસવ્રતે પાંચ અતિચાર –

## સંથારુચ્ચારવિહિ૦

અપ્પડિલેહિય, દુપ્પડિલેહિય સજ્જાસંથારએ. અપ્પડિલેહિય, દુપ્પડિલેહિય ઉચ્ચાર-પાસવણ ભૂમિ. પોસહ લીધે સંથારાતણી ભૂમિ ન પુંજી. બાહિરલાં લહુડાં વડાં સ્થંડિલ દિવસે શોધ્યાં નહીં, પડિલેહ્યાં નહીં. માતરું અણપુંજ્યું હલાવ્યું, અણપુંજી ભૂમિકાએ પરઠવ્યું. પરઠવતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' ન કહ્યું. પરઠવ્યા પૂંઠે વાર ત્રણ 'વોસિરે, વોસિરે' ન કહ્યું. પોસહશાળામાંહિ પેસતાં નિસિહી, નિસરતાં આવસ્સહી વાર ત્રણ ભણી નહીં. પુઢવી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસકાયતણા સંઘટ્ટ પરિતાપ ઉપદ્રવ હુઆ. સંથારાપોરિસીતણો વિધિ ભણવો વિસાર્યો. પોરિસીમાંહે ઊંઘ્યા. અવિધિએ સંથારો પાથર્યો. પારણાદિકતણી ચિંતા કીધી. કાળવેળાએ દેવ ન વાંદ્યા. પડિક્કમણું ન કીધું. પોસહ અસૂરો લીધો, સવેરો પાર્યો.

**પર્વતિથિએ પોસહ લીધો નહીં. અગ્યારમે પૌષધોપવાસવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦**

**ઈતિ પૌષધોપવાસ વ્રતાતિચાર.**

## અગ્યારમા વ્રતના અતિચારના અર્થ

અગ્યારમા પૌષધોપવાસવ્રત સંબંધી અતિચારના પ્રારંભમાં આપેલ **સંથારુચ્ચારવિહિ૦** એક પદવાળી આખી ગાથાનો અર્થ આ પ્રમાણે છે : ૧-૨. સંસ્તારક (સંથારો) ને ઉચ્ચાર - પ્રશ્રવણ (વડીનીતિ, લઘુનીતિ) સંબંધી અવિધિ એટલે તે બન્ને વાનાં પડિલેહવાં - પ્રમાર્જવાં નહીં અથવા બરાબર પડિલેહવાં - પ્રમાર્જવાં નહીં તે. ૩. પૌષધમાં વિધિ વિગેરે કરવામાં પ્રમાદ કરવો. ૪. પારણે ભોજન કરવા સંબંધી ચિંતા - સંકલ્પ કરવા અને ૫. પૌષધની વિધિમાં વિપરીતતા કરવી - બરાબર વિધિ ન કરવી તે. આ પ્રમાણેના ત્રીજા શિક્ષાવ્રતના અતિચારને નિંદુ છું.

આગળ આ પાંચે અતિચારનો જ વિસ્તાર કહેલો છે. વધારે વિવરણમાં કહેલ છે કે - અપ્રતિલેખિત-દુઃષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક તેમજ અપ્રતિલેખિત-દુઃષ્પ્રતિલેખિત ઉચ્ચાર-પ્રશ્રવણભૂમિ. અપ્રમાર્જિત-દુઃષ્પ્રમાર્જિત શય્યા-સંસ્તારક, અપ્રમાર્જિત દુઃષ્પ્રમાર્જિત ઉચ્ચાર-પ્રશ્રવણભૂમિ. પૌષધ લઈને

સંથારાની ભૂમિ બરાબર પડિલેહ્યા - પ્રમાર્જ્યા સિવાય બેઠા કે સૂતા. બહારના લહુડાં-વડાં એટલે નાનાં ને મોટાં - સ્થંડિલ જવાનાં અને માત્રું કરવા જવાનાં - પરઠવવાનાં સ્થાન દિવસે સારી રીતે શોધી રાખ્યાં નહીં તેમજ પડિલેહી રાખ્યાં નહીં. માત્રુ પ્રમાર્જ્યા વિના હલાવ્યું, જીવજંતુરહિત જમીન છે કે કેમ ? તે જોયા વિના પરઠવ્યું. પરઠવતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' એટલે 'આ જેની જગ્યા હોય તેની આજ્ઞા માગું છું' એમ ન કહ્યું. પરઠવ્યા પછી 'વોસિરે' શબ્દ ત્રણ વાર કહીને વોસિરાવ્યું નહીં. પૌષધશાળા - ઉપાશ્રયમાં તેમજ દેરાસર વિગેરેમાં પેસતાં 'નિસિહી' કહેવાવડે અન્ય કાર્ય માત્રનો નિષેધ કરૂં છું, અને 'આવસ્સહી' કહેવાવડે આવશ્યક કારણે જ જાઉં છું એમ કહેવું જોઈએ, તે કહ્યું નહીં. પૃથ્વીકાય વિગેરે છકાય જીવોનો સંઘટ્ટ થયો, તે જીવોને પરિતાપ ઉપજાવ્યો, તે જીવોની વિરાધના થઈ. રાત્રિએ આઠ પ્રહરના પોસહવાળાએ સંથારાપોરિસી ભણાવવાનો વિધિ કરવો જોઈએ, તે ન કર્યો. રાત્રિના પહેલા પહોરે તો ઊંઘાય જ નહીં, છતાં ઊંઘ્યા. વિધિપૂર્વક સંથારો ન પાથર્યો. રાત્રિએ પારણા વિગેરેની ચિંતા કરી કે - ક્યાં પારણું કરશું ? પારણામાં શું વાપરશું ? વિગેરે. પોસહમાં ત્રણ કાળ દેવ વાંદવા જોઈએ તે ન વાંદ્યા. સવાર-સાંજનાં બંને પ્રતિક્રમણ ન કર્યાં. પોસહ સવારે મોડો લીધો અને સાંજે કે બીજી સવારે વહેલો પાર્યો અર્થાત્ ચાર કે આઠ પ્રહોર પૂરા થયા અગાઉ પાર્યો.

ઇત્યાદિ અગ્યારમા વ્રતને લગતા જે કાંઈ અતિચાર લાગ્યા હોય તેનું મિચ્છા દુક્કડં આપું છું.

આ વ્રતમાં પૌષધ સાથે ઉપવાસ શબ્દ મુખ્યતાને લઈને જોડેલ છે. બાકી ચાર પ્રકારના પોસહ પૈકી આહારપોસહ તો દેશથી ને સર્વથી - બંને પ્રકારે થાય છે. તે સર્વથી કરનાર ઉપવાસ કરે, દેશથી કરનાર આયંબિલ, નીવી અથવા એકાસણું પણ કરી શકે છે. બાકીના ત્રણ પ્રકારના પોસહ - બ્રહ્મચર્ય પોસહ - બ્રહ્મચર્ય પાળવું તે, અવ્યાપાર પોસહ - કોઈ જાતનો સાંસારિક વ્યાપાર ન કરવો તે, અને શરીરસત્કાર પોસહ - શરીરનો કોઈ પણ પ્રકારે સત્કાર એટલે શુશ્રૂષા - સ્નાન અભ્યંગનાદિ વડે ન કરવી તે; આ ત્રણ પ્રકારના પોસહ તો સર્વથી જ થાય છે અને તે આહારપોસહની સાથે હોવા જ જોઈએ. આ ચાર પ્રકારના ૮૦ ભાંગા થાય છે; પરંતુ અહીં માત્ર આહારપોસહના બે ભાંગામાં જ ગ્રહણ કરવા યોગ્ય છે. પૌષધ કરનારને રાત્રિએ તો ચૌવિહાર - ચારે આહારનો ત્યાગ હોવો જ જોઈએ.

**ઈતિ અગ્યારમા પૌષધોપવાસવ્રત સંબંધી અતિચારના અર્થ.**

# બારમા વ્રત સંબંધી અતિચાર

બારમે અતિથિસંવિભાગવ્રતે પાંચ અતિચાર –

સચ્ચિત્તે નિખ્ખિવણે૦

સચિત્ત વસ્તુ હેઠ - ઉપર છતાં મહાત્મા મહાસતી પ્રત્યે અસૂઝતું દાન દીધું. દેવાની બુદ્ધિએ અસૂઝતું ફેડી સૂઝતું કીધું, પરાયું ફેડી આપણું કીધું. અણદેવાની બુદ્ધિએ સૂઝતું ફેડી અસૂઝતું કીધું, આપણું ફેડી પરાયું કીધું. વહોરવા વેળા ટળી રહ્યા. અસૂર કરી મહાત્મા તેડ્યા, મત્સર ધરી દાન દીધું. ગુણવંત આવ્યે ભક્તિ ન સાચવી. છતી શક્તિએ સ્વામીવાત્સલ્ય ન કીધું. અનેરાં ધર્મક્ષેત્ર સીદાતાં છતાં છતી શક્તિએ ઉદ્ધર્યાં નહીં. દીન-ક્ષીણ પ્રત્યે અનુકંપાદાન ન દીધું.

બારમે અતિથિસંવિભાગવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦

ઈતિ દ્વાદશ વ્રતાતિચાર.

# બારમા વ્રતના અતિચારના અર્થ

આ વ્રતનું નામ અતિથિસંવિભાગવ્રત છે. અતિથિ નામ અણગારનું - મુનિનું છે. તિથિ એટલે પર્વાદિ જેને ન હોય - સર્વ દિવસો જેને સરખા હોય તે અતિથિ કહેવાય. તેમને સંવિભાગ એટલે દાન આપવું તે અતિથિ સંવિભાગ. આ વ્રતના અતિચાર સંબંધી ગાથાનું પહેલું પદ **'સચ્ચિત્તે નિખ્ખિવણે૦'** છે. તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે : કોઈ વસ્તુ સચિત્ત ઉપર મૂકવી અથવા સચિત્ત વસ્તુવડે ઢાંકવી કે જેથી મુનિ લઈ શકે નહીં, એ બે અતિચાર. તેમજ મિથ્યા-વ્યપદેશ કરવો એટલે પોતાની વસ્તુ છતાં પારકી કહેવી - પારકી વસ્તુ છતાં પોતાની કહેવી, એ ત્રીજો અતિચાર. તથા સમત્સરે - એટલે મત્સર - અભિમાન સહિત દાન દેવું તે ચોથો અતિચાર. અને કાળાતિક્રમદાન - વહોરવાનો કાળ વ્યતિક્રમ્યા પછી મુનિને તેડવા જવું અને આગ્રહ કરી લાવીને દાન દેવું તે પાંચમો અતિચાર. આ પ્રમાણે ચોથા શિક્ષાવ્રતના અતિચારને નિંદું છું.

આ પાંચેનો અતિચારમાં વિસ્તાર કરેલો છે. તેમાં પ્રથમ સચિત્ત વસ્તુ દાન આપવાની વસ્તુની નીચે અથવા ઉપર હોવા છતાં મહાત્મા એટલે મુનિને અને મહાસતી એટલે સાધ્વીને દાન દેવું તે પહેલો-બીજો અતિચાર. ત્યારપછી દેવાની બુદ્ધિએ અન્નપાનાદિ સૂઝતું - મુનિને ખપે તેવું કરવું, તેમજ પોતાનું કહેવું, અને ન દેવાની બુદ્ધિએ અસૂઝતું - મુનિ ન લઈ શકે તેવું

કરવું, તેમજ પારકું કહેવું, આ ત્રીજો અતિચાર. મત્સર ધરી દાન દેવું તે ચોથો અતિચાર. અને વહોરાવવાને વખતે બીજે કામે જવું અને વખત વીત્યા પછી (અસૂરા) મહાત્માને (મુનિને) આગ્રહ કરી લાવીને દાન આપવું તે પાંચમો અતિચાર. તદુપરાંત કોઈ ગુણવંત મુનિ કે શ્રાવક આવ્યા છતાં તેની ભક્તિ ન કરી. છતી શક્તિએ સાધર્મિકભાઈનું વાત્સલ્ય ન કર્યું, તેની ઉપાધિ ન ટાળી, તેને જે કાંઈ દુઃખ હોય તે યથાશક્તિ દૂર કરવા પ્રયત્ન ન કર્યો. બીજાં ધર્મ ક્ષેત્રો સીદાય છે એમ જાણ્યા છતાં છતી શક્તિએ તેનો ઉદ્ધાર ન કર્યો. આ હકીકત સાત ક્ષેત્રોમાંના કોઈ પણ ક્ષેત્ર માટે સમજવી. તથા દીન - ક્ષીણ - રાંક, દુઃખી, વ્યાધિગ્રસ્ત, આજીવિકાના દુઃખવાળા એવા સામાન્ય મનુષ્યને શ્રાવકે જરૂર શક્તિના પ્રમાણમાં અનુકંપાદાન આપવું જોઈએ, તે ન આપ્યું. અનુકંપા એ સમ્યક્ત્વીનાં પાંચ લક્ષણો પૈકી ચોથું લક્ષણ છે. જેને જોતાં કરૂણા આવે તેવા મનુષ્યને શ્રાવકે જરૂર યથાશક્તિ દ્રવ્યાદિક આપીને તેનું દુઃખ દૂર કરવું જ જોઈએ; જો તેમ ન કરે તો સમ્યક્ત્વમાં દૂષણ લાગે એટલે શ્રાવકપણામાં તો જરૂર લાગે એમ સમજવું. આટલા ઉપરથી જ જણાય છે કે જિનેશ્વરોએ અનુકંપાદાનનો નિષેધ કોઈ પણ સ્થળે કરેલ નથી. આ પ્રમાણે યોગ્ય વર્તન ન કરવાથી અને વિપરીત વર્તન કરવાથી બારમા વ્રતમાં જે કાંઈ અતિચાર દોષ લાગ્યા હોય તેને માટે મિચ્છાદુક્કડં આપું છું. આ બારમા વ્રતમાં માત્ર મુનિનો જ

નહીં પણ શ્રાવકનો અને અનુકંપાદાન દેવા યોગ્યનો પણ સમાવેશ થાય છે.

### ઈતિ અતિથિ સંવિભાગ વ્રતાતિચારાર્થ.

અહીં બાર વ્રત પૂરાં થાય છે. પરંતુ શ્રાવકે એક વાત ખાસ યાદ રાખવાની છે કે - મરણ ક્યારે આવશે તેનો નિર્ધાર નથી, અચાનક આવવાનો સંભવ છે, તેથી અંત સમયે કરવાની સંલેખણાને અંગે જે પાંચ અતિચાર લાગવા સંભવ છે તેનો દરરોજ અથવા પાક્ષિક પ્રતિક્રમણાવસરે તો અવશ્ય ખ્યાલ કરવો.

ઉપર જણાવેલા હેતુથી સંલેખણા સંબંધી અતિચાર કહેલ છે તે નીચે પ્રમાણે -

### સંલેખણાતણા પાંચ અતિચાર —

## ઈહલોએ પરલોએ૦

**ઈહલોગાસંસપ્પઓગે, પરલોગાસંસપ્પઓગે, જીવિયાસંસપ્પઓગે, મરણાસંસપ્પઓગે, કામભોગાસંસપ્પઓગે. ઈહલોકે ધર્મના પ્રભાવ લગે રાજઋદ્ધિ, સુખ, સૌભાગ્ય, પરિવાર વાંચ્છ્યાં. પરલોકે દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તીતણી પદવી વાંછી. સુખ આવ્યે જીવિતવ્ય વાંચ્છ્યું. દુઃખ આવ્યે મરણ વાંચ્છ્યું. કામભોગતણી વાંચ્છા કીધી.**

**સંલેખણા વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦**

**ઈતિ સંલેખણાતિચાર.**

## સંલેખણા સંબંધી અતિચારના અર્થ

સંલેખણા અંત સમય નજીક જણાય ત્યારે કરવાની હોય છે. સંલેખણા એટલે એક જાતનો હિસાબ કરવો તે. આખી જિંદગી પર્યંત જે કાંઈ શુભાશુભ કાર્ય કરેલ હોય તે સર્વ યાદ કરી શુભ કાર્યની અનુમોદના કરવી અને અશુભ કાર્ય માટે મિચ્છા દુક્કડં દેવું. ત્યારપછી ચાર આહારનો ત્યાગ કરીને આ કાળને અંગે સાગારી અણસણ કરીને રહેવું તે પણ સંલેખણા છે. તે વખતે સંલેખણાના અતિચારમાં કહેલી પાંચ બાબતો ન કરવી. તેને માટે કહેલ **ઈહલોએ પરલોએ૦** રૂપ પ્રથમ પદવાળી ગાથાને તે અતિચારમાં જ સ્પષ્ટ કરેલ છે. તે ગાથામાં 'આ લોક સંબંધી, પરલોક સંબંધી, જીવવા સંબંધી, મરવા સંબંધી અને ચ શબ્દથી કામભોગ સંબંધી આશંસા એટલે ઈચ્છા-વાંચ્છા કરવારૂપ પાંચ અતિચાર મને મરણાંત વખતે ન થાઓ એમ કહેલ છે. અતિચારમાં પણ એ વાત જ સ્પષ્ટ કરેલી છે છતાં સમજવાનું એ છે કે - વ્યતીત જિંદગીમાં કરેલા ધર્મના પ્રભાવથી આ લોક સંબંધી મનુષ્યપણાને લગતા

રાજઋદ્ધિ, સુખસૌભાગ્યાદિકની વાંચ્છા કરવી તે પ્રથમ અતિચાર. મરણ પામ્યા પછી પરલોકમાં દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તી, રાજા-મહારાજા, ધનાઢ્ય વિગેરે થવાની વાંચ્છા કરવી તે બીજો અતિચાર. અણસણ કર્યા પછી લોકો બહુમાન કરે - પ્રશંસા કરે - વંદનાદિક કરે તે જોઈ વધારે જીવવાની ઈચ્છા કરવી તે ત્રીજો અતિચાર. અણસણ કર્યા પછી શરીરમાં અસાતા વધારે ઉત્પન્ન થાય, કોઈ સારસંભાળ પણ ન લે, તે જોઈ તરત મરણ આવે તો ઠીક એમ ઈચ્છવું તે ચોથો અતિચાર. તેમજ કામભોગ એટલે પાંચે ઈન્દ્રિયોના વિષયોની અનુકૂળતા - પ્રાપ્તિ ઈચ્છવી તે પાંચમો અતિચાર. આ અતિચાર સંલેખણાને પ્રસંગે ન લગાડવાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ, છતાં લાગી જાય તો તેને માટે મિચ્છા દુક્કડં દેવા.

## ઈતિ સંલેખણાતિચારાર્થ

❖ ❖ ❖

હવે પાંચ આચારો પૈકી ત્રણ આચારના અતિચાર પ્રથમ કહ્યા છે. બે આચાર (તપાચાર ને વીર્યાચાર)ના અતિચાર કહેવા બાકી છે તે કહે છે —

## તપાચાર બાર ભેદે - છ બાહ્ય, છ અભ્યંતર

**અણસણમૂણોઅરિઆ૦**

અણસણ ભણી ઉપવાસ વિશેષ પર્વતિથિએ છતી શક્તિએ કીધો નહીં. ઊણોદરી વ્રત તે પાંચ સાત કોળિયા ઊણા રહ્યા નહીં. વૃત્તિસંક્ષેપ તે દ્રવ્યાદિક સર્વ વસ્તુનો સંક્ષેપ કીધો નહીં. રસત્યાગ તે વિગયત્યાગ ન કીધો. કાયક્લેશ તે લોચાદિક કષ્ટ સહન કર્યાં નહીં. સંલીનતા અંગોપાંગ સંકોચી રાખ્યાં નહીં. પાટલો ડગડગતો ફેડ્યો નહીં. ગંઠસી, પોરિસી, સાઢપોરિસી, પુરિમઢ્ઢ, એકાસણું, બેઆસણું, નીવી, આંબિલ પ્રમુખ પચ્ચખ્ખાણ પારવું વિસાર્યું. બેસતાં નવકાર ન ભણ્યો, ઊઠતાં પચ્ચખ્ખાણ કરવું વિસાર્યું. ગંઠસીઉં ભાંગ્યું. નીવી, આંબિલ, ઉપવાસાદિક તપ કરી કાચું પાણી પીધું. વમન હુઓ. બાહ્ય તપ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦

ઈતિ બાહ્ય તપાતિચાર.

## બાહ્ય તપાચાર સંબંધી અતિચારના અર્થ

તપાચારના બાહ્ય - અભ્યંતર એમ બે પ્રકાર છે. તેમાંથી પ્રથમ બાહ્ય તપ સંબંધી છ ભેદને લગતા છ અતિચાર કહ્યા છે. તે સંબંધી ગાથાનું પહેલું પદ **અણસણમૂણોઅરિયા૦** છે તે ગાથામાં બાહ્યતપના છ ભેદનાં નામ માત્ર જ આપેલાં છે. ૧. અણસણ, ૨. ઊણોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસત્યાગ, ૫.

કાયક્લેશ ને ૬. સંલીનતા. આ છ પ્રકાર બાહ્યતપના છે. અતિચારના પ્રારંભમાં આ છએ પ્રકારનાં તપ સંબંધી અતિચાર જણાવેલ છે તે આ પ્રમાણે -

૧. પર્વતિથિએ છતી શક્તિએ ઉપવાસાદિ તપ કરવો જોઈએ, તે ન કરવારૂપ પ્રથમ અતિચાર. ઉપવાસ, આયંબિલ, એકાસણું વિગેરે તપસ્યાઓનો તથા નમુક્કારસહી (નવકારશી) વિગેરે કાળપ્રત્યાખ્યાનનો **અણસણ તપ**માં સમાવેશ થાય છે. રાત્રિનાં ચૌવિહારાદિ પ્રત્યાખ્યાનનો પણ તેમાં જ સમાવેશ થાય છે. ૨. ઊણોદરી તપ કરવા ઈચ્છનારે પોતાનો જેટલો આહાર હોય તે કરતાં પાંચ-સાત કોળિયા ઊણા રહેવું જોઈએ, તેમ ન કર્યું તે બીજો અતિચાર. ૩. **વૃત્તિસંક્ષેપ તપ**માં ચૌદ નિયમમાં જેમ બને તેમ ઘટાડો કરવો, તેનો સમાવેશ થાય છે. તેમ ન કર્યું તે ત્રીજો અતિચાર. **૪. રસત્યાગ** તપમાં છ વિગઈ પૈકી એક-બેનો અથવા ક્રમસર એકેક વિગઈનો દરરોજ ત્યાગ કરવો, તેનો સમાવેશ થાય છે. તે ન કરવારૂપ ચોથો અતિચાર. **૫. કાયક્લેશ** તપમાં લોચ કરવો, ઉઘાડે પગે ચાલવું, પાદવિહાર કરવો (વાહન ન વાપરવાં) ઈત્યાદિનો સમાવેશ થાય છે. આ હકીકત શ્રાવક-સાધુ બંને માટે યથાયોગ્ય સમજવાની છે. તેમ કરવામાં ન આવે તે પાંચમો અતિચાર. ૬. છઠ્ઠો **સંલીનતા** તપ એકલઠાણું કરતાં માત્ર હાથ ને મુખ બે જ હલાવવાં, બીજાં અંગ ન હલાવવાં, તે રીતે કરવામાં આવે છે તે, તેમજ સંલીનતાના બીજા પણ દ્રવ્ય-ભાવાદિ ભેદો છે, તે પ્રમાણે ન કરવું તે છઠ્ઠો અતિચાર.

હવે તે જ છ પ્રકારને અંગે વિશેષ દોષાપત્તિના કારણો બતાવે છે - એકાસણું વિગેરે કરતાં પાટલો ડગમગતો રહેવા દેવો ન જોઈએ. ગંઠસી વિગેરે પચ્ચખ્ખાણો વિધિપૂર્વક એક અથવા ત્રંણ નવકાર ગણીને પારવાં જોઈએ. ત્યારપછી જ પાણી વિગેરે વાપરવું જોઈએ. તેમ ન કરતાં પચ્ચખ્ખાણ પારવાનું ભૂલી ગયા. બેસતાં નવકાર ન ગણ્યો. ઊઠતાં પાછું પચ્ચખ્ખાણ કરવું જોઈએ તે ન કર્યું. ગંઠસીના નિયમનો ભંગ કર્યો. નીવી, આયંબિલ વિગેરે તપ કર્યા છતાં ભૂલથી સચિત્ત (કાચું) પાણી પીવાઈ ગયું. ઊલટી થઈ. આ બધા અતિચારના પ્રકાર છે. તેને માટે ઉપયોગ રાખી તેવા અતિચાર ન લાગે તેમ કરવું જોઈએ, છતાં તેમાંનો કોઈ પણ અતિચાર લાગ્યો હોય તો તેને માટે મિચ્છા દુક્કડં આપું છું, મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ એમ ઈચ્છુ છું.

**ઈતિ બાહ્ય તપાતિચારાર્થ.**

❖ ❖ ❖

## છ પ્રકારનાં અભ્યંતર તપના અતિચાર

અભ્યંતર તપ તે આત્મિક તપ છે. તે તપનો પ્રાયે બહાર દેખાવ હોતો નથી, પરંતુ બાહ્ય તપ કરતાં અભ્યંતર તપનું ફળ અતિ વિશેષ છે. ખરેખરી રીતે નિકાચિત કર્મોનો ક્ષય કરનાર અભ્યંતર તપ જ છે. બાહ્ય તપ તેમાં સહાયક છે, પરંતુ એકલો બાહ્ય તપ તથાપ્રકારનો લાભ આપી શકતો નથી.

અભ્યંતર તપ સંબંધી અતિચાર નીચે પ્રમાણે છે -

**અભ્યંતર તપ**

## પાયચ્છિત્તં વિણઓ૦

**મનશુદ્ધે ગુરુ કને આલોયણ લીધી નહીં. ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત તપ લેખાશુદ્ધે પહોંચાડ્યો નહીં. દેવ, ગુરૂ, સંઘ, સાહંમી પ્રત્યે વિનય સાચવ્યો નહીં. બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી પ્રમુખનું વૈયાવચ્ચ ન કીધું. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ પંચવિધ સ્વાધ્યાય ન કીધો. ધર્મધ્યાન - શુક્લધ્યાન ન ધ્યાયાં, આર્ત્ત - રૌદ્ર ધ્યાન ધ્યાયાં. કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દશ-વીશનો કાઉસ્સગ્ગ ન કીધો. અભ્યંતર તપ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી૦**

**ઈતિ અભ્યંતર તપાતિચાર.**

## અભ્યંતરતપ સંબંધી અતિચારના અર્થ

આ અભ્યંતર તપના છ પ્રકારસૂચક ગાથાનું પહેલું પદ **પાયચ્છિત્તં વિણઓ૦** કહ્યું છે. તે ગાથામાં ફક્ત છ પ્રકારનાં અભ્યંતર તપનાં નામો જ આપેલા છે. '૧. પ્રાયશ્ચિત્ત, ૨. વિનય, ૩. વૈયાવચ્ચ, ૪. સ્વાધ્યાય, ૫. ધ્યાન અને ૬. ઉત્સર્ગ - આ છ પ્રકારનો અભ્યંતર તપ છે.' અતિચારની

અંદર આ છ પ્રકારનાં તપને સ્પષ્ટ કરેલ છે. **પ્રાયશ્ચિત્ત** લાગેલા દોષના નિવારણ માટે દોષના પ્રમાણમાં આપવામાં આવે છે. એના જુદા જુદા દશ પ્રકાર છે. પ્રથમ પ્રકારમાં શુદ્ધ મનથી ગુરુ પાસે લાગેલ દોષ પ્રગટ કરી આલોયણા લેવી જોઈએ તેમ ન કર્યું. જે દોષની શુદ્ધિ આલોયણ માત્રથી થાય તેમ ન હોય તેને માટે ગુરુ પ્રાયશ્ચિત્તરૂપે અનેક પ્રકારનો તપ કરવાનું બતાવે છે. તે રીતે ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્તરૂપ તપ અમુક મુદતની અંદર કરી દેવું જોઈએ, તેમ ન કર્યું તે પ્રથમ અતિચાર. દેવ, ગુરુ, સંઘ, સાધર્મિકભાઈ વિગેરે દશ તેમ જ તેર પ્રકાર બતાવેલા છે, તેમનાં ભક્તિ - બહુમાન વિગેરે ચાર અથવા પાંચ પ્રકારે **વિનય** કરવાથી અનેક પ્રકારનાં પૂર્વસંચિત પાપો નાશ પામે છે, તેવો વિનય ન કર્યો તે બીજો અતિચાર. બાળ, વૃદ્ધ, ગ્લાન અથવા તપસ્વી સાધુ કે શ્રાવકભાઈની યથાયોગ્ય રીતે **વૈયાવચ્ચ** કરવી જોઈએ. વૈયાવચ્ચ પ્રાયે શરીરવડે થાય છે. તે કરવાથી ઘણા કર્મો નાશ પામે છે, તેવી વૈયાવચ્ચ ન કરી એ ત્રીજો અતિચાર. **સ્વાધ્યાય** તપના પાંચ પ્રકાર છે. ૧. **વાચના** - નવું નવું વાંચવું - ભણવું તે. ૨. **પૃચ્છના** - ભણવા-ગણવામાં જે કોઈ શંકા પડે અથવા અર્થ ન સૂઝે તે વધારે અભ્યાસીને પૂછવો તે. ૩. **પરાવર્તના** - પ્રથમ ભણેલ, વાંચેલ, અભ્યાસ કરેલ પ્રકરણાદિકનું પરાવર્તન કરવું - ફરી ફરીને પાઠ કરી જવો તે. ૪. **અનુપ્રેક્ષા** - વિચારણા. અભ્યાસ કરેલ અથવા વાંચેલ પ્રકરણાદિકના અર્થની - રહસ્યની વિશેષ વિચારણા કરવી તે. ૫. **ધર્મકથા** - ધર્મ સંબંધી ચર્ચા કરવી, ધર્મ સંબંધી કથાઓ કહેવી, સાંભળવી,

વાંચવી ઈત્યાદિ અનેક પ્રકાર ધર્મકથાના છે. આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવાથી અનેક ભવનાં કરેલાં પૂર્વકર્મો નાશ પામે છે, તેવી રીતે સ્વાધ્યાય ન કર્યો તે ચોથો અતિચાર. પાંચમો **ધ્યાન** તપ છે. તેમાં ધર્મધ્યાન ને શુક્લધ્યાન ધ્યાવાં જોઈએ. તેમાં પણ શુક્લધ્યાન તો ઉચ્ચ કોટીના શ્રેણિપ્રાપ્ત મુનિને હોય છે. આપણને તો ધર્મધ્યાન ઉપયોગી છે. તેના ચાર પાયા અથવા પ્રકાર છે. ૧. **આજ્ઞાવિચય** - પરમાત્માની આજ્ઞા શું છે ? તેમણે કર્ત્તવ્યાકર્ત્તવ્ય શું બતાવેલ છે ? તેની વિચારણા કરવી તે. ૨. **વિપાકવિચય** - કર્મના વિપાકની વિચારણા કરવી તે. ૩. **અપાયવિચય** - અપાય એટલે કષ્ટ - દ્રવ્ય ને ભાવ એમ બે પ્રકારે છે. તેમાં ભાવ અપાય જે આત્માને હાનિ કરનાર છે, તેના સંબંધી વિચાર કરવો તે અને ૪. **સંસ્થાનવિચય** - તેમાં લોકનાલિકાના સંસ્થાનનો - સ્વરૂપનો - તેમાં આવેલા ઊર્ધ્વ, અધો ને તિર્ચ્છા લોકનો જે વિચાર કરવો તે. આ ચાર પ્રકારે ધર્મધ્યાન ધ્યાવાથી અનેક પ્રકારનાં પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે. તે શુભ ધ્યાન ન કરવું અને આર્ત્ત-રૌદ્રરૂપ અશુભ ધ્યાન કરવું કે જેનું સ્વરૂપ અમે આઠમા વ્રતના અતિચારમાં બતાવેલ છે, તે પાંચમો અતિચાર. અને કર્મક્ષય માટે દશ-વીશ અથવા તેથી વધારે લોગસ્સ વિગેરેનો **કાયોત્સર્ગ** કરવો, તદ્રૂપ છઠ્ઠા પ્રકારનો તપ ન કરવો તે છઠ્ઠો અતિચાર.

આ છ પ્રકારનાં તપને અંગે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચાદિકના પેટા ભેદો ઘણા છે, તે વિસ્તાર થવાના કારણે અહીં બતાવેલ નથી.

આ છ પ્રકારના અભ્યંતર તપને અંગે તેનું યથાશક્તિ આચરણ ન કરવારૂપ જે અતિચાર લાગ્યો હોય તેને માટે મિચ્છા દુક્કડં આપું છું.

**ઈતિ અભ્યંતર તપાતિચારાર્થ.**

હવે પાંચમો વીર્યાચાર - તેના ત્રણ પ્રકાર છે. ૧. મનોવીર્ય, ૨. વચનવીર્ય અને ૩. કાયા સંબંધી વીર્ય. તે સંબંધી અતિચાર નીચે પ્રમાણે :

**વીર્યાચારના ત્રણ અતિચાર –**

**અણિગૂહિઅબલવીરિઓ૦**

**પઢવે, ગુણવે, વિનય, વૈયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પૌષધ, દાન, શિયળ, તપ, ભાવનાદિક ધર્મકૃત્યને વિષે મન વચન કાયાતણું છતું બળ-છતું વીર્ય ગોપવ્યું. રૂડાં પંચાંગ ખમાસમણ ન દીધાં. વાંદણાતણા આવર્ત વિધિ સાચવ્યા નહી. અન્યચિત્ત-નિરાદરપણે બેઠા. ઉતાવળું દેવવંદન - પ્રતિક્રમણ કીધું. વીર્યાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષદિવસમાંહિ૦**

ઈતિ વીર્યાચારાતિચાર.

# વીર્યાચારના અતિચારના અર્થ

આ અતિચારના પ્રારંભમાં વીર્યાચારના ત્રણ અતિચારસૂચક ગાથાનું પહેલું પદ **અણિગૂહિઅ બલવીરિઓ૦** છે, તે ગાથામાં કહેલ છે કે - 'મન વચન કાયાના બળને ગોપવ્યા વિના યથોક્ત રીતે આયુક્ત થઈને - જોડાઈને જે પરાક્રમ - પ્રવૃત્તિ કરવી અને યથાયોગ્ય સ્થાને મન-વચન-કાયાના બળને જોડી દેવું તેને વીર્યાચાર જાણવો.'

એના વિવરણરૂપ અતિચારમાં મન-વચન-કાયાના પ્રાપ્ત થયેલા - વર્તતા બળને ધર્મકાર્યમાં વાપર્યું નહીં, ગોપવ્યું-ફોરવ્યું નહીં. મનથી થતાં, વચનથી થતાં, કાયાથી થતાં અનેક પ્રકારનાં ધર્મકાર્યો છતી શક્તિએ કર્યાં નહીં. તદ્રૂપ ત્રણ અતિચાર કહ્યા છે. પછી એના વિસ્તારરૂપે ધર્મક્રિયામાં જે ખામી લગાડી તે બતાવી છે. ભણવા - ગણવામાં, વિનય - વૈયાવચ્ચ કરવામાં, સામાયિક - પૌષધાદિ કરવામાં, મન-વચન-કાયાનાં સંપ્રાપ્ત બળનો ઉપયોગ ન કર્યો, પ્રમાદશીલ રહ્યા, તેથી તે ત્રણ અતિચાર લાગે છે, અને વીર્યાંતરાય કર્મનો બંધ પડે છે. જેથી આગામી ભવે વિશેષ પ્રકારના વીર્યની પ્રાપ્તિ થતી નથી; માટે આ અતિચારનું તો વારંવાર સ્મરણ કરવા યોગ્ય છે અને તે અતિચાર ન લાગે તેમ કરવા માટે લક્ષ રાખવાનું છે. તદુપરાંત પાંચે અંગ ભૂમિને અડે તેવી રીતે ખમાસમણ ન દીધાં. બાર આવર્ત્ત, સત્તર સંડાસા,

પચ્ચીશ આવશ્યક સાચવીને વાંદણાં દેવાં જોઈએ તે ન દીધાં. ધર્મક્રિયા કરવામાં આદર ન રાખ્યો. ધર્મક્રિયા કરવામાં ચિત્ત ન રાખતાં ક્યાંક ફરતું રાખ્યું. વળી દેવવંદન, પ્રતિક્રમણાદિક ક્રિયા શુદ્ધવર્ણોચ્ચાર સાથે અને અર્થવિચારણા સાથે કરવી જોઈએ. તેમ ન કરી - ઉતાવળે કરી, જેથી પૂર્ણ અક્ષરોચ્ચાર પણ થઈ શકે નહીં. આવી રીતે ક્રિયામાં પણ અનેક પ્રકારના દોષ લાગે છે. શુદ્ધ અને પૂર્ણ ક્રિયા બહુ ઓછા શ્રાવક-શ્રાવિકા કરે છે. આ વીર્યાચાર સંબંધી ત્રણ અતિચાર કે જેનો વિસ્તાર અતિશય છે તેમાંથી જે કોઈ અતિચાર-દોષ લાગ્યો હોય તેને માટે મિચ્છા દુક્કડં આપું છું.

**ઈતિ વીર્યાચારાતિચારાર્થ.**

હવે સર્વ અતિચારોના સંગ્રહરૂપે ગાથા કહીને છેલ્લો અતિચાર કહે છે -

**નાણાઈ અટ્ઠ પઈવય-**
**સમ્મ સંલેહણ પણ પન્નર કમ્મેસુ;**
**બારસ તવ વિરિઅતિગં,**
**ચઉવીસસયં અઈયારા,**

'જ્ઞાનાદિ ત્રણ આચારના આઠ આઠ અતિચાર એટલે (૨૪) અતિચાર, પ્રતિવ્રતના - એટલે દરેક વ્રતના - બારે

વ્રતના પાંચ પાંચ અતિચાર એટલે (૬૦) અતિચાર, સમ્યકત્વના ને સંલેખણાના પણ પાંચ પાંચ એટલે (૧૦) અતિચાર. કર્માદાનના (૧૫) અતિચાર, તપાચારના (૧૨) ને વીર્યાચારના (૩) અતિચાર, કુલ ૧૨૪ અતિચાર જાણવા.

❖ ❖ ❖

હવે જેણે બાર વ્રત ઉચ્ચર્યાં ન હોય તેને માટે ખાસ એક ગાથા કહેલ છે તેનું પહેલું પદ - **પડિસિદ્ધાણં કરણે૦** છે. તે ગાથામાં કહ્યું છે કે - ૧. જે કાર્ય કરવાનો પ્રતિષેધ - નિષેધ કર્યો હોય તે કર્યું, ૨. જે કાર્ય કરવા યોગ્ય કહેલ હોય તે ન કર્યું, ૩. પરમાત્માનાં વચનોની અશ્રદ્ધા કરી અને ૪. પરમાત્માના શાસ્ત્રોક્ત કથનથી વિપરીત પ્રરૂપણા કરી - આ ચાર પ્રકારમાં તમામ અતિચારનો સમાવેશ થઈ જાય છે. બધો વિસ્તાર આ ચાર બાબતનો જ છે. વ્રતો ન લીધાં હોય તેણે પણ આ ચાર પ્રકાર માટે તો આલોયણ-પ્રતિક્રમણ કરવાનું જ છે.

હવે આ છેલ્લા ઉપસંહારરૂપ અતિચારમાં આ ચાર બાબતનો જ વિસ્તાર કહે છે.

## પડિસિદ્ધાણં કરણે૦

**પ્રતિષિદ્ધ અભક્ષ્ય, અનંતકાય, બહુબીજભક્ષણ, મહારંભ, પરિગ્રહાદિક કીધાં. જીવાજીવાદિક સૂક્ષ્મ વિચાર સદહ્યા નહીં. આપણી કુમતિ લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી.**

તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિઅરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય - એ અઢાર પાપસ્થાનક કીધાં કરાવ્યાં અનુમોદ્યાં હોય. દિનકૃત્ય પ્રતિક્રમણ, વિનય, વૈયાવચ્ચ ન કીધાં, અનેરું જે કાંઈ વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ કીધું, કરાવ્યું, અનુમોદ્યું હોય. એ ચિહું પ્રકારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષદિવસમાંહિ સૂક્ષ્મ-બાદર, જાણતાં-અજાણતાં હુઓ હોય તે સવિહું મને, વચને, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

ઈતિ પ્રાંતાતિચાર.

## છેલ્લા અતિચારના અર્થ.

આ છેલ્લા અતિચારમાં ઉપર જણાવી ગયા પ્રમાણેની ચાર બાબતો અનુક્રમ વિના જણાવેલ છે. પ્રથમ તો શ્રાવક માટે નિષેધ કરેલ અભક્ષ્ય, અનંતકાય, બહુબીજભક્ષણ, મહારંભ, પરિગ્રહાદિક કરવા સંબંધી અતિચાર કહેલ છે. સાતમા વ્રતમાં પૂર્વે શ્રાવકને અભક્ષ્ય અનંતકાયાદિનું ભક્ષણ ન કરવાનું કહેલ છે તેનું ભક્ષણ કરેલ હોય, તેમજ કર્માદાન વિગેરે મહાઆરંભવાળાં કાર્ય કે જેથી ઘણી હિંસા થાય અને પારાવાર અશુભ કર્મ બંધાય, તેવા મહારંભ અને પરિગ્રહની

અપરિમિત તૃષ્ણારૂપ મહાપરિગ્રહ કે જેને માટે આ જીવ અનેક પ્રકારનાં પાપકર્મો આચરે છે, તદ્રૂપ પ્રથમ ભેદ. અને શ્રાવકને તજવા યોગ્ય અઢાર પાપસ્થાનકો કે જેની અંદર સર્વ પ્રકારનાં પાપોનો સમાવેશ થઈ જાય છે. તે પાપો કર્યાં, કરાવ્યાં કે અનુમોદ્યાં હોય, તેનો પણ પ્રથમ ભેદમાં જ સમાવેશ થાય છે. તથા શ્રાવકનાં દિનકૃત્ય - દેવપૂજા, ગુરુવંદન, તપ, મુનિદાન વિગેરે તથા સામાયિક, પ્રતિક્રમણ, વિનય, વૈયાવચ્ચાદિક કરવા યોગ્ય કાર્ય ન કર્યાં, તદ્રૂપ બીજો પ્રકાર. અને જીવાજીવાદિ સૂક્ષ્મ વિચાર સદ્દહ્યા નહીં, એ ત્રીજો પ્રકાર. તથા આપણી કુમતિવડે વિપરીત પ્રરૂપણા કરી, એ ચોથો પ્રકાર. આ પ્રમાણેના ચાર પ્રકારમાંથી કોઈ પણ પ્રકાર કર્યો હોય તદ્રૂપ અતિચાર માટે પણ મિચ્છા દુક્કડં આપું છું.

આમાં અઢાર પાપસ્થાનકો બતાવ્યાં છે. તેની અંદર પ્રથમનાં પાંચ અવ્રત (હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન ને પરિગ્રહ), તથા ચાર કષાય (ક્રોધ, માન, માયા ને લોભ.) ત્યારપછી રાગ ને દ્વેષ એ ૧૧ પાપસ્થાનકો તો પ્રગટાર્થવાળાં છે. ત્યારપછીનાં ૭ ના અર્થ આ પ્રમાણે - ૧૨. કોઈની સાથે ક્લેશ કરવો, ૧૩. કોઈને કલંક આપવું, ૧૪. કોઈની ચાડી ખાવી, ૧૫. સુખમાં આનંદ ને દુઃખમાં શોક કરવો, ૧૬. પારકી નિંદા કરવી, ૧૭. માયા-કપટ યુક્ત અસત્ય બોલવું અને ૧૮. અનંતકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર

મિથ્યાત્વનું સેવન કરવું. આ પ્રમાણેનાં અઢારે પાપસ્થાનો શ્રાવકે યથાશક્તિ વર્જવા યોગ્ય છે.

આ ચાર પ્રકારને લગતા છેલ્લા અતિચારનો અર્થ છે.

**ઈતિ પ્રાંતાતિચારાર્થ.**

❖ ❖ ❖

**એવંકારે શ્રાવકતણે ધર્મે સમ્યક્ત્વ મૂળ બાર વ્રત અને એક સો ચોવીશ અતિચારમાંહી જે કોઈ અતિચાર પક્ષ-દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર જાણતા-અજાણતાં હુઓ હોય તે સવિહું મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.**

**ઈતિ શ્રાવકના પાક્ષિક અતિચાર અર્થ સહિત સમાપ્ત.**

# પરિશિષ્ટ

*(પ્રબોધટીકા પુસ્તકમાં, અતિચારમાં આવતા અઘરા શબ્દોના અર્થ આપ્યા છે. તે અહીં સાભાર-સસૌજન્ય મૂકવામાં આવે છે.)*

पाक्षिकादि अतिचार - આ અતિચારો પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે બોલાય છે, તેથી 'પાક્ષિકાદિ અતિચાર' કહેવાય છે. પ્રતિક્રમણની ક્રિયાનો મુખ્ય સાર તેમાં આવી જાય છે.

सबिहु - સર્વનું.

काल-वेलाए - ભણવાના સમયે

भण्यो गुण्यो नहीं - ભણ્યો નહિ, તેમજ તેની પુનરાવૃત્તિ પણ કરી નહિ.

कूडो - ખોટો,

तदुभय - સૂત્ર અને અર્થ

काजी - કચરો, પૂંજો

દેશ્ય 'कज्जव' શબ્દ પરથી બનેલો છે.

अणउद्धर्ये - કાઢ્યા વિના

दांडो - સાધુએ રાખવા યોગ્ય દંડ

अणपडिलेह्यो - પડિલહણા કર્યા વિના

वसति - ઉપાશ્રયની ચાર બાજુ સો સો ડગલાંનું સ્થાન

अणशोध्ये - શોધ્યા વિના, તેમાંનો અશુદ્ધિમય પદાર્થ દૂર કર્યા વિના.

अणपवेये - પ્રવેશન(પ્રવેદન ?) પ્રવેશ કરાવ્યા વિના

असज्झाय-अणो(ण)ज्झायमांहे - અસ્વાધ્યાય અને અનધ્યાયના સમયમાં. જે સંયોગો ભણવા માટે અયોગ્ય હોય, તે અસ્વાધ્યાય કહેવાય છે અને જે દિવસ ભણવા માટે અયોગ્ય હોય, તે અનધ્યાય-દિવસ કહેવાય છે.

प्रमुख - વગેરે

પ્રથમ કાજો ઉદ્ધરવો જોઈએ, પછી દાંડો યથાવિધિ પડિલેહવો જોઈએ, પછી વસતિનું બરાબર શોધન કરવું જોઈએ અને ક્રિયાપૂર્વક સ્વાધ્યાયમાં પ્રવેશ કરવો જોઈએ. જો અસ્વાધ્યાયનો કાલ હોય કે અનધ્યાય દિવસ હોય તો સૂત્ર ભણવાથી દોષ લાગે. જેમ સાધુધર્મમાં દશવૈકાલિકાદિ સૂત્રનો પઠન-વિધિ છે, તેમ શ્રાવકના ધર્મમાં સ્થવિરાવલી વગેરે સૂત્રોનો પઠનવિધિ છે. વિધિ ન સચવાયો હોય, તો દોષ લાગે.

ज्ञानोपगरण - જ્ઞાનનાં ઉપકરણ, જ્ઞાનનાં સાધન

पाटी - લાકડાની પાટી

पोथी - હસ્તલિખિત ગ્રંથ કે પુસ્તક

ठवणी - સ્થાપનિકા

कवली - વાંસની સળીઓનું પોથી પર વીંટવાનું સાધન. પાંઠાંતરમાં कमली શબ્દ છે.

दस्तरी - છૂટા કાગળો રાખવા માટે પૂંઠાનું સાધન.

वही - કોરી ચોપડી, કોરો ચોપડો.

ओलियुं-લખેલા કાગળનું ટીપણું અથવા લીટીઓ દોરવાની પટ્ટી.

भांज्यो - ભૂંસ્યો

ओशीसे धर्यो - ઓશીકે મૂક્યો, માથા-નીચે મૂક્યો. મૂળમાં 'सीसह दीधउ' એવો પાઠ છે.

कन्हे - પાસે

नीहार - મલ-વિસર્જન

उपेक्षा कीधी - બેદરકારી બતાવી

प्रज्ञापराधे विणास्यो - ઓછી સમજને લીધે નાશ કર્યો.

विणसतो उवेख्यो - કોઈ નાશ કરતો હોય, છતાં ઉપેક્ષા કરી - બેદરકારી બતાવી.

असद्दहणा कीधी - અશ્રદ્ધા કરી, શ્રદ્ધા ન કરી.

तोतडो - તોતડો બોલ્યો. અટકતા અક્ષરે બોલવું, તે તોતડું કહેવાય છે.

बोबडो - બોબડો બોલ્યો. ગુંગણું કે અસ્પષ્ટ બોલવું, તે બોબડું કહેવાય છે.

हस्यो - હસતાં હસતાં બોલ્યો.

वितर्क्यो - ખોટો તર્ક કર્યો.

अन्यथा प्ररूपणा कीधी - શાસ્ત્રના મૂલ ભાવથી બીજી રીતે પ્રતિપાદન કર્યું.

विषइओ - વિષયક, સંબંધી

अनेरो - અન્યતર, બીજો

संबंधीयां - સંબંધી

मल-मलिन - મલ વડે મલિન

दुगंछा नीपजावी - જુગુપ્સા કરી

कुचारित्रीया - કુત્સિત ચારિત્રવાળા

चारित्रीया - ચારિત્રવાળા, ચારિત્રશીલ

अभाव हुओ - અપ્રીતિ થઈ

अनुपबृंहणा कीधी - ઉપબૃંહણા ન કરી, પુષ્ટિ ન કરી.

अस्थिरीकरण - સ્થિરીકરણ ન કર્યું, ધર્મીને પડતો દેખી ધર્મ માર્ગમાં સ્થિર ન કર્યો

देव-द्रव्य - દેવ-નિમિત્તનું દ્રવ્ય, દેવ માટે કલ્પેલું દ્રવ્ય

गुरु-द्रव्य - ગુરુ-નિમિત્તનું દ્રવ્ય, ગુરુ માટે કલ્પેલું દ્રવ્ય

ज्ञान-द्रव्य - શ્રુતજ્ઞાન માટેનું દ્રવ્ય

साधारण-द्रव्य - જે દ્રવ્ય જિન-બિંબ, જિન-ચૈત્ય, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાતે ક્ષેત્રમાં વાપરી શકાય, તે સાધારણ-દ્રવ્ય.

भक्षित-उपेक्षित - ભક્ષણ કર્યું ઉપેક્ષા કીધી.

કોઈ દ્વારા આ દ્રવ્યનું ભક્ષણ થતું હોય તો તેને અટકાવવાની પોતાની જવાબદારી અદા ન કરી.

अधोती - ધોતિયાં વિના

अष्टपड मुखकोश-पाखे - આઠપડા મુખકોશ વિના

बिंब प्रत्ये - બિંબને, મૂર્તિને

वासकूंपी - વાસક્ષેપ રાખવાનું પાત્ર

धूपधाणुं - ધૂપદાની

केलि - ક્રીડા

निवेदियां - નૈવેદ્ય

ठवणायरिय - સ્થાપનાચાર્ય

पडिवज्युं नहीं - અંગીકાર કર્યું નહીં.

ईर्या-समिति - ઇર્યા-સમિતિ-સંબંધી અતિચાર, બીજી સમિતિઓ તથા ગુપ્તિઓનાં નામ છે, ત્યાં પણ આવો જ અર્થ સમજવો.

तृण - ઘાસ

डगल - અચિત્ત માટીનાં ઢેફાં આદિ

जीवाकुल भूमिकाए - જીવથી વ્યાપ્ત ભૂમિ ઉપર

विशेषतः - ખાસ કરીને

જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર એ ત્રણ આચારનું પાલન પ્રથમ સામાન્ય રીતે કર્યું, કારણ કે એ ત્રણ

અતિચારની વાત સાધુ તથા શ્રાવકોને લગભગ એક-સરખી લાગુ પડે છે. હવે શ્રાવક-યોગ્ય અતિચારનું વર્ણન કરવાનું હોવાથી 'વિશેષતઃ' એવો શબ્દ-પ્રયોગ કરેલો છે.

क्षेत्रपाल - લૌકિક દેવ, જે અમુક ક્ષેત્રની રક્ષા કરે છે.

गोगो - નાગદેવ

आसपाल - આશા-દિશાને પાળનાર - ઈંદ્ર વગેરે દિક્પાલ દેવો.

पादर-देवता - ગામ-પાદરનાં દેવ દેવી

गोत्र-देवता - ગોત્રનાં દેવ-દેવી

ग्रह-पूजा - ગ્રહોની શાંતિ માટે કરવામાં આવતી પૂજા

विनायक - ગણેશ, ગણપતિ

हनुमंत - હનુમાન

सुग्रीव - પ્રસિદ્ધ રામ-સેવક

वालीनाह - એક ક્ષેત્રપાલનું નામ છે (આબૂતીર્થની સ્થાપનામાં મંત્રીશ્વર વિમલને જેણે વિઘ્ન કર્યું હતું, જે પાછળથી વશ થયો હતો.)

जूजूआ - જુદા જુદા

आतंक - સંતાપ, રોગ, ભય

सिद्ध - લોકમાં 'સિદ્ધ' તરીકે ઓળખાતા.

विनायक - તે નામના એક લૌકિક દેવ, ગણેશ

जीराउला - મિથ્યાત્વી દેવ (તીર્થ) વિશેષ.

भरडा - એક જાતના બાવા

(શિવ-ભક્ત એક જાત. જેની મૂઢતા-સંબંધમાં 'ભરટકદ્વાત્રિંશિકા' વગેરેમાં કથાઓ છે.)

भगत - દેવીને માનનારા અથવા લોકમાં એવા નામે ઓળખાતા,

પાઠાંતરે 'भगवंत' શબ્દ છે.

लिंगिया - સાધુનો વેશ ધારણ કરનારા

जोगीया - જોગી તરીકે ઓળખાતા બાવા

जोगी - યોગ-સાધના કરનારા

दरवेश - મુસલમાન ફકીર

પાઠાંતરે 'दूरवेश' શબ્દ છે.

भूलाव्या - ભોલવાણા

संवच्छ(त्स)री - મરી ગયેલાની વાર્ષિક તિથિએ બ્રાહ્મણ વગેરેને ભોજનાદિક કરાવવું તે.

माही-पूनम - માહ માસની પૂનમ. તે દિવસે વિશિષ્ટ વિધિથી સ્નાન કરવામાં આવે છે.

अजा-पडवो – (आजो पडवो) - આસો માસની સુદિ એકમનો દિવસ, જ્યારે આજો એટલે માતામહનું શ્રાદ્ધ કરવામાં આવે છે. (વ્રજરાજ પૃ. ૪૪)

प्रेत-बीज - કાર્તિક માસની સુદિ બીજ, જે યમ-દ્વિતીયા પણ કહેવાય છે.

गौरी-त्रीज - ચૈત્ર માસની સુદિ ત્રીજ, જ્યારે પુત્રની ઇચ્છાવાળી સ્ત્રીઓ ગૌરીવ્રત કરે છે.

विनायक-चोथ - ભાદરવા સુદિ ચોથનો દિવસ. જ્યારે વિનાયક એટલે ગણપતિની ખાસ પૂજા થાય છે. તેને ગણેશચતુર્થી પણ કહે છે.

नाग-पंचमी - શ્રાવણ સુદિ પાંચમનો દિવસ કે જ્યારે નાગનું ખાસ પૂજન થાય છે. કેટલાક શ્રાવણ વદિ પાંચમને પણ નાગપંચમી માને છે.

झीलणा-छट्ठी- શ્રાવણ વદિ છઠ્ઠ, જેને રાંધણ છઠ્ઠ પણ કહે છે.

शील सातमी - શ્રાવણ (વદિ) સાતમનો દિવસ, જ્યારે ઠંડી રસોઈ ખાવામાં આવે છે, તથા શીતલાદેવીની પૂજા કરવામાં આવે છે.

ध्रुव-आठमी - ભાદરવા સુદિ આઠમ, જે દિવસે સ્ત્રીઓ ગૌરીપૂજન વગેરે કરે છે.

नौली-नोमी- (નકુલા-નવમી) શ્રાવણ સુદિ નવમીનો દિવસ.

अहवा दशमी - (અવિધવા) દશમી

व्रत अग्यारशी - એકાદશીનાં વ્રત

वच्छ-बारसी - આસો વદિ બારસ

धन तेरसी - આસો વદિ ૧૩નો દિવસ, જે દિવસે ધન ધોવામાં આવે છે તથા તેની પૂજા કરવામાં આવે છે.

अनंत-चउदशी - ભાદરવા સુદિ ચૌદશનો દિવસ.

आदित्यवार - રવિવાર. ગ્રહ-પીડાદિ દૂર કરવા માટે અમુક રવિવાર સુધી એકાસણાં કે ઉપવાસ કરવા તે.

उत्तरायण - મકર-સંક્રાતિનો દિવસ પાળવો તે.

नवोदक - વરસાદનું નવું પાણી આવે, તેથી ખુશાલીમાં મનાવવામાં આવતું પર્વ.

याग - યજ્ઞ કરાવવો તે

भोग - ઠાકોરજીને ભોગ ધરવો તે

उतारणां कीधां - ઉતાર કરાવ્યા

ग्रहण - સૂર્ય-ગ્રહણ કે ચંદ્ર-ગ્રહણનો દિવસ

शनैश्चर - શનિવારના દિવસે. (શનિવાર કરવા તે).

अजाणनां थाप्यां - અજાણ મનુષ્યોએ સ્થાપેલાં

अनेराइ - બીજાં પણ

व्रत-व्रतोलां - નાનાં મોટાં વ્રતો.

आगर - ખાણ, જથ્થો, સમૂહ

इस्या - આવા

भोग वांछित - ભોગની વાંછાથી

खीण वचन - દીનતાવાળાં વચન બોલીને.

दाक्षिण्य-लगे- દાક્ષિણ્યથી વિવેકથી, લોક-લજ્જાના કારણે

गाढो घाव घाल्यो - ઘણો માર માર્યો

तावडे - તડકે

खजूरा - કાનખજૂરા

सरवला - જંતુ-વિશેષ

साहतां - પકડતાં

विणट्ठा - નાશ પામ્યાં

निर्ध्वंसपणुं - નિર્દયતા

झील्या - નાહ્યા

कुणही प्रत्ये - કોઈને

मंत्र - મંત્રણા

आलोच - આલોચના-વિચારણા

अनर्थ पाडवा - કષ્ટમાં મૂકવા

थापण-मोसो कीधो - થાપણ ઓળવી

कडकडां मोड्यां - તિરસ્કારથી કાકડા-ટચાકા ફોડ્યા.

अणमोकली - સામાએ મોકલ્યા વિના, ધણીએ આપ્યા વિના.

वहोरी - ખરીદ કરી

संबल - ભાતું

विरुद्ध-राज्यातिक्रम कीधो - રાજ્યના કાયદાથી વિરુદ્ધ રીતે વર્ત્યા

लेखे वरांस्यो - લેખામાં ઠગ્યો. હિસાબ ખોટો ગણાવ્યો

साटे लांच लीधी - સાટું કરતાં લાંચ લીધી.

कूडो करहो काढ्यो - ખોટો વટાવ કાપ્યો

पासंग कूडां कीधां - ધડો ખોટો કર્યો

पासंग - એટલે ધડો કાઢવા માટે એક તરફ મૂકાતું વજન.

शोक्य तणे विषे - શોકયના સંબંધમાં

दृष्टि-विपर्यास कीधो - કૂડી નજર કરી

घरघरणां - નાતરાં

सुहणे - સ્વપ્નમાં

नट - નૃત્ય કરનાર, વેશ કાઢનાર

विट - વેશ્યાનો અનુચર, યાર, કામુક

हांसुं कीधुं - હાંસી કરી

मूर्च्छा लगे - મૂર્છા લાગવાથી, મોહ થવાથી

पाठवणी - પ્રસ્થાન માટે મોકલવાની વસ્તુ

एक गमा - એક બાજુ

हुंती - સંબંધી

ओला - ચણાના શેકેલા પોપટા

उंबी - ઘઉં, બાજરી, જવ વગેરે ધાન્યનાં શેકેલાં ડુંડાં-ડુંડી

पोंक - જુવાર-બાજરીનાં કણસલાંને શેકી-ભૂંજીને કાઢેલાં કણ

पापडी - વાલની શિંગ, વાલોળની એક જાત

વાઘરડાં - તદ્દન કૂણાં ચીભડાં

વાસી- આગલા દિવસનું, વધારે વખત રહેવાથી બગડી ગયેલું

वासिय - (पर्युषित वासित) - પરથી વાસી શબ્દ બનેલો છે.

આ વિશેષણ કઠોળ, પોળી અને રોટલી એ ત્રણેને ઉદ્દેશીને વપરાયેલું છે.

ओदन - રાંધેલા ચોખા

करहा - કરા

महोर - આંબા વગેરેનો મહોર (મોર)

आंबल बोर - મોટાં બોર

लगभग वेलाए - સૂર્ય અસ્ત થવાના સમયે

वालु - સાંજનું ભોજન

शीराव्या - શીરામણી કરી, સવારનો નાસ્તો કર્યો.

रांगण - રંગ-કામ કરાવ્યું.

लिहाला कराव्या - કોયલા પડાવ્યા

दलीदो कीधो - તલ, ગોળ અને ધાણી ભેગી કૂટીને સાની બનાવી

अंगीठा - સગડી, ભાઠા કે ચૂલા.

सालही - વનનો પોપટ, મેના

खरकर्मादिक - ઘણી ઉગ્ર હિંસા થાય તેવાં કામો

संधूक्या - ફૂંકીને સળગાવ્યા

कंदर्प लगे - કામવાસનાથી

विट चेष्टा - હલકી શૃંગાર-ચેષ્ટા

तांत - નિન્દા (પારકી પંચાત)

(ચીકણા તાર તાંત કહેવાય, તેના પરથી જ વાત ખૂબ ચીકાશ કરીને ફરી ફરી કહેવામાં આવે, તેને પણ તાંત કહે છે.)

निसाह(र) - ચટણી વગેરે વાટવાની શિલા

दाक्षिण्य लगे - દાક્ષિણ્યથી, શરમથી

अंघोले - સામાન્ય સ્નાન કરતાં

न्हाणे - વિધિપૂર્વક સ્નાન કરતાં

दांतणे - દાતણ કરતાં

पग-धोअणे - પગ ધોતાં

खेल - બળખો

झीलणे झील्या - તળાવમાં નાહ્યા

संभेडा लगाड्या - કજિયા કરાવ્યા

हुडु - ઘેટા, બોકડા

झूझार्या - લડાવ્યા

खादी लगे - ખાદ જવાથી - હારી જવાથી

आली - લીલી

आहट्ट-दोहट्ट - આર્ત રૌદ્ર પ્રકારનું, ગમે તેવું, ખરાબ

उज्जेही - પ્રકાશ

आभड्यां - સ્પર્શ્યાં

अणपूग्युं - પૂર્ણ થયા વિના

छतुं - પ્રકટ

बाहिरलां - બહારનાં

लहुडां वडां स्थंडिल - લઘુનીતિ અને વડી નીતિ (મલમૂત્ર) કરવા માટેની ભૂમિ.

'अणुजाणह जस्सुग्गहो' - જેમના અવગ્રહમાં જગા હોય, તે મને વાપરવાની અનુજ્ઞા આપો.

वोसिरे - ત્યાગ કરું છું.

पोरिसीमांहि - રાત્રિને પહેલે પહોરે

असूरो लीधो - મોડો ગ્રહણ કર્યો

सवेरो - વહેલો

बुद्धे - બુદ્ધિથી

टली - બીજે કામ ગયા

क्षीण - દુઃખી

अनुकंपा-दान - દયાની લાગણીથી પ્રેરાઈને દાન આપવું તે.

फेड्यो नहि - અટકાવ્યો નહિ

काचुं पाणी - ત્રણ ઉકાળા વિનાનું કે અચિત્ત કર્યા વિનાનું પાણી

लेखां शुद्धे - પૂરી ગણતરીપૂર્વક

निरादरपणे - આદર વિના, બહુમાન વિના

नाणाइ अट्ठ - જ્ઞાનાદિક આઠ. એટલે જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર; એ દરેકના આઠ આઠ. કુલ ચોવીશ.

पइवय - પ્રતિવ્રત, દરેક વ્રતના, સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ આદિ બારે વ્રતના.

सम्म-संलेहण - સમ્યક્ત્વ તથા સંલેખનાના

पण - પાંચ

બાર વ્રત, સમ્યક્ત્વ અને સંલેખના એ દરેકના પાંચ પાંચ, એટલે કુલ સિત્તેર.

पन्नर-कम्मेसु - પંદર કર્માદાનના પંદર

बारस-तव - બાર પ્રકારના તપના બાર

वीरिअतिगं - વીર્યાચારના ત્રણ

चउवीस सयं अईआरा - એ રીતે કુલ એકસો ને ચોવીસ અતિચારો

૨૪ + ૭૦ + ૧૫ + ૧૨ + ૩ = ૧૨૪

प्रतिषेध(षिद्ध) - નિષિદ્ધ કરેલા,

कुमति-लगे - ખોટી બુદ્ધિથી

चिहुं - ચાર

● ● ●

KIRIT GRAPHICS
09898490091